વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
જાન્યુઆરી - ૨૦૨૪
અંક : ૫૪૮

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૪)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર








: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

● શુભેચ્છા સહ ●



# પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬



**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in





**SKYBLUE**
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**





## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com



● શુભેચ્છા સહ ●



# અનિલ પાસુભાઈ શાહ નંદ

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫


સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ


એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# ડૉ. તિવેન મરવાહનાં આરોગ્યલક્ષી પુસ્તકો




- કૂદકે ને ભૂસકે વધી રહેલા ડાયાબિટીસ વિશેની સાચી સમજણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી વિષમતાઓ વિશે સરળ ભાષામાં વિવરણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી તકલીફો અટકાવવા માટેના સચોટ ઉપાયો
- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત

## ડાયાબિટીસની કડવી-મીઠી વાતો

- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત
- ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન વિશેની સાચી સમજણ
- કુદરતી અને કૃત્રિમ મીઠાશ આપનાર તત્ત્વોની વૈજ્ઞાનિક છણાવટ
- મીઠા પદાર્થોની ડાયાબિટીસ અને ઓબેસિટી ઉપરની અસરોનું તલસ્પર્શી વિશ્લેષણ
- મીઠાશ અને મીઠા પદાર્થો વિશેની સાચી-ખોટી માન્યતાઓની સુસ્પષ્ટતા




## ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન – કેટલાં મીઠાં, કેટલાં કડવાં?

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

NAVNEET®

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ઈ.સ. ૨૦૨૪ના આગમન સમયે ........ **અશોક મહેતા**...... ૭

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૧ : સત્તા અને સંપર્કનો સચોટ ઉપયોગ ........ ૯

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૧ : સરદાર ઉધમસિંહ ........ ૧૦
- કચ્છ ધરાની વિસ્તૃત વિરાસત : સેલોર વાવ ........ **લેખક : રમણિક ઝાપડિયા**..... ૧૧
  **પ્રેષક : સંજય પી. ઠાકર**

**રણ સરોવર**

- રણોત્સવ પછી રણ સરોવર : પ્રવાસન સાથે વિકાસયાત્રાને આહવાન ........ **ડૉ. નાનક ભટ્ટ**..... ૧૩

**વ્યક્તિ વિશેષ**

- નેતાજી સુભાષચંદ્ર બોઝ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૧૪
- આગાહીવાળા અંબાલાલ પટેલ ........ ૧૭

**તંદુરસ્તી**

- માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-૨ ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૧૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- બાળકોના શારીરિક અને માનસિક વિકાસને અટકાવતી બીમારીઓ ........ **ડૉ. પ્રાચી શાહ**..... ૨૦

**તીર્થ દર્શન**

- દર્શન-૪૪ : શ્રી કર્ણાવતી તીર્થ
- દર્શન-૪૫ : શ્રી માતર તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૨૨

**લઘુકથા**

- સ્વપ્ન ........ **મણિલાલ ડી. રૂઘાણી**..... ૨૩

**અન્ય સંસ્થાઓના સમાચાર**

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૫

**નિયમિત વિભાગો**

- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૯ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી**..... ૨૭
- *Nano Nine* શબ્દ રમત-૨૦૨ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૨૯
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૬૦) ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૩૧
- આંજો કાગર ........ ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૩૩
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૭
- ઉડતી નજરે ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૩૯
- અતીતના ઓવારેથી... : મણકો-૯. ........ **અશોક મહેતા**..... ૪૦
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૮ : ડૉ. હિમાંશુ શાહ ........ **અશોક મહેતા**..... ૪૩

  મણકો-૮A : ડૉ. હિમાંશુ શાહ ........ **પ્રો. પીયુષ**..... ૪૪


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૪૯
- જાહેર આમંત્રણ : શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૨૪ : ધ્વજ વંદન કાર્યક્રમ ........ ૫૨
- પરમકૃપા મેડિકલ સેન્ટર દ્વારા યોજવામાં આવેલ મેડિકલ કેમ્પ ........ ૫૩
- વયસ્ક સમિતિ ........ ૫૪
- મેરેજ બ્યુરો સમિતિ ........ ૫૫
- સાભાર સ્વીકાર ● અવસાન નોંધ ........ ૫૬
- મેડિકલ કાર્ડ ન લઈ જનાર સભ્યોની યાદી ........ ૫૬
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૫૭
- વસ્તીપત્રક ........ ૫૮
- વસ્તીપત્રક માટે ભરવાનું ફોર્મ ........ ૫૯


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- ભૂખ, સુખ, દુઃખ ........ **રણજિતસિંહ રાણા**..... ૧૨
- મેરા ભારત મહાન ........ **મણિલાલ રૂઘાણી**..... ૧૨
- મારું અને તારું ........ **રમીલા પી. મહેતા**..... ૨૩
- બારણે ટકોરા મારશે કાળ ........ **ભૂપેન્દ્ર ત્રિવેદી**..... ૨૪
- શા ને? ........ **મનીષા અજય વીરા 'મન'**..... ૨૪
- ચાલ હવે ........ **અલ્પ ત્રિવેદી**..... ૨૪
- ધોરાડો ........ **પ્રભુલાલ સિધ્ધપુરા**..... ૨૪
- ચાડિયો ........ **દીપક જગતાપ**..... ૨૯
- થા ઉભો! ........ **યુસુફ મીર**..... ૩૬
- ટેક હોય છે ........ **કેતના છેડા 'કેતુ'**..... ૩૬
- ગઝલ ........ **અંકિતા મારૂ 'જીનલ'**..... ૩૬
- દરિયો થયાનો વ્હેમ ........ **દીપક જગતાપ**..... ૫૩


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

*વિશ્વાસ અને સત્ય એ સંબંધના બે વિશ્વાસપાત્ર થાંભલા છે.*
*જો તમે કોઈ વ્યક્તિ પર વિશ્વાસ ના રાખો,*
*તમે સત્ય ના બોલો અને તમે સત્ય સાથે ઉભા ના રહો,*
*તો કોઈ પણ વ્યક્તિ તમારામાં વિશ્વાસ મૂકી શકશે નહીં.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# ઇ.સ. ૨૦૨૪ના આગમન સમયે...



અશોક મહેતા

*રવિવાર, તા. ૩૧ ડિસેમ્બરના રોજ ઈ.સ. ૨૦૨૩ને વિદાય આપી સોમવાર, તા. ૧ જાન્યુઆરીના રોજ ખ્રિસ્તી સમાજના નૂતન વર્ષ ૨૦૨૪ને સમગ્ર દુનિયાએ આવકાર આપેલ છે. આ સમયે નાતાલની પણ સમગ્ર દુનિયાના મોટાભાગના દેશોએ ઉજવણી કરી, ફરીથી દુન્યવી રફતાર શરૂ કરી દીધેલ છે. આજથી દોઢેક મહિના અગાઉ ભારતમાં પણ વિક્રમ સંવત ૨૦૭૯ને વિદાય આપી સંવત ૨૦૮૦ને આવકાર આપવામાં આવેલ હતો. એ સમયે સમગ્ર ભારતમાં દીપોત્સવી તહેવાર રંગેચંગે ઉજવાઈ ગયેલ હતો.*

*એક તરફ રૂટીન કાર્યવાહી શરૂ કરી દેવામાં આવેલ છે, જ્યારે અન્ય તરફ કોરોના મહામારી ફરી ત્રાટકે તેવો ભય લોકોને સતાવી રહેલ છે. ભારતમાં કેરાલાથી શરૂ કરી, તે અન્ય રાજ્યોમાં ફેલાતી જાય છે. એક્ટીવ કેસની સંખ્યાના પ્રમાણમાં ભારત દેશમાં ગુજરાત પાંચમા ક્રમાંકે હાલે પસાર થઈ રહેલ છે. અગમચેતી સ્વરૂપે અમદાવાદની હોસ્પિટલોને આ મહામારીને નાથવા માટે સજ્જ કરવામાં આવી રહેલ છે.*

*તાજેતરમાં જ સમાચાર આવેલ છે કે ગાંધીનગરની ગિફ્ટ સિટીમાંથી દારૂબંધી ઉઠાવી લેવામાં આવેલ છે. ગાંધીના ગુજરાતના મોટાભાગના લોકોને આ વાત ગળે ઉતરેલ નથી. તેઓ માને છે કે ગુજરાતમાંથી દારૂબંધી ઉઠાવી લેવાનું આ પ્રથમ પગલું છે. આવતા દિવસોમાં ગુજરાતમાંથી સંપૂર્ણપણે દારૂબંધી નાબૂદ કરવા માટેનો આ લીટમસ ટેસ્ટ બની રહેશે. દિવસા દિવસ ગાંધીના ગુજરાતની વિચારસરણી બદલાતી રહેવાના આ એંધાણ છે.*

*જે.એસ.ડબલ્યુ. સ્ટીલના મેનેજિંગ ડાયરેક્ટર અને ટોચના ઉદ્યોગપતિ સજ્જન જીંદાલ અને કેડિલાના સી.એમ.ડી. રાજીવ મોદી જેવા ભારતના અવ્વલ નંબરના ઉદ્યોગપતિઓ સામે બળાત્કારની જે ફરિયાદો કોર્ટમાં આવી રહી છે તેની સામે દૃષ્ટિ કરીએ તો ભારતમાં સાધનસંપન્ન લોકો જે રીતે આગળ વધી રહ્યા છે તેની વિગતો જાણી કોઈને પણ ખિન્નતા ઊભી થાય તે સ્વાભાવિક છે. સમાજના કોઈ પણ ક્ષેત્રના આગેવાનોની ફરજ બની રહે છે કે તેઓ સમાજની દોરવણી નૈતિક રીતે જ આગળ ધપાવે. આ સમય અગાઉ ધર્મગુરૂઓના પણ આ પ્રકારના દાખલાઓ નોંધાયેલ હતા. આ પ્રકારનું કલ્ચર સમાજની ગતિવિધિનું પ્રતિબિંબ પૂરું પાડે છે.*

*ભારતના સત્તા પક્ષના અને વિરોધ પક્ષના સાંસદોના વ્યવહારથી પ્રજા આશ્ચર્ય અનુભવી રહેલ છે. તા. ૧૪-૧૧ના ૧૩ સાંસદ, તા. ૧૫-૧૧ના ૧ સાંસદ, તા. ૧૭-૧૧ના ૭૮ સાંસદ અને તા. ૧૮-૧૧ના ૪૯ સાંસદ – એમ ટોટલ ૧૪૧ સાંસદોને આ સેશનના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવેલ છે. આ સાંસદો પ્રજામાંથી આવે છે અને પ્રજાનું જે કલ્ચર છે તેનું આ પ્રતિબિંબ છે. લાગે છે કે ભારત હજુ જંગલી લડાયક અવસ્થામાંથી બહાર આવેલ નથી. લડાયક વર્તનના બદલે જે કહેવું છે તે શાંતિની ભાષામાં કહી શકાય છે કે જ્યારે અન્ય પક્ષે પણ સત્તાની મગરૂરીના દર્શન કરાવ્યા છે. હાલની આ સંસ્કૃતિમાંથી બહાર આવતા હજુ વધુ સમય લાગશે તેવું દેખાઈ રહેલ છે.*

*તાજેતરની IPLની હરાજીમાં મિચેલ સ્ટાર્કને રૂા. ૨૪.૭૫ કરોડમાં અને પેટ કમિન્સને રૂા. ૨૦.૫૦ કરોડમાં એક વર્ષ માટે ખરીદાતા, આ હકીકત આપણને આશ્ચર્ય પમાડે છે. આજ રીતે ફુટબોલ, હોકી, બેડમિન્ટન જેવી રમતોના અવ્વલ નંબરના રમતવીરને પાંચ, પચ્ચીસ કે પચાસ લાખ કે કરોડોની રકમ મળતી રહે છે. ભારતની*

અનેક કંપનીઓ વિવિધ પ્રકારની રમતોની પોતાની ટીમ બનાવે છે અને સારા પ્લેયર્સને ખરીદી, પોતાની ટીમ મજબૂત બનાવતી રહે છે. પરિણામે યુવાનોમાં રમત-ગમત પ્રત્યે આકર્ષણ વધતું જાય છે. જે રીતે યુવકો ડૉક્ટર કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે અન્ય ક્ષેત્રના એક્સપર્ટ બનવા કોશિશ કરે છે, એ રીતે હવે ભારતમાં કેટલાક યુવકો ફુટબોલ કે હોકી કે બેડમિન્ટન જેવી રમતના એક્સપર્ટ બનવા કોશિશ કરે છે અને તે રમતને જ પોતાની કેરિયર તરીકે પસંદ કરે છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ એક હકારાત્મક નિશાની છે.

કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવી લેવાનો જે નિર્ણય અગાઉ સંસદે લીધેલ હતો તેને કાયદાકીય દૃષ્ટિએ સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવેલ છે. તેથી ભારતના મોટાભાગના લોકોની લાગણી સંતોષાયેલ છે. હવે પછીથી અનેક દિશાએથી પ્રગતિ કરવાની તકો કાશ્મીરમાં સર્જાઈ શકશે. જે રીતે ઈઝરાયેલે હમાસના હુમલાને ખાળવા ગાઝા પટ્ટી પર આક્રમણ કર્યું એ રીતે પ્રેરાઈને પાકિસ્તાનના આતંકીઓનો નાશ કરવા ભારતીય લશ્કર કદાચ પી.ઓ.કે.માં ધસી જઈને આતંકીઓનો તો સફાયો કરે પરંતુ પી.ઓ.કે.ને પરત મેળવવા પૂરતા પ્રયાસો આદરે તો નવાઈ નહીં કહેવાય.

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા ભગવાન શ્રીકૃષ્ણની દ્વારીકા નગરીના નંદધામ પરિસરમાં ૧.૫૦ લાખથી વધુ આહિર સમુદાયની ઉપસ્થિતિ વચ્ચે ૩૭,૦૦૦ આહિરાણીઓએ મહારાસ ખેલ્યો અને દ્વારીકા જેવા સ્થળે શાંતિયાત્રા કાઢી, એ સમાચારે સમગ્ર ગુજરાતમાં અને કંઈક અંશે ભારતભરમાં આનંદ આનંદ ફેલાવી દીધેલ છે. દેશભરના અન્ય સમાચારોની ઉપસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિના આ સમાચારે ખૂબ જ આનંદ અને રાહતની લાગણી ફેલાવી દીધેલ છે.

ઉપરોક્ત બનાવોને નજર સમક્ષ રાખીને ભારતના પ્રજાજનની નાની નાની સંસ્થાઓએ યોગ્ય રીતે નૈતિકતાને જાળવી પ્રજાની સંસ્કૃતિ, સેવાની ભાવના અને ઉચ્ચ આદર્શોને વિકસાવવા નિરંતર પ્રયાસો કરવા જોઈએ. અમે આજે એ વાતને ગર્વપૂર્વક કહી શકીએ છીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ છેલ્લા ૫૦થી પણ વધુ વર્ષોથી આ દિશામાં આગળ વધી રહેલ છે અને આવતા દિવસોમાં તે ભારતભરની અણમોલ અને નૈતિકરૂપની સંસ્થા તરીકે આ પ્રકારની અન્ય સંસ્થાઓની હરોળમાં ગૌરવપૂર્વક પોતાનું નામ નોંધાવી શકશે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## આત્મહત્યા – વિચારવાલાયક પ્રશ્ન

★ ઈ.સ. ૨૦૨૨ના રાષ્ટ્રીય અપરાધના આંકડા બહુ જ નિરાશાજનક છે. સૌથી આશાજનક આંકડાઓ પૈકી એક એ છે કે ગયા વર્ષે દેશભરમાં દરરોજ સરેરાશ ૫૦૦ જેટલી આત્મહત્યાઓ થઈ હતી.

★ ઈ.સ. ૨૦૨૨ના વર્ષમાં આત્મહત્યા કરનારાઓમાંથી એક તૃતિયાંશ ખેડૂતો અને રોજમદાર મજૂરો હતા. ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ હતા, એ બીજું સૌથી મોટું જુથ છે.

★ ઈ.સ. ૨૦૨૨ના વર્ષની કુલ આત્મહત્યાઓમાંથી યુવાનોનો હિસ્સો ૩૫ ટકા હતો.

★ ઈ.સ. ૨૦૨૨ના વર્ષમાં લગભગ ૩૫% આત્મહત્યા ૧૮થી ૩૦ વર્ષની વયના લોકો દ્વારા કરવામાં આવી હતી.

★ ચાલુ વર્ષે ૨૩ વિદ્યાર્થીઓએ કોટામાં આત્મહત્યા કરેલ છે.

***(ગુજરાત સમાચાર, તા. ૭-૧૨-૨૦૨૩)***

## ૧૧મી ડિસેમ્બરે જેમની પુણ્યતિથિ હતી તેવા કવિ રામચંદ્ર નારાયણજી દ્વિવેદી 'પ્રદીપજી'ની કેટલીક રચનાઓ

★ એટમ બમોં કે જોર પે બૈઠી હૈ યે દુનિયા
બારૂદ કે ઈક ઢેર પે બૈઠી હૈ યે દુનિયા
તુમ હર કદમ ઉઠાના જરા દેખભાલ કે,
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સમ્હાલ કે.

★ અય મેરે વતન કે લોગોં,
જરા આંખ મેં ભર લો પાની,
જો શહીદ હુએ હૈં ઉનકી,
જરા યાદ કરો કુરબાની.

★ કહની હૈ એક બાત હમેં ઈસ દેશકે પહેરેદારોં સે,
સમ્હલકે રહના અપને ઘરમેં છીપે હુએ ગદ્દારોં સે.

પ્રેરણાત્મક પ્રસંગો

મણકો-૧

# સત્તા અને સંપર્કનો સચોટ ઉપયોગ

*'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૨૪ના અંકથી આપણે ''પ્રેરણાત્મક પ્રસંગો''ની નવી સીરીયલ ચાલુ કરીએ છીએ.*

*આશા રાખવામાં આવે છે કે 'મંગલ મંદિર'નો વાચક વર્ગ આ સિરીઝના પ્રસંગોથી જરૂર અભિભૂત થઈ શકશે.*

*આ સિરીઝના પ્રથમ મણકામાં જે વિગતની રજૂઆત કરવામાં આવેલ છે તેની વિગતો ભુજની માનવ જ્યોત સંસ્થાના કાર્યને અનુરૂપ જ રહેવા પામેલ છે તેની નોંધ લેવા સહુને વિનંતી કરવામાં આવે છે.*

*ભુજની 'માનવ જ્યોત' સંસ્થાના કાર્યો અવારનવાર 'મંગલ મંદિર'ના 'અન્ય સંસ્થાઓના સમાચાર' વિભાગમાં પ્રસારીત કરવામાં આવે છે.*

*– તંત્રી મંડળ*

એપ્રિલ ૨૦૧૯ની વાત છે. અમદાવાદના બોપલ સ્થિત ચિલ્ડ્રન હોમ 'અપના ઘર'માં એક રાજકીય આગેવાન મુલાકાતે આવ્યા. સંચાલકો દ્વારા તેમણે જાણ્યું કે ૧૩ માસ પહેલા એક વિકાસ દાસ નામનો સાત વર્ષનો બાળક આસામ બાજુથી વિખૂટો પડી ગુજરાતમાં અહીં આવી પહોંચ્યો હતો.

રાજકીય આગેવાનને તે બાળકને મદદરૂપ થવાની ભાવના જાગી. તેમણે તરત જ આસામના તે વખતના નાણાંપ્રધાન હેમંતા બિશ્વાસને ફોન કરી આસામના આ બાળકની વિગત જણાવી. હેમંતા બિશ્વાસે સેલફોન પર જ તેના માતા-પિતા વિશે અને તે ક્યાંનો રહેવાસી છે તે વિશે જાણવાનો પ્રયાસ કર્યો પણ ૧૩ માસથી અહીંના બાળકો સાથે રહેતો વિકાસ પોતાની માતૃભાષા ભૂલી ગયો હતો.

અમદાવાદના રાજકીય આગેવાને પોતાના સેલફોનમાં વિકાસનો વીડિયો શૂટ કરી આસામના નાણાંપ્રધાનને મોકલી આપ્યો. હેમંતા બિશ્વાસે પણ તરત જ આ વીડિયોને પ્રચાર પ્રસારના માધ્યમોમાં ફરતો કર્યો. સ્થાનિક ટી.વી. ન્યુઝ ચેનલ 'ન્યુઝ લાઈવ' પર પણ પ્રસારિત કર્યો. આશ્ચર્ય વચ્ચે વિકાસના માતા-પિતા સુધી આ વીડિયો પહોંચી ગયો.

વિકાસના માતા-પિતા ગુવાહાટીમાં ન્યુઝ ચેનલના કાર્યાલય પર પહોંચ્યા. વીડિયોમાં દેખાઈ રહેલો બાળક પોતાનો જ છે તે માટેના દસ્તાવેજી પુરાવા પણ તેમણે રજૂ કર્યા. તા. ૨૪-૪-૨૦૧૯ તારીખે બાળક અને માતા-પિતાની લાઈવ વીડિયો દ્વારા મુલાકાત કરવામાં આવી. બંને એકબીજાને ઓળખી ગયા.

પોતાની સત્તા અને સંપર્કનો સાચો ઉપયોગ કરી આ રાજકીય આગેવાને ભારતના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના અશક્ય જણાતાં મિલનને શક્ય બનાવ્યું. ■

## ઊંધિયું બનાવો

મિત્રોની ટોળી આમ ઊંધિયા જેવી હોય છે
કોઈ બટાકા જેવા ભલા ને સ્વાદિષ્ટ,
બધામાં ભળે ને સ્વાદ વધારે.
કોઈ રીંગણ જેવા, કોઈને ભાવે ને કોઈને જરાય નહીં
તો કોઈ પાપડી જેવા, સીઝનમાં જ મળે.
કોઈ કેળા જેવા મીઠા,
તો કોઈ મેથી જેવા કડવા પણ ગુણકારી...
કોઈ વળી વાલ જેવા વાયડા,
તો કોઈ સૂરણ ને રતાળુ જેવા,
રોજ ના ખવાય, પણ ઉપવાસમાં ચાલે
ને ઊંધિયામાં તો જોઈએ જ.
કેટલાક મરચા જેવા તમતમતા,
એકલા ભારે પડી જાય પણ જો સૌની સાથે હોય
તો સ્વાદની મજા જ જુદી...

***આપ સૌને શિયાળાની શુભેચ્છા....***

***– નવનીત પટેલ***

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૧ : સરદાર ઉધમસિંહ

*ભારતમાં વિદેશી શાસનના અંત અને સ્વતંત્રતાના ઉદયને ૭૫ વર્ષ પૂરા થયા. સ્વાધીનતા પ્રાપ્તિ માટે અનેક શૂરવીરોએ પોતાની જાતની આહૂતિ આપેલ હતી. આજે આ શૂરવીરોને આપણે યાદ કરીએ, એ આપણી પ્રજા માટે ખાસ જરૂરી છે.*

*ઉપરોક્ત હેતુને અનુસરીને "હિંદુ આધ્યાત્મિક એવં સેવા સંસ્થાન" પ્રેરીત "સાંસ્કૃતિક તેમજ નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ" દ્વારા અગણિત સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધામાંથી ૭૫ જેટલા પસંદ કરાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓની જીવન ઝરમર એક પુસ્તક દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામથી ૧૯૪૭ સુધીમાં પોતાનું સર્વસ્વ નોચ્છાવર કરનાર ૭૫ પ્રતિભાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.*

*'મંગલ મંદિર'ના જાન્યુઆરી ૨૦૨૪ના અંકથી આપણે એક પછી એક આ પ્રતિભાઓની જીવનગાથાનું અધ્યયન કરીશું.*

*– તંત્રી મંડળ*

## સરદાર ઉધમસિંહ

*જન્મ : ૧૬ ડિસેમ્બર, ૧૮૯૯ • વીરગતિ : ૩૧ જુલાઈ, ૧૯૪૦*

ઉધમસિંહનું માતા-પિતાએ આપેલું નામ શેરસિંહ હતું. તેઓ પોતાને રામ મહંમદસિંહ આઝાદ કહેવડાવવાનું પસંદ કરતા હતા. તેમનો જન્મ ૧૬ ડિસેમ્બર, ૧૮૯૯માં પંજાબના સંગરૂપ જિલ્લાના સુનામગામમાં થયો હતો. વીર ઉધમસિંહ ૮ વર્ષના હતા ત્યારે તેમના માતા-પિતાનું મૃત્યુ થતાં અનાથ બની ગયા. અનાથાશ્રમમાં મોટા થયા. અનાથાશ્રમમાં તેમનું નામ ઉધમસિંહ પડ્યું. ૧૯૧૯ના જલિયાંવાલા બાગમાં થયેલ અમાનુષી નરસંહારના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા. ત્યાં તેઓ બધાને પાણી આપવાની સેવા કરી રહ્યા હતા. જનરલ ડાયર, કે જેના હુકમથી આ નરસંહાર થયો હતો તેને સેવાનિવૃત્તિ પછી લંડનમાં નાગરિક અભિનંદનથી નવાજવામાં આવ્યો અને ૨૦,૦૦૦ પાઉન્ડની રકમ ભેટ આપવામાં આવી. આ વાત ઉધમસિંહને કઠી રહી હતી. ઉધમસિંહે નરસંહાર પછી તરફડતા અને મરતા અહિંસાના દૂતોને જોયા અને ત્યારથી જ તેમણે જનરલ ડાયરને ખતમ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેઓ અન્ય ક્રાંતિકારીઓને મળ્યા. ગદર પાર્ટીના સભ્ય બન્યા અને સંકલ્પપૂર્તિ માટે ધન ભેગું કર્યું. કારણકે હથિયાર પણ જોઈતા હતા અને લંડન જવાનું હતું. તેમના આ પ્રયત્નને કારણે ગેરકાનૂની હથિયાર રાખવાના ગુનામાં તેમણે ૮ વર્ષ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેમ છતાં તેઓ પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. તેમનું લક્ષ્ય હતું લંડન પહોંચી જનરલ ડાયરને ખતમ કરવો. તેઓ ઝીમ્બાબ્વે, આફ્રિકા, બ્રાઝીલ તથા અમેરિકા થઈને ઈંગ્લેન્ડ પહોંચ્યા. ત્યાં કામ કરીને ધન એકત્ર કર્યું અને ૬ ગોળીઓવાળી રીવોલ્વર ખરીદી. એક વખત જનરલ ડાયર સામે મળ્યો પણ તેમણે વિચાર્યું કે તેને મારે ભરી સભામાં જ મારવો છે, તેથી જવા દીધો. આખરે ૧૩ માર્ચ, ૧૯૪૦માં એક સભાનું આયોજન થયું. જેનો મુખ્ય અતિથિ ડાયર હતો. એ સભામાં ઉધમસિંહ પહોંચી ગયા. પોતાની રીવોલ્વર પુસ્તકમાં સંતાડેલી રાખી હતી. તેઓ તકની રાહ જોતા હતા અને તેમને એ અવસર મળી ગયો. ખૂબ જ શાંતિથી તેઓ ડાયરની પાસે પહોંચ્યા. જનરલ ડાયર તેમને એક બે ક્ષણ એમ જ જોઈ રહ્યો અને ઉધમસિંહે ગુસ્સા સાથે રીવોલ્વરમાંથી ધડાધડ ગોળીઓ વરસાવી દીધી. જનરલ ડાયરનું ઢીમ ઢળી ગયું અને ઉધમસિંહનો સંકલ્પ પૂર્ણ થયો. સામે ચાલીને તેઓ પકડાયા અને આપણા દેશને સંદેશો આપ્યો કે રાષ્ટ્રના અપમાનનો બદલો લેવા હિંદુસ્તાની ક્રાંતિવીર કોઈ પણ હદે જઈ શકે છે. ડાયરની હત્યા બાદ તેમને પકડી લેવામાં આવ્યા હતા અને ૩૧ જુલાઈ, ૧૯૪૦ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી. લંડનની ધરતી પર આ મહાન ક્રાંતિવીરે પોતાના આત્માને મા ભારતીના ચરણે ધરી દીધો. ઉલ્લેખનીય છે કે, વર્ષો પછી જુલાઈ, ૧૯૭૪ના રોજ તેમનાં અસ્થિ ભારત લાવવામાં સરકારને સફળતા મળી હતી. ■

# કચ્છ ધરાની વિસ્મૃત વિરાસત : સેલોર વાવ

## એક અનન્ય દસ્તાવેજીકરણ

રમણિક ઝાપડિયા
• પ્રેષક •
સંજય પી. ઠાકર

★ *પ્રકાશક : કલાતીર્થ ટ્રસ્ટ, સુરત*
★ *કલાગંગોત્રી ગ્રંથ : ૧૩*
★ *કચ્છ ધરાની વિસ્તૃત વિરાસત - સેલોરવાવ સ્થાપત્ય*
★ *સંજય પી. ઠાકર*

ગુજરાતની કલાસંસ્કૃતિ ઘણી પ્રાચીન છે. ભારતીય સંસ્કૃતિ પરંપરા વિશ્વમાં અજોડ રહી છે. સદીઓ પૂર્વે માનવીય સંસ્કૃતિ નદી કાંઠે વસીને વિસ્તરીને ફૂલી-ફાલી અને કાળક્રમે વિસ્તરી છે. સાથે સાથે ભારતીય ઈજનેરી કૌશલ્યોમાં શિલ્પ સ્થાપત્ય પણ બેનમૂન છે અને પૌરાણિક કુંડ-વાવો, જળ સ્મારકો તાજના સાક્ષીની જેમ અડીખમ ઊભા છે. ભારતીય કલા સંસ્કૃતિનો વિકાસ નદી કાંઠે થયો છે. પાણીના પ્રવાહની જેમ પ્રત્યેક જીવનસૃષ્ટિ જળ વિના અધૂરી જ ગણાય. માનવજાતિના જીવનચક્રને જીવંત રાખવા માટે જે તે સમયના શાસકોએ ઠેર ઠેર વાવો, તળાવો તથા સરોવરોનું નિર્માણ કરી કૃષિ અને વન્ય સૃષ્ટિને હરિયાળી અને હરીભરી રાખવા માટે જળ મંદિરોનો અભિગમ અપનાવ્યો છે. વિશ્વમાં જળસંગ્રહ માટેના કીમિયાઓનો કથા-સંગ્રહ થાય તો ભારત જેવો પાણીદાર પ્રદેશ બીજો કોઈ ન મળે.

ભારતીય સંસ્કૃતિમાં જળને વિશેષ મહત્ત્વ અપાયું છે. તેથી જ આપણે ત્યાં જળ સંગ્રહની સેંકડો પદ્ધતિઓ છે. આ પદ્ધતિઓમાં વાવ એક અનોખી ભાત પાડે છે. ગુજરાતના પટ પર વાવ સંસ્કૃતિના પદચિહ્નો અંકિત છે. ગુજરાત એટલે નદીઓ, જળાશયો અને વાવ ધરાવતો પ્રદેશ છે. ભારત ભ્રમણ કરીને ઇતિહાસ-લેખન કરનારા સંખ્યાબંધ ઇતિહાસકારોના લખાણોમાં એવા ઉલ્લેખ જોવા મળે છે કે હિંદુસ્તાનના પ્રત્યેક ગામડાંમાં વટેમાર્ગુ અને ગ્રામજનોની જળ જરૂરિયાતને સંતોષી શકે તેવી વાવો અસ્તિત્વ ધરાવતી હતી.

પણ આજે હવે પરિસ્થિતિ પલટાઈ ચૂકી છે. બજારવાદના ભરડાને પગલે પાણી પડીકે વેચાઈ રહ્યું છે. ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જે સારું હતું તે પણ ગુમાવ્યું. નાના ગામડાંઓથી માંડીને મહાનગરોમાં જે વાવો અસ્તિત્વ ધરાવતી હતી તે આજે લગભગ ખંડેર બની ચૂકી છે.

વાવ સ્થાપત્ય માટે પણ અનેક સાહિત્ય ગ્રંથોમાં તેના ઉલ્લેખો આપણને પ્રાચીનકાળથી મળે છે. વાવ માટે સંસ્કૃત શબ્દ 'વાપી' પ્રયોજાતો જોવા મળે છે. આ વાપી નિર્માણ માટેના અનેક ઉલ્લેખો આપણને વાસ્તુશાસ્ત્રને લગતા સંસ્કૃત ગ્રંથોમાંથી મળે છે. જેમાં સમરાંગણ સૂત્રધાર, અપરાજિત પુષ્છા, રાજવલ્લભ, વાસ્તુસાર, માનસાર, મયમ, વિશ્વકર્મા શાસ્ત્ર વગેરેમાં સમાવેશ થાય છે. ભોજરાજાના સમયમાં (ઇ.સ. પૂર્વે ૧૦૧૦થી ૧૦૫૫) પ્રાચીન સમરાંગણ સૂત્રધારની રચના થઈ. વાસ્તુશાસ્ત્રમાં મળતાં વર્ણનો મુજબ વાવના ચાર પ્રકારો છે. જેમાં એક મુખ અને ત્રણ ફૂટવાળી "નંદાવાવ", બે પ્રવેશ અને છ ફૂટવાળી "ભદ્રાવવાવ", ત્રણ પ્રવેશ અને નવ ફૂટવાળી "જયાવાવ" અને ચાર પ્રવેશ અને બાર ફૂટવાળી "વિજયાવાવ." આમ છતાં વાવો વિદ્યમાન છે તેમાં મહદ્ અંશે ત્રણ, પાંચ અને સાત મજલાવાળી વાવો આપણને જોવા મળે છે. વાવ સ્થાપત્યની દૃષ્ટિએ ગૂર્જર કલાસંસ્કૃતિ નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

રાજ્ય પુરાતત્ત્વ ખાતાના ભૂતપૂર્વ નિયામકશ્રી મુકુંદ રાવલે પોતાના ગુજરાતના વાવ સ્થાપત્ય અંગેના સંશોધનકાર્ય દરમિયાન ગુજરાતમાં ૨૦૦૦થી પણ વધુ વાવો હોવાનું નોંધ્યું છે. અલબત્ત આમાંની બધી વાવો તેના મૂળ સ્વરૂપમાં જળવાયેલી નથી તે આપણા સૌ માટે દુઃખદ ઘટના છે. ગૂર્જર ધરાની અણમોલ વિરાસત સમૂહ વાવ સ્થાપત્ય વર્તમાન પેઢી સમજે તે પણ ખૂબ જ જરૂરી છે. નહિંતર આવનારા વર્ષોમાં માત્ર ગ્રંથોના પૃષ્ઠો પર વીતેલા યુગોની વિરાસત બનીને સચવાઈ રહેશે તે નક્કી છે.

આ પીડા પારખીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજના પૂર્વ પ્રાચાર્ય અને ઇતિહાસ અને ગુજરાતીના વિષય સાથે ઉચ્ચ પદવી મેળવીને સામાજિક ક્ષેત્રમાં પ્રવૃત્ત થયેલા ઇતિહાસવિદ્ સંજયભાઈ ઠાકરે કચ્છ પ્રદેશની સેલોર-વાવની વર્તમાન પરિસ્થિતિ પારખીને દસ્તાવેજીકરણ કરવાનું બીડું ઝડપ્યું. અનેક ઇતિહાસવિદ્, પુરાતત્ત્વવિદ્ સાથે વિચાર-વિમર્શ કર્યો અને કચ્છના અંતરિયાળ ગામડાં સુધીના પ્રવાસો કર્યા. સેલોર-વાવના નિર્માણ પાછળની રોમાંચક કથાઓની

લોકોના સંપર્કમાં આવીને નોંધો ટપકાવી, ખરાઈ માટે અનેક ઐતિહાસિક ગ્રંથોનો અભ્યાસ કરીને કચ્છ ધરાની ૧૫૦ કરતાં પણ વધારે સેલોર-વાવ ઉપર દસ્તાવેજીકરણ કર્યું. આ ગ્રંથમાં ૧૨૯ પ્રકરણો સમાવવામાં આવ્યા છે. ૩૩૬ જેટલા પૃષ્ઠો સાથે ૩૬૪ જેટલી વિસ્મૃત વાવોની તસવીરો પ્રાચીન ઇતિહાસની સાક્ષી પૂરે છે. જે તે સમયે પ્રજાલક્ષી અભિગમ રાખીને સમાજશ્રેષ્ઠી, સમાજના મહાજનોએ કરેલા રૂડાં કાર્યોની તેની પાછળ સમાયેલા ઇતિહાસને ઉજાગર કરવાનું આ કાર્ય સાચા અર્થમાં મેઘાણી કાર્ય સાબિત થયું છે. અત્યારે આ સેલોર-વાવ સ્થાપત્ય સચવાઈ જવું ખૂબ જ જરૂરી છે. આ મૂલ્યવાન દસ્તાવેજીકરણ કરીને સંજયભાઈ ઠાકરે રાષ્ટ્રની ખૂબ મોટી સેવા કરી છે. આ ભગવત્ કાર્યને દસે આંગળીઓથી ટચાક્યા લઈને હેતભરા મીઠડાં લઈને વધાવું છું.

આવનારા સમયમાં કલાક્ષેત્રે કાર્ય કરતી કલા સંસ્થાઓ, કલાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધન ક્ષેત્રે કામ કરનારા તજજ્ઞ ઇતિહાસવિદ્, પુરાતત્ત્વવિદ્ અને અભ્યાસુઓને ઉપયોગી બનશે તેવી આશા જ નહીં પણ મારી શ્રદ્ધા છે. આ કાર્ય માટે હરહંમેશ મારી પડખે ઉભા રહીને મારા કાર્યોમાં અનેકો ઉત્સાહ ભરવાનું કાર્ય કરીને આ કલાગંગોત્રી ગ્રંથને પ્રમાણિત કર્યો છે એવા અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટના ડિરેક્ટર અને સી.ઈ.ઓ. આશિષ ત્રંબાડિયા સાહેબ, જામનગરના સુપ્રસિદ્ધ આઈ સર્જન કલા સંવર્ધક અને તસવીરકાર ડૉ. પીયુષ માટેલિયા સાહેબના ચરણ વંદન સાથે આભારી છું. આપ સર્વે સંસ્કૃતિ સમૃદ્ધ કલારસિક, સંસ્કારપ્રિય એવા ગરવા ગુજરાતીઓની સદ્ભાવના, શુભેચ્છાઓ સહકારથી મને આ પવિત્ર કાર્ય કરવાનું બળ અને પ્રેરણા મળે છે. ભવિષ્યમાં પણ આપ સૌનો સહકાર મળતો રહેવાનો જ છે તેનો મને અતૂટ વિશ્વાસ છે. વધુ ઉન્નત, વ્યાપક ગહન કલાસેવા કરવાનું મા બગવતી બળ આપે તેવી પ્રાર્થના સાથે વિરમીને ૩૩૬ પૃષ્ઠે તૈયાર કરવામાં આવેલા કલાગંગોત્રી ગ્રંથ-૧૩ આપ સૌના કરકમળમાં મૂકતા હું ખૂબ જ ધન્યતા અનુભવું છું.

વંદે માતરમ્! જય જય ગરવી ગુજરાત...

## ભૂખ, સુખ, દુઃખ

ઉત્તમ સેવા કેમ આપવી એ મારી ભૂખ છે
ઉત્તમ આહાર લેવો એ મારું સુખ છે
ઉત્તમ વિચાર એ મારું દુઃખ છે.

*રાણાકાકા - ડ્રાઇવર*
*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

## મેરા ભારત મહાન

આપણી
સેના-સરહદે શાંતિની
ભાવના
ફેલાવતું કબૂતર છે
પણ
જરૂર પડે સિંહની
ગર્જના
પણ કરી શકે છે
ને કરે છે
એની મર્યાદામાં રહીને
ચહલ પહલ કરે છે
પણ જરૂર પડે શત્રુની
સરહદ
પણ પાર કરી છે.

★

એ એક મારે તો આપણે પાંચને ઢાળી દઈએ
ને એની બહુ ઉંડી અસર પડે
સંયમ રાખીને બેઠી છે આપણી સેના નહિંતર
દુશ્મનના દેશમાં કફન માટે કબરની જગ્યા પણ ટૂંકી પડે.

*મણિલાલ રૂઘાણી - રાણાવાવ, પોરબંદર*

## શૂન્ય પાલનપુરીની ખૂબ સરસ રચના

ભૂલી જાઓ કે તમારો સૂર્ય મધ્યાહ્ને હતો એક દિવસ,
આથમતા સૂરજના કંઈ બહુ અજવાળા નથી હોતા...

અવગણના થાય તો આંખ આડા કાન કરજો પ્રેમથી,
એવું ઘર ક્યાં મળે કે જ્યાં લોહીઉકાળા નથી હોતા...

ઉંમર ભલે વધે પણ અભરખા થોડા ઓછા રાખજો,
જપી જાવ હવે, પહેલા જેવા યૌવનના ઉછાળા નથી હોતા....

અહમ ઘવાશે, ક્યારેક ઈગો પણ ટકરાશે આવેશમાં,
સ્વમાન સાચવજો, સહુ કંઈ સંયમવાળા નથી હોતા...

અફસોસમાં નીકળી જશે આયખું આખું એમ ને એમ,
માણો મન ભરી, જિંદગીના દરેક રંગ ધોળા નથી હોતા...

મિત્રો...! જિંદગી અને ગણિતને જોડશો તો ખાશો ખત્તા,
લેણદેણ હશે તો લેશો, બાકી 'શૂન્ય'ના સરવાળા નથી હોતા...

*– શૂન્ય પાલનપુરી*

રણ સરોવર

# રણોત્સવ પછી રણ સરોવર : પ્રવાસન સાથે વિકાસયાત્રાને આહવાન

ડૉ. નાનક ભટ્ટ

ગુજરાતના પશ્ચિમ મધ્યભાગે કચ્છનું નાનું રણ ૧૨ લાખ એકરમાં ફેલાયેલ છે. રાજકોટ, મોરબી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરહદો વચ્ચે પથરાયેલ ખારી જમીનમાં સરસ્વતી, બનાસ, કંકાવટી, મચ્છુ, બ્રાહ્મણી અને રૂપેણ નદી ઉપરાંત ૧૧૦ વોકળાઓનું દરિયામાં વહી જનાર પાણી છેલ્લો મુકામ કરે છે. ૨૦૦ કિ.મી.ની ઝડપે વાહન ચાલી શકે તેવા સપાટ મેદાનમાં ૭૫થી વધુ નાના-મોટા દીવ રહેલા છે. બાકી ખારી મીઠી સખત માટીમાં ગાંડા બાવળનું સામ્રાજય વ્યાપેલ છે.

લાખો વર્ષ પહેલા આપણે જેને સૌરાષ્ટ્ર તરીકે જાણીએ છીએ તે ટાપુ વેસ્ટર્ન સ્લાઈડિંગના લીધે દક્ષિણ આફ્રિકામાંથી છૂટો પડ્યો અને ગુજરાતની પૂર્વ પટ્ટી સાથે જોડાતા દરિયાની સાંકડી પટ્ટી તૈયાર થઈ અને કાળક્રમે તેમાં દરિયાનો કાંપ ફસાતા આજે કચ્છનું નાનું રણ જોવા મળે છે. ચત્તી રકાબી જેવા પ્રદેશમાં મે-જૂન થી ઓક્ટોબર-નવેમ્બર સુધી વરસાદી પાણી રહે છે. આથી ઘાસ અને પાણીના ક્ષાર આધારિત જીવન વિકસે છે અને બાકીના ૫-૭ માસ સૂકી ભો જોવા મળે છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની સમજ અને રાજકીય ઈચ્છાશક્તિ વસાત કચ્છના મોટા રણમાં રણોત્સવ નામે પ્રવાસન સફળ રીતે વિકસ્યો છે. ત્યારે હવે કચ્છના નાના રણની ભૌગોલિકતાને સમજી પ્રવાસન તરીકે રણ સરોવર વિકસાવવાની સંભાવના સ્પષ્ટ થાય છે.

અમદાવાદથી ૧૩૦ કિ.મી. અને ભુજથી ૧૫૬ કિ.મી.ના અંતરે રહેલ નાના રણનો વિસ્તાર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે આકર્ષક પ્રવાસન ક્ષેત્ર છે. અગરીયા, પઢારો, માછીમારો, જત અને રબારી સંસ્કૃતિની પરંપરા આકર્ષણનું કેન્દ્ર બની શકે તેમ છે. મધ્ય અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ રાજસ્થાનમાં ૮-૧૦ ઇંચ વરસાદ પડતા જ કચ્છના નાના રણમાં મીઠા પાણીની આવક થવા લાગે છે. રણની કાંપવાળી ચિકણી માટી એકત્ર પાણીને જમીનમાં સોશાવા દેતું નથી. પરિણામે વરસાદી સીઝનમાં ૨૫૦૦થી ૩૦૦૦ કરોડ લીટર પાણી પ્રાકૃતિક રીતે જમા થઈ જાય છે. ખારા-મીઠા પાણીના કુદરતી તળાવના સર્જન સાથે લાખોની સંખ્યામાં ફ્લેમિંગો અને બીજા માઇગ્રન્ટ્સ પક્ષીઓ પોતાની બ્રિડીંગ કોલોની વિકસાવવા આવી જાય છે. જે દર્શનીય બને છે. સાથોસાથ ૮૦૦૦થી વધુ અગરીયા પરિવાર પારંપરીક ઢબે મીઠું પકવવા ડેરા નાખે છે. દેશની કુલ જરૂરિયાતના ૨૧% એટલે કે લગભગ ૨૮ લાખ ટન મીઠાનું ઉત્પાદન કરી રોજી-રોટી મેળવે છે. ત્રણેક પ્રજાતિમાં ઘુડખર (ગધેડા-ઝીબ્રા કુટુંબનું પ્રાણી) સરોવરનાં ભેજથી વિકસતા ઘાસના મેદાનોમાં વર્ષોથી રહે છે. ૫૦૦૦થી વધુ સંખ્યામાં ઘુડખર એશિયાની વાઈલ્ડ સેન્ચુરીમાંનું એક પસંદગીદાર ક્ષેત્ર બન્યું છે. ચોમાસામાં ઘુડખર આસપાસના ટાપુઓ ઉપર પ્રજનન માટે પહોંચી વન્ય વિસ્તરણ કરતા રહે છે જે પ્રવાસન માટે વધુ એક આકર્ષણ બને છે.

જોકે કચ્છ અને ગુજરાતને જોડતા સૂરજબારીના પુલ નીચેથી પસાર થતી હડકિયા ખાડીમાંથી આવતું અરબી સમુદ્રનું ખારું પાણી મીઠા પાણીના સરોવરનું આયુષ્ય ઘટાડે છે. પરંતુ સૂરજબારી પુલને બંધારામાં ફેરવી શકાય તો નાના રણના મધ્યભાગ સુધી પહોંચતી રૂપેણ, પુષ્પાવતી અને બનાસ નદીના છેવાડે ત્રણ વિશાળ તળાવોનું સર્જન થઈ શકે. આથી કચ્છના નાના રણની પ્રાકૃતિક સ્થિતિ જાળવી રાખી ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આગળ વધતી ખારાશ રોકી શકાય. સવિશેષ ટીકર, નવા ઘાટીલા, જોગડ વિસ્તારમાં જમા થતું વરસાદી પાણી તળાવો તરફ ઢળી જતાં મીઠા અને મત્સ્ય ઉદ્યોગ સપ્ટેમ્બર ઓક્ટોબરથી પુનઃકાર્યાન્વિત થશે. ૫૦,૦૦૦થી વધુ અગરીયા અને માછીમારોની રોજીરોટી જળવાઈ રહેશે. સ-વિશેષ સ્થાનિક લોકોની વધતી આવક પ્રવાસનનાં માળખાગત વિકાસને ગતિ આપનાર બનશે અને કચ્છના નાના રણની પ્રાકૃતિક સ્થિતિ જળવાઈ રહેશે.

આઝાદી મળ્યા પછી પાંચ દાયકાઓ સુધી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પ્રજાએ દુષ્કાળ વેઠ્યા છે. વર્ષ ૧૯૮૬નાં અકાળમાં ખાસ ટેંકર ટ્રેઈનથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને પાણી પૂરું પાડવું પડ્યું છે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છના

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૦ ઉપર)

વ્યક્તિ વિશેષ

# નેતાજી સુભાષચંદ્ર બોઝ

**(૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ – ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫)**



ડૉ. મિહિર એમ. વોરા

આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે આપણે સાચા દેશભક્તોને યાદ કરવા જ પડે. આવા જ એક સાચા દેશભક્ત હતા નેતાજી. નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭માં ઓરીસ્સાના કટકમાં થયો હતો. તેઓ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા હતા.

૨૩ જાન્યુઆરીના આ દિવસે વર્ષ ૨૦૨૧માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરાક્રમ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી. પરાક્રમ દિવસ નિમિત્તે અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શાળા કોલેજોમાં બાળકોને આ દિવસનું મહત્ત્વ જણાવવામાં આવે છે અને આ દિવસ દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળને યાદ કરવામાં આવે છે.

પરાક્રમ દિવસ મનાવવા પાછળ એક ખાસ કારણ છે કે આ દિવસ મહાન સ્વાતંત્ર્ય સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે જોડાયેલો છે. તેમની યાદમાં દેશ પરાક્રમ દિવસને ખાસ દિવસ તરીકે ઉજવે છે. નેતાજી સુભાષચંદ્ર બોઝે સ્વતંત્રતા સંગ્રામમાં જોરદાર નારો આપ્યો હતો, "તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દુંગા." આ સૂત્રએ દરેક ભારતીયોમાં જૂનુન જગાવી દીધું હતું અને સ્વતંત્રતા સંગ્રામને વેગ આપ્યો હતો.

નેતાજી સુભાષચંદ્ર બોઝનું સમગ્ર જીવન દરેક યુવાનો અને ભારતીયો માટે આદર્શ છે. સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવા માટે તેમણે ભારતીય વહીવટી સેવા છોડી અને ઇંગ્લેન્ડથી ભારત પાછા ફર્યા. સ્વતંત્રતા ચળવળની લડાઈમાં તેમણે આઝાદ હિંદ સરકાર અને આઝાદ હિંદ ફોજની રચના કરી, પોતાની આઝાદ હિંદ બેંકની સ્થાપના કરી. જેને ૧૦ દેશોનું સમર્થન મળ્યું. સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી તેમના યોગદાન અને સ્વતંત્રતા સંગ્રામમાં તેમની બહાદુરીને યાદ કરવા માટે બહાદુરી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વીસમી સદીના પ્રથમ દાયકામાં, માતૃભૂમિની મુક્તિના યજ્ઞમાં ફાંસીને માંચડે ચડતા ખુદીરામ બોઝ, કનાઇ દત્ત, સત્યેન બોઝ જેવા ક્રાંતિકારીઓથી પ્રભાવિત થઈને તેમનામાં અપૂર્વ દેશભક્તિનો સંચાર થયો. ૧૯૧૩માં કલકત્તા યુનિવર્સિટીની મેટ્રીક પરીક્ષામાં તેઓ બીજા ક્રમે ઉત્તીર્ણ થયા. પ્રેસિડેન્સી કોલેજમાં અભ્યાસ કરીને કલકત્તા યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા તેમણે ૧૯૧૯માં પ્રથમ વર્ગમાં પસાર કરી. ત્યારબાદ ઇંગ્લેન્ડ જઈને તેઓ આઈ.સી.એસ. થયા પરંતુ દેશસેવા કરવાની તીવ્ર ઇચ્છા હોવાથી તેમણે સરકારી નોકરીમાં જોડાતા પહેલાં એપ્રિલ ૧૯૨૧માં રાજીનામું આપી યુવાન વયે સત્તા અને સંપત્તિના ત્યાગનું જ્વલંત ઉદાહરણ દેશના કરોડો યુવાનો સમક્ષ રજૂ કર્યું.

શરૂઆતમાં માર્ગદર્શન માટે ગાંધીજીને તથા તેમના સૂચનથી દેશબંધુ ચિત્તરંજન દાસને મળ્યા અને તેમને પોતાના રાજકીય ગુરૂ તરીકે સ્વીકાર્યા. અસહકારની ચળવળ (૧૯૨૦-૨૨)માં જોડાઈ કોલકત્તામાં પ્રિન્સ ઑફ વેલ્સના સંપૂર્ણ બહિષ્કાર વખતે તેમની અપૂર્વ સંગઠનશક્તિનો પરિચય કરાવ્યો. દેશબંધુએ સ્થાપેલી નેશનલ કોલેજના આચાર્ય પણ બન્યા. દાસબાબુ કલકત્તા કોર્પોરેશનના મેયર બન્યા ત્યારે સુભાષચંદ્રને તેના મુખ્ય વહીવટી અધિકારી નીમ્યા. તેમણે કર્મચારીઓ માટે ખાદીનો પહેરવેશ ફરજિયાત બનાવી શિક્ષણ તથા આરોગ્યની સેવાઓ વિકસાવી. સ્વાતંત્ર્યની ચળવળોમાં ભાગ લઈ તેઓ ૧૯૪૧ સુધીમાં અગિયાર વાર જેલમાં ગયા હતા.

તેમણે કલકત્તા કોર્પોરેશનના મેયર, બંગાળ પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને અખિલ હિંદ ટ્રેડ યુનિયન કોંગ્રેસના અધ્યક્ષ તરીકે સેવા આપી. ત્યારબાદ ૧૯૩૮માં ૪૧ વર્ષની યુવાનવયે તેઓ કોંગ્રેસના પ્રમુખપદે ચૂંટાયા. હરિપુરા (જિ. સુરત)માં મળેલા કોંગ્રેસના અધિવેશન વખતે તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું. બીજા વરસે ગાંધીજીના ઉમેદવાર પટ્ટાભિ સીતારમૈયાને હરાવી તેઓ ફરીથી કોંગ્રેસના પ્રમુખ બન્યા. તે સમયે ઉદ્દામવાદી સુભાષબાબુ ગાંધીજી કરતાં વધારે લોકપ્રિય હતા. પ્રમુખ તરીકે સુભાષચંદ્રના વિજયે પુરવાર કર્યું કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો ગાંધીજીનો માર્ગ બધા કોંગ્રેસીઓને સ્વીકાર્ય નહોતો.

આ દરમિયાન આંતરરાષ્ટ્રીય રાજકારણનો અભ્યાસ કરીને તેમણે ૧૯૩૯માં કોંગ્રેસ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે કોંગ્રેસે સ્વતંત્રતાની માંગણી કરતું આખરીનામું બ્રિટીશ સરકારને

આપીને તેમની પ્રાપ્તિ વાસ્તે દેશવ્યાપી ચળવળ શરૂ કરવી. ગાંધીવાદીઓ તે માટે કબૂલ થયા નહીં. વળી કોંગ્રેસની કારોબારી સમિતિના સભ્યોએ રાજીનામા આપી દીધા. આવા મતભેદોને કારણે સુભાષચંદ્રે એપ્રિલ ૧૯૩૯માં કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું અને કોંગ્રેસમાં ફોરવર્ડ બ્લોક સ્થાપ્યો. એ વરસના ઓગસ્ટમાં બંગાળ પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખપદેથી તેમને દૂર કરવામાં આવ્યા અને ત્રણ વરસ માટે કોંગ્રેસનો કોઈ પણ હોદ્દો ધરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

સપ્ટેમ્બર ૧૯૩૯માં યુરોપમાં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. ચૂંટાયેલી પ્રાંતિક સરકારોની સંમતિ લીધા વિના ગવર્નર જનરલે ભારતને યુદ્ધમાં જોડાયેલું જાહેર કર્યું. તેના વિરોધમાં પ્રાંતોની કોંગ્રેસનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યા પરંતુ યુદ્ધ દરમિયાન બ્રિટીશ સરકારને મુશ્કેલીમાં મૂકવા ગાંધીજી તૈયાર નહોતા. તેથી ફોરવર્ડ બ્લોક અને કિસાન સભાના સંયુક્ત ઉપક્રમે રામગઢ (બિહાર)માં માર્ચ ૧૯૪૦માં એક પરિષદ બોલાવી, તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે બ્રિટીશ સામ્રાજ્ય ટકાવી રાખવા માટે ભારતે શાહીવાદી યુદ્ધમાં માણસો, નાણાં તથા વસ્તુઓની મદદ કરવી નહીં. જૂન ૧૯૪૦માં ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોકની નાગપુરમાં મળેલી બેઠકમાં ઉપર્યુક્ત ઠરાવ મંજૂર રાખવામાં આવ્યો. ફોરવર્ડ બ્લોકે દેશમાં તાત્કાલિક કામચલાઉ રાષ્ટ્રીય સરકાર સ્થાપવાની માંગણી કરી. આ દરમિયાન છેલ્લા દસ મહિનામાં સુભાષચંદ્રે દેશનો પ્રવાસ કરીને એક હજાર સભાઓ સંબોધીને યુદ્ધવિરોધી પ્રચાર કર્યો હતો. તે સમયે તેમની લોકપ્રિયતા સૌથી વધારે હતી.

જુલાઈ ૧૯૪૦માં સુભાષબાબુ અને તેમના અનેક સાથીઓની ધરપકડ કરીને જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ અંગ્રેજો વિશ્વયુદ્ધ લડતા હોય ત્યારે આઝાદી મેળવવાની અમૂલ્ય તક જતી કરવા તેઓ તૈયાર ન હોવાથી સરકારને જણાવ્યું કે તેમને છોડવામાં નહીં આવે તો તેઓ આમરણાંત ઉપવાસ કરશે. સાત દિવસના ઉપવાસ બાદ તેમને મુક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ ૧૭ જાન્યુઆરી ૧૯૪૧ની રાત્રે કોલકતાના પોતાના નિવાસ સ્થાનેથી સરકારની નજરકેદમાંથી નાસી ગયા. પેશાવર, કાબુલ અને મોસ્કો થઈને માર્ચમાં બર્લિન પહોંચી હિટલરને મળ્યા. બ્રિટનની મુશ્કેલી તે ભારત માટે અમૂલ્ય તક છે એમ સમજીને અને વ્યૂહાત્મક રીતે 'દુશ્મનનો દુશ્મન એ મિત્ર' એ દષ્ટિથી પ્રથમ જર્મની અને પછી જાપાન સાથે મૈત્રી માટે વાટાઘાટ કરી. બર્લિન રેડિયો પરથી તેમણે ભારતીયોને ગુલામીની બેડીઓ તોડવા માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા જણાવ્યું. તેમના પ્રવચનોએ દેશના લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જગાડ્યો. પૂર્વ એશિયામાં જાપાન નોંધપાત્ર વિજયો મેળવતું હોવાથી તેની મદદથી ભારતને સ્વતંત્ર કરવાની યોજના વિચારીને તેમણે દૂર પૂર્વમાં જવા વિચાર્યું. આ દરમિયાન બેંગકોકમાં મળેલી ભારતીયોની પરિષદે તેમને પૂર્વ એશિયામાં જવાનું નિમંત્રણ પાઠવ્યું.

આમંત્રણ મળ્યા બાદ હિટલરે તેમને સબમરીનમાં જવાની વ્યવસ્થા કરી આપી. દુશ્મનોથી ઘેરાયેલા મહાસાગરોમાં ૯૦ દિવસની અતિ કઠિન યાત્રાને અંતે તેઓ સુમાત્રા પહોંચ્યા. ત્યાંથી વિમાનમાં ટોકિયો જઈ વડાપ્રધાન ટોજોને મળ્યા. ટોજોએ કામચલાઉ સરકાર સ્થાપવાની તેમની યોજના સ્વિકારી. નેતાજીએ બ્રિટીશ સરકાર વિરુદ્ધ ભારતના પૂર્વ સીમાડેથી સશસ્ત્ર સંગ્રામ ખેલવાના પોતાના દઢ નિર્ધારની ટોકિયો રેડિયો પરથી ઘોષણા કરી. ત્યારબાદ સીંગાપુરમાં પૂર્વ એશિયાના ૩૦ લાખ ભારતીયોના પાંચ હજાર પ્રતિનિધિઓની સભામાં, જાપાનમાં વસતા ભારતીય ક્રાંતિકાર રાસબિહારી બોઝે ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગનું પ્રમુખપદ સુભાષબાબુને સોંપી, તેમને નેતાજી તરીકે વધાવી લીધા. નેતાજીએ આઝાદ હિંદ ફોજના વડા તરીકે ટુકડીઓનું નિરીક્ષણ કરી 'ચલો દિલ્હી' અને 'જય હિંદ'ની રણઘોષણા આપી. તેમણે આઝાદ હિંદ ફોજની પુનર્રચના કર્યા બાદ, ૨૧ ઓક્ટોબર ૧૯૪૩ના રોજ સીંગાપુરમાં ભારતીયોની વિશાળ મેદની વચ્ચે સ્વતંત્ર ભારતની કામચલાઉ સરકાર 'આરઝી હકૂમતે આઝાદ હિંદ'ની રચના કરી. નેતાજી આ સરકારના વડા બન્યા. જર્મની, જાપાન, ઈટાલી, રાષ્ટ્રવાદી ચીન, મ્યાનમાર (બર્મા) વગેરે દેશોએ તેને માન્યતા આપી. કામચલાઉ સરકારના પ્રધાનમંડળે ગ્રેટ બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ સામે યુદ્ધ જાહેર કર્યું. જાપાને આંદામાન અને નિકોબારના ટાપુઓ જીતી આરઝી હકૂમતને સોંપ્યા. તેને અનુક્રમે શહીદ અને સ્વરાજ ટાપુઓ નામ આપવામાં આવ્યા.

જાન્યુઆરી ૧૯૪૪માં સુભાષબાબુ આઝાદ હિંદ ફોજનું મુખ્યમથક રંગૂન લઈ ગયા. 'ચલો દિલ્હી'ની ઘોષણા સાથે આઝાદ હિંદ ફોજની સુભાષ બ્રિગેડે ભારતના સીમાડા તરફ કૂચ કરી. અંગ્રેજો સામે ખૂનખાર અને મરણિયો જંગ ખેલીને મોડક, કોહિમા, ફલામ, હાકા વગેરે વ્યૂહાત્મક મહત્ત્વનાં થાણાં કબજે કરવામાં આવ્યા. પરંતુ ચોમાસું વહેલું શરૂ થયું. તેથી ઈમ્ફાલ અને કોહિમામાં સૈનિકોને ખોરાક ન પહોંચવાથી જંગલનાં ફૂલ અને ઘાસ પર તેમણે જીવવું પડ્યું. ભૂખમરાને લીધે સૈનિકો માખીઓની જેમ મરણ પામ્યા. વળી વિશ્વયુદ્ધમાં જાપાનનો પરાજય થવાથી તેણે શરણાગતિ સ્વિકારી. એમ કહેવાય છે કે નેતાજી સીંગાપુરથી બેંગકોક અને સાઈગોન થઈને ફોર્મોસાના તાઈપેઈ મુકામે પહોંચ્યા. ત્યાંથી ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ની રાત્રે નેતાજી અને તેમના સાથી હબીબુર રહેમાનને ટોકિયો લઈ જતા વિમાનને આગ લાગી. તેઓ સખત દાઝ્યા.

બહાર કૂદી પડ્યા અને થોડા સમય બાદ તેમનું અવસાન થયું.

તેમના અવસાન વિશે વિવાદ પ્રવર્તે છે. જેના સંદર્ભમાં ભારત સરકારે ૨૦૦૦ની સાલમાં શરૂઆતમાં ત્રીજા તપાસ પંચની રચના કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રીએ ઇન્ડિયા ગેટ પર 'કર્તવ્ય પથ'નું ઉદ્ઘાટન કર્યું હતું અને નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. **તા. ૧૮-૮-૧૯૪૫ના દિને પ્લેન ક્રેશમાં તેઓ સ્વર્ગસ્થ થયા.** ટોકિયોના રેન્કોજી ટેમ્પલમાં તેઓના અસ્થિ આજે પણ સુરક્ષિત રહ્યાં છે.

ભારત સરકારે ૨૦૧૬થી આ અંગે સઘન પ્રયત્નો શરૂ કર્યા છે. કેટલાયે દસ્તાવેજો સાર્વજનિક કર્યા છે. તેના આધારે નેતાજીના જીવન સંબંધી કેટલીક ખાસ વાતો જાણીએ.

આ પૂર્વે પણ ભારત સરકારે એક ઇન્ક્વાયરી કમિશન નિયુક્ત કર્યું હતું. તેમણે ૧૧મી સપ્ટેમ્બર ૧૯૫૬ના દિવસે જે રીપોર્ટ રજૂ કર્યો તેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે નેતાજીનું નિધાન ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ના દિવસે તાઇકુમાં થયેલા પ્લેન ક્રેશમાં થયું હતું.

તા. ૧૬ ઓગસ્ટ, ૧૯૪૫ના દિવસે તેઓ બેંગકોકથી મંચુરીવા જવા નીકળ્યા હતા અને રશિયા જવાની તૈયારી કરતા હતા. તે દરમિયાન ૧૮મી ઓગસ્ટે જ તાઈહોકુમાં પ્લેન ક્રેશ થઈ ગયું અને તેમાં તેઓ સખ્ત રીતે દાઝી ગયા. તુર્ત જ તેમને તાઈહોકુની હોસ્પિટલમાં દાખલ કરાયા, પરંતુ બચી ન શક્યા. તાઈહોકુમાં જ તેઓના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. તે પછી તેઓના અસ્થિ જાપાન લઇ જવામાં આવ્યા. જે જાપાનમાં રેંકોજી ટેમ્પલમાં સુરક્ષિત રખાયા છે.

આ રીપોર્ટમાં એમ પણ લખવામાં આવ્યું છે કે ઘણા લોકોએ તેઓના કપડાં સળગતા જોયા હતા. દ્વિતીય વિશ્વ યુદ્ધ લગભગ સંપન્ન થવા ઉપર હતું. પશ્ચિમી સત્તાઓ સામે જર્મની, ઇટાલી અને જાપાન ઉપર પરાજય તોળાઈ રહ્યો હતો, ત્યારે નેતાજીએ રશિયા જવાનો નિર્ણય કર્યો.

તે કમિટીએ તેમ પણ જણાવ્યું છે કે, નેતાજીના નિધનના સમાચારો જે રીતે આપવામાં આવ્યા હતા તેથી જ તે અંગે સંદેહ ઉત્પન્ન થતો રહ્યો, સાથે રહસ્ય ઘુંટાતું રહ્યું. પરિણામે આ મુશ્કેલી ઊભી થઈ છે.

આ દસ્તાવેજોમાં તેઓના પત્ની અને પુત્રી અંગે પણ માહિતી અપાઈ છે. ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) ૧૯૬૪ સુધી સુભાષબાબુના પુત્રી અનિતા બોઝને દર વર્ષે ૬૦૦૦ રૂપિયા મોકલતી હતી. આ સિલસિલો ૧૯૬૫માં તેઓના લગ્ન પછી બંધ થયો. વાસ્તવમાં તેઓએ જ તે રકમ નહીં મોકલવા AICC ને જણાવી દીધું હતું.

કેટલાક તેવો પણ દાવો કરે છે કે, પશ્ચિમ બંગાળની સરકારે થોડા વર્ષો પૂર્વે જ ૬૪ ફાઈલો સાર્વજનિક કરી હતી તેમાં નેતાજીનું નિધન પ્લેન ક્રેશમાં થયું ન હતું તેમ કહેવામાં આવ્યું છે. જો કે ઘણાનું કહેવું છે કે હજી ઘણી ફાઈલો આવવાની બાકી છે. કેટલાક તો ત્યાં સુધી કહે છે કે ૧૯૬૬માં તાશ્કંદ કરારો થયા ત્યારે નેતાજી ત્યાં ઉપસ્થિત હતા. પરંતુ આ વિધાનોને કોઈ સબળ પ્રમાણો નથી.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ અને ગુજરાત વિશ્વકોશ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## આગાહીવાળા અંબાલાલ પટેલ

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

**ઇન્ટરનેશનલ સીમ્પોસિયમ ઓન એસ્ટ્રોલોજીકલ સાયન્સીઝ ૨૦૧૧**, લોકસેવા ટ્રસ્ટ - કરમસદમાં વેસ્ટર્ન સીડ્સ દ્વારા **સરદાર પટેલ એવોર્ડ**, અખિલ ભારતીય જ્યોતિષ સંસ્થા સંઘ દ્વારા **કોમોડિટી એવોર્ડ** એનાયત થયેલ છે. ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ રોટરી ક્લબ દ્વારા એમનું **વિશિષ્ટ સન્માન** પણ કરવામાં આવેલ છે. ઊંઝા ઉમિયા મંદિર સંસ્થા તરફથી પણ એમનું સન્માન કરવામાં આવેલ છે.

વિદેશના કેટલાક વિદ્યાર્થીઓ એમની પાસે હવામાન વિશેની આગાહીઓના અભ્યાસ માટે આવેલા છે પણ આપણે ત્યાંથી આવા અદ્‌ભુત અને ઉપયોગી જ્ઞાન મેળવવા હજુ સુધી કોઈ વિદ્યાર્થીઓએ ઉત્સાહ દર્શાવેલ નથી.

ઔદ્યોગિક વિકાસ ગમે એટલો થાય તો પણ ખેતી વિના ચાલી શકે તેમ નથી અને હવામાનની આગાહી તો સમગ્ર માનવજાતિ માટે આશીર્વાદરૂપ છે.

સરકાર પણ એમના આ વર્તારા વિશે જાણવા ઉત્સુક રહે છે ત્યારે એ જ સરકારે અંબાલાલ પટેલની ભૂકંપની આગાહી કરવા બદલ અટકાયત પણ કરેલી. એમની ભૂકંપ વિશેની આગાહીથી સરકાર દોડતી થઈ ગયેલી. એમની આગાહી સાચી પણ પડેલી. પણ "વૈજ્ઞાનિક આધાર સિવાય આવી આગાહી ન થઈ શકે" એમ કહીને એમની અટકાયત કરવામાં આવેલી.

સચોટ આગાહીઓ કરતા અંબાલાલ પટેલ સમગ્ર ગુજરાત માટે ગૌરવ લઈ શકાય એવું વ્યક્તિત્વ ધરાવે છે.

***શ્રી અંબાલાલ પટેલ***

***સંપર્ક નંબર : ૯૮૨૫૬ ૯૭૦૩૨***

વ્યક્તિ વિશેષ

# આગાહીવાળા અંબાલાલ પટેલ

આગાહીવાળા અંબાલાલ પટેલ કોણ છે, એ વિશે બહુ ઓછા લોકો જાણે છે.

વિવિધ વર્તમાનપત્રોમાં અને ટી.વી.માં આગાહીઓ વાંચીને સાંભળીને સમગ્ર ગુજરાતના લોકોના મોઢે જે નામ આવે, એ છે – અંબાલાલા દા. પટેલનું!

એમનું વતન ચુંવાળ વિસ્તારના અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાનું રૂદાતલ ગામ છે. એમનો જન્મ ૧૯૪૭માં થયો છે. પૂરું નામ અંબાલાલ દામોદરદાસ પટેલ. પત્નીનું નામ ગૌરીબેન. બે દિકરા અને એક દીકરી છે. મોટો દિકરો રાજેન્દ્રભાઈ ધ્રાંગધ્રા મુકામે હોસ્પિટલ ધરાવે છે. જે અગાઉ અમેરિકા હતા. નાનો દિકરો સતીશ પટેલ માસ્ટર ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી થયેલ છે અને ઓસ્ટ્રેલિયામાં પ્રાઈવેટ બિઝનેસ સંભાળે છે. દીકરી અલકા પણ ડૉક્ટર છે.

અંબાલાલનો વારસાગત ધંધો ખેતી. અભ્યાસ પણ આણંદની એગ્રીકલ્ચર કોલેજમાંથી કૃષિ સ્નાતકનો અને નોકરી પણ બીજ પ્રમાણની એજન્સીમાં સુપરવાઈઝર અને છેલ્લે આસિસ્ટન્ટ ડાયરેક્ટરના હોદ્દા સુધી પહોંચનાર આ અંબાલાલ પટેલ ચીલો ચાતરીને પણ આવી આગાહીઓ કરવા લાગે અને બધી જ આગાહીઓ સાચી પડે ત્યારે આશ્ચર્ય જરૂર થાય. તેઓનો જ્યોતિષ વિષય ન હોવા છતાંય કે એ માટેની કોઈ ઉપાધિ પણ મેળવેલ ન હોવા છતાંય એ સચોટ આગાહીઓ કરતા હોય ત્યારે આશ્ચર્ય બેવડું, તેવડું કે અનેકગણું વધી જાય અને આ અંબાલાલ તરફ અહોભાવ પેદા થાય એ સ્વાભાવિક છે.

મૂળ તો ખેડૂત પુત્ર અને ખેતીનું ભણેલા હોઈ એમને વરસાદ, હવામાન, ખેતી, પાકો વગેરે વિશે જાણવાની સાથે એમને થતું કે જો ખેડૂતોને આ બધી માહિતી આગોતરી મળે તો એ ખેડૂતોને ઉપયોગી થઈ શકે. આમે ખેતી સંપૂર્ણ રીતે કુદરત આધારીત વ્યવસાય છે. સાંજે ખેડૂત એના ખેતરમાં લહેરાતો પાક જોઈને ઘરે આવી શાંતિથી નિંદર લેતો હોય અને રાત્રે જ હવામાનમાં અચાનક એવો ફેરફાર થઈ જાય ત્યારે સવારે એ જ ખેડૂતની બધી જ મહેનત નિષ્ફળ જાય, એના જેવી દુઃખદ પરિસ્થિતિ બીજી કોઈ ન હોઈ શકે. પણ, જો આ બદલાતા હવામાન વિશે આગોતરી આગાહી કરવામાં આવે તો એ ખેડૂતોને ખૂબ જ ઉપયોગી થઈ પડે.

એમનું આ મનોમંથન સતત ચાલતું રહ્યું અને આ મનોમંથનમાંથી જ આગાહીઓરૂપી માખણ નીકળતું રહ્યું જે ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બન્યું છે. સરકાર પણ એમની સલાહ લેવા માંડી. ગુજરાતના મુખ્યમંત્રીઓ ચીમનભાઈ પટેલ, કેશુભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ મોદી પણ હવામાનનો વર્તારો જાણવા એમની સાથે ચર્ચા કરતા હતા.

એ જ્યોતિષના પુસ્તકો વાંચતા. આ પુસ્તકોમાં મેઘમહોદય, પ્રાચીન વર્ષા વિજ્ઞાન, વારાહી સંહિતા (બૃહદ્ સંહિતા) તેમજ કેટલાંક જૈન શાસ્ત્રો જેવા કે ભદ્રબાહુ સંહિતા, આરંભ સિધ્ધિ તેમજ ખગોળને લગતાં સૂર્ય ગણિત, ખગોળ ગણિત, ગ્રહણ ગણિત, કુંડળીયા, સાઠ સંવત્સરી કુંડળી, ચોમાસાનો વર્તારાનો કોહિનૂર, દેશી વાયુચક્ર જેવા ઘણા પુસ્તકોનો તેઓએ અભ્યાસ કર્યો છે.

પોતે જ પોતાના ગુરૂ બની હવામાનને લગતી પહેલી જ આગાહી તેઓએ ૧૯૮૦ના વર્ષમાં કરેલી અને એ અક્ષરસઃ સાચી પડતાં ઘણાંનું ધ્યાન ખેંચાયેલું અને એમનો આત્મવિશ્વાસ વધતો ગયેલો.

એ પછી તો વિવિધ વર્તમાનપત્રોમાં એમની આગાહીઓ પ્રકાશિત થવા લાગેલી. સંદેશ, જન્મભૂમિ, મુંબઈ સમાચાર વગેરે પંચાંગોમાં પણ એમના લેખો પ્રસિદ્ધ થવા લાગ્યા. ઘણા સામયિકો પણ અંબાલાલની આગાહીઓની નોંધ લેવા માંડ્યા. સંદેશ, જીટીપીએલ, દૂરદર્શન, ન્યુઝ-૧૮, ૨૪, વી આર લાઈવ, વી-ટીવી જેવી ચેનલો પણ "પ્રખ્યાત હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ...." – આ રીતના સમાચારો પ્રસારીત કરવા લાગી.

એમની આ સિદ્ધિઓની કદરના ભાગરૂપે એમને ઘણા ઍવોર્ડસ પણ મળ્યા છે અને સન્માન પણ થયા છે.

૨૦૦૩માં એમને UNO તરફથી **ઇન્ટરનેશનલ એવોર્ડ** મળ્યો છે. તો, **નેશનલ એવોર્ડ ફોર એસ્ટ્રોલોજી,**

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૬ ઉપર)

તંદુરસ્તી

# માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-૨

## (Physical Symptoms in Psychiatric Diseases : Part-2)



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે જાણ્યું કે સુષ્માને (નામ બદલ્યું છે) શારીરિક તકલીફો થતી હતી (માથાનો દુઃખાવો, ચક્કર આવવા, નબળાઈ, વજન ઓછું થઈ ગયું હતું, હાથપગમાં ઝણઝણાટી થતી હતી) જેના માટે ડોક્ટરોને કન્સલ્ટ કર્યા હતા. વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી અને એક્સ-રે સોનોગ્રાફીની તપાસ બધી જ નોર્મલ હતી. મેડિકલ સારવારથી ઝાઝો ફરક પડ્યો ન હતો.

શારીરિક તકલીફો જોડે જ્યારે માનસિક બીમારીના લક્ષણો વિશે જાણકારી મેળવી (લેખકે) તથા મનની વૈજ્ઞાનિક તપાસ (MSE) કરી માનસિક બીમારીનું નિદાન (ક્લિનિકલ ડિપ્રેશન) કર્યું. એ પ્રમાણેની યોગ્ય મનોચિકિત્સા કરી. થોડાંક જ સમયમાં શારીરિક લક્ષણો દૂર થયા. શારીરિક લક્ષણો માટે અલગથી સારવાર કરવાની જરૂર જ ન હતી કારણકે શારીરિક લક્ષણો માનસિક બીમારીનો ભાગ હતો. માનસિક બીમારીઓમાં શારીરિક ચિહ્નો સામાન્ય છે.

આ લેખમાં માનસિક બીમારીઓમાં શારીરિક લક્ષણો વિશે માહિતી મેળવીએ.

- **શારીરિક લક્ષણો અને માનસિક બીમારી :**

વાચકોને જાણીને નવાઈ લાગશે કે માનસિક બિમારીઓમાં શારીરિક લક્ષણો (માથાનો દુઃખાવો, ચક્કર આવવા, છાતીનો દુઃખાવો, નબળાઈ, વજન ઓછું થવું, ગભરામણ થવી, શરીરમાં કળતર, એસિડિટી, ગેસ વગેરે) સામાન્ય છે. માનસિક બીમારીમાં શારીરિક લક્ષણો વિશે લેખકે કરેલ રીસર્ચ સ્ટડી વિશે નીચે જાણકારી આપેલ છે.

- **સંશોધન રીસર્ચ સ્ટડી :**

લેખકે ડિપ્રેશનની બીમારીના અનુક્રમે આવતા ૧૦૦ નવા કિસ્સાઓનો (100 Consecutive Cases of Depressive Diseases) ઊંડાણમાં અભ્યાસ કર્યો હતો. દરેક કિસ્સાની વિગતો આ અભ્યાસ કરવા માટે તૈયાર કરેલ ખાસ પરિપત્રમાં નોંધ કરેલ. જેનો મુખ્ય નિષ્કર્ષ નીચે પ્રમાણે છે (આ અભ્યાસ આ મેડિકલ જર્નલમાં છપાયેલ છે).

**૧. ૬૬% દર્દીઓમાં ફક્ત શારીરિક લક્ષણોની ફરિયાદ :**

૧૦૦માંથી ૬૬ દર્દીઓમાં ફક્ત શારીરિક લક્ષણોની ફરિયાદ હતી. ૫ દર્દીઓમાં માનસિક લક્ષણો હતા, બાકી ૨૯ દર્દીઓમાં શારીરિક તથા માનસિક લક્ષણોની ફરિયાદ હતી.

માનસિક બીમારીના દર ત્રણ દર્દીઓમાં બે દર્દીઓ ફક્ત શારીરિક લક્ષણોની ફરિયાદને લીધે ડોક્ટર પાસે જાય છે. **બીમારીના યોગ્ય નિદાન માટે ફેમિલી ડોક્ટરોએ શારીરિક લક્ષણોની ફરિયાદ કરનાર દર્દીના મનના લક્ષણો તથા મનની વૈદ્યકીય તપાસ કરવી અગત્યની છે.**

**૨. શારીરિક ફરિયાદો :**

દર્દીએ કરેલી બધી જ ફરિયાદો પરિપત્રમાં અલગથી નોંધવામાં આવેલ. આ દર્દીઓમાં એકથી વધારે શારીરિક લક્ષણોની ફરિયાદો હતી. મુખ્ય શારીરિક ફરિયાદો નીચે પ્રમાણે હતી : (૧) માથાનો દુઃખાવો, (૨) છાતીમાં દુઃખાવો, (૩) ગભરામણ, (૪) અનિદ્રા / ઊંઘમાં ખલેલ, (૫) ચક્કર આવવા (વર્ટીગો), (૬) શરીરમાં કળતર, (૭) નબળાઈ, (૮) વચન ઓછું થવું, (૯) ભૂખ ઓછી લાગવી, (૧૦) પેટમાં દુઃખાવો, (૧૧) એસિડીટી, (૧૨) ગેસ, (૧૩) હાથપગમાં ઝણઝણાટી.

૧. આપણા ભારતીય સમાજમાં શારીરિક લક્ષણોને બીમારી તરીકે મહત્ત્વ આપવામાં આવે છે.

૨. શારીરિક લક્ષણો હોય તો વ્યક્તિ બીમાર છે તથા બીમારી વ્યક્તિ તરીકે કુટુંબીજનો તરફથી સહાનુભૂતિ મળે છે તથા

૩. ડોક્ટરને બતાડી સારવાર કરવાની સલાહ પણ કુટુંબીજનો આપે છે.

વ્યક્તિ ફરિયાદ કરે કે મને વધારે વિચારો આવે છે, મુડ નથી વગેરે... તો (૧) એ વ્યક્તિ બીમાર છે એ પ્રમાણે કુટુંબીજનો સમજતા નથી અને (૨) એ વ્યક્તિને બીમાર વ્યક્તિ તરીકેની સહાનુભૂતિ મળતી નથી (જે શારીરિક

તરીકેની સહાનુભૂતિ મળતી નથી) (૩) ડોક્ટરને બતાડવાની જરૂર નથી. ઉપરથી સલાહ મળે છે, "વિચાર કરવાનું છોડી દો એટલે સારું થઈ જશે", "કામ કરવા માંડો એટલે બધું નોર્મલ થઈ જશે."

આ જ વ્યક્તિ માથાના દુઃખાવાની ફરિયાદ કરે તો ચિત્ર આખું બદલાઈ જાય છે.

ભારતીય સમાજમાં માનસિક બીમારીઓમાં શારીરિક લક્ષણો મુખ્ય છે. **શારીરિક લક્ષણોની ફરિયાદ કરનાર દર્દીના માનસિક લક્ષણો વિશે તથા મનની વૈદકીય તપાસ કરવી અગત્યની છે. જેથી યોગ્ય નિદાન કરી યોગ્ય સારવાર કરી શકાય (સુષ્માનો કેસ).**

- **માનસિક બીમારીઓ :**

૧. માનસિક બીમારીઓ શારીરિક બીમારીની જેમ બીમારીઓ છે જેમાં મગજના જ્ઞાનતંતુઓમાં કદ, રચનામાં ફેરફારો થાય છે.

૨. દર્દી ઢોંગ કે નાટક કરતો નથી.

૩. દર્દી બીમારીની કલ્પના કરતો નથી.

૪. લક્ષણો દર્દીના કાબૂમાં નથી.

૫. માનસિક બીમારી થવી એ દર્દીનો ગુનો કે ભૂલ નથી.

૬. માનસિક બીમાર વ્યક્તિને સહાનુભૂતિપૂર્વક સમજી, યોગ્ય નિદાન કરી, યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

૭. સારવાર બાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

*(ક્રમશઃ)*

## મેડિકલ હેલ્પ લાઇન

***All India Medical Tourism Helpline***
***www.upchar.in***
***by Dr. Vilas Laddha - Mumbai***

આજકાલ ખાન-પાન, રહેણી-કરણીની બદલાયેલી પદ્ધતિઓને કારણે નીત-નવી બીમારીઓના નામ આવી રહ્યા છે. જેની સારવાર માટે મોટા શહેરોમાં જવું પડે છે.

આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમે ડૉક્ટરોએ મળીને ઓલ ઇન્ડિયા મેડિકલ હેલ્પલાઇન (All India Medical Help Line) www.upchar.in આ પોર્ટલ બનાવ્યું છે.

અમારી સાથે પૂરા દેશ-વિદેશથી દરેક ક્ષેત્રના એક્સપર્ટ ડૉક્ટરોના ગ્રુપ જોડાયેલા છે, જે ખરા અર્થમાં સેકન્ડ ઓપીનિયન (Second Opinion) આપી શકે છે.

તમે તમારા રીપોર્ટ મોકલી, આ ગ્રુપના ડોક્ટરોની ઓનલાઈન / ઓફલાઈન સલાહ લઈ શકો છો. જેથી સારવાર માટે મોટી હોસ્પિટલમાં એડમિશન, ડૉક્ટર સાથે એપોઇન્ટમેન્ટ, એમ્બ્યુલન્સ, એર એમ્બ્યુલન્સ સેવા વગેરેમાં અસુવિધા ન થાય.

આમાં દેશભરના એન.આર.આઈ. (NRI)ના વડીલો (Parents)નું તથા સિનિયર સિટીઝનોનું વિશિષ્ટ ધ્યાન રાખવામાં આવે છે.

*ડૉ. વિલાસ લધ્ધા - મુંબઈ*
*મો. ૭૭૩૮૪ ૫૦૫૮૬*

## અંગનું જકડાઈ જવું (સંધિવા) અને તેના ઉપાયો

★ કપૂરને સરસિયાના તેલમાં મિક્સ કરી માલીશ કરવી. આનાથી સંધિવાના રોગમાં પણ ઘણો જ આરામ થાય છે.

★ ખાસ કરીને શિયાળામાં લસણનો ઉપયોગ ખાવામાં ભરપૂર રીતે કરવો. લસણને ઘીમાં શેકીને ખાવાથી સાંધા છૂટા પડે છે તથા દુઃખાવામાં રાહત થાય છે.

★ લીલી-સૂકી મેથીનો સૂપ પીવો તથા દાળ-શાક વગેરેમાં મેથીનો ભરપૂર માત્રામાં ઉપયોગ કરવો.

★ કમર કે ડોક જકડાઈ ગઈ હોય તો લીલા મરચાને પાણીમાં ઉકાળી, કપડું બોળી તે ભાગ ઉપર પોતા મૂકવા.

★ દૂધમાં મેથીનો તથા હળદરનો પાઉડર નાંખીને નવશેકું કરીને સવારે નરણે કોઠે તથા રાત્રે સૂતી વખતે ૧-૧ ગ્લાસ પીવું.

★ હળદર, સરસીયું તેલ, લસણનું તેલ તથા આદુના પાઉડરને મિક્સ કરી, ગરમ કરીને આ તેલની માલીશ કરવી.

★ તલના તેલમાં હિંગ, મરી, સૂંઠ, લવિંગનું તેલ, આદુનું તેલ વગેરેને ઉકાળીને માલીશ કરવી.

★ રાઈની પોટીસ કરવી તેમજ ગરમ રેતીનો શેક કરવો.

★ બાવળના ગુંદની રાબ બનાવીને દિવસમાં બે વાર પીવી. રાબમાં ગોળનો ઉપયોગ કરવો.

★ મેથી-ચમેળના લોટમાં દેશી ગોળ નાંખીને રાબ બનાવીને પીવી. આમાં બાજરાનો લોટ વાપરવો.

***સંકલન : ચૌલા કુરૂવા - અમદાવાદ***

તંદુરસ્તી

# બાળકોના શારીરિક અને માનસિક વિકાસને અટકાવતી બીમારીઓ

ડૉ. પ્રાચી શાહ,
BHMS,
PG Hom. (London)

૧૪મી નવેમ્બર – એ રાષ્ટ્રીય બાળ દિવસ તરીકે ઉજવાય છે. બાળકો, એ પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે અને એ આપણા દેશનું આવનારું ઉજ્જવળ ભવિષ્ય છે. બાળકોના જન્મ સમયે, જન્મ પછી અને જન્મ પહેલા એવા અમુક કારણો બને છે કે જેનાથી બાળકના શારીરિક અને માનસિક વિકાસમાં અવરોધ થાય છે. આ બાળકો સામાન્ય બાળકો કરતા અલગ પડે છે. જેથી તેમને સ્પેશિયલ ચાઈલ્ડ કહેવામાં આવે છે. આજે આપણે એવી બીમારીઓ, એને લગતા કારણો અને ઉપચારો વિશે સમજીએ. હોમિયોપેથી આવા બાળકોમાં કેવી રીતે મદદરૂપ થાય છે તે પણ આપણે સમજીશું.

- **સામાન્ય રીતે જોવા મળતી બીમારીઓ :**

૧. અલ્પવિકાસ (Global Delay Development)

૨. ઓટીઝમ (Autism)

૩. ધ્યાનની ખામી અથવા વધારે પડતા ચંચળ બાળકો (ADHD)

૪. મગજનો લકવો (Cerebral Palsy)

૫. નવું શીખવાની અક્ષમતા (Learning disorder)

૬. આનુવંશિક વિકૃતિ (Genetic Disorder)

- **ડીલે ડેવલપમેન્ટ એટલે શું?**

બાળકના જન્મ પછી શારીરિક વિકાસ જેમ કે દાંત આવવા, બોલવા કે ચાલવા માટેના વિકાસ માટે અમુક મહિના નિર્ધારીત કરેલા હોય છે. તેનાથી થોડાક આગળ કે પાછળના સમયગાળામાં સામાન્ય બાળકોનો વિકાસ જોવા મળતો હોય છે. પણ જયારે સામાન્ય બાળકો કરતાં અથવા નિર્ધારીત કરેલા સમયથી ઘણા વધારે સમય પછી પણ બાળકના વિકાસમાં વિલંબ સર્જાય ત્યારે તેને વિકાસમાં વિલંબ કહેવામાં આવે છે. જેને મેડિકલ ભાષામાં ગ્લોબલ ડીલે ડેવલપમેન્ટ કહેવામાં આવે છે. વિગતમાં વાત કરીએ તો કોઈક બાળક ખાલી મોડું બોલતું શીખ્યું અને બીજો બધો વિકાસ સમયસર હોઈ આને સ્પીચ ડીલે કહેવાય છે. એવી જ રીતે કોઈ બાળકને પેન્સિલ પકડવામાં, પેન્સિલ છટકી જવી, ફૂંક મારવામાં, કોગળા કરવામાં તકલીફ હોઈ શકે છે. એને ડીલે મોટર સ્કીલ કહેવાય છે.

**કારણો :** જન્મ સમયે બાળકનું વજન ઓછું હોવું, નિર્ધારીત સમય પહેલા પ્રસવ થવો, ઓક્સિજન અને લોહી મગજમાં ઓછું પહોંચવું, મગજમાં ગંભીર ઈજા થવી કે જન્મ પછી ખેંચ આવવી.

**લક્ષણો :** યાદશક્તિ ઓછી હોવી, ભણવામાં અને નવી વસ્તુ શીખવામાં અક્ષમતા, ચાલવા, દાંત આવવામાં, બોલવામાં સામાન્ય બાળકો કરતાં વધારે મોડું થવું. રોજબરોજની ક્રિયામાં તકલીફ પડવી, સમજશક્તિ ઓછી હોવી, વાતચીતમાં બીજા સાથે તકલીફ પડવી – આવા વિકાસલક્ષી અલગ અલગ લક્ષણો જોવા મળતા હોય છે.

આધુનિક ઉપચારથી સુધારો લાવવામાં આવે છે પણ સંપૂર્ણ સારવાર શક્ય નથી. તેથી દવા અને થેરાપી આપવામાં આવે છે. આવી થેરાપીમાં નિષ્ણાત જુદી જુદી રીતે જીવનશૈલીને લગતી વસ્તુઓ તથા સ્નાયુની કસરતો કરાવતા હોય છે અને ટ્રેઈન કરતા હોય છે. જેથી બાળક સ્પીચ થેરાપી, ઓક્યુપેશન થેરાપી, સ્પેશિયલ સ્કૂલ આવા બાળકો માટે હોય છે. હવે ઊંડાણથી સમજીએ તો આ તકલીફમાં વિકાસજન્ય દવા આપવામાં આવે તો બાહ્ય તાલીમ સાથે પણ વધુ સારું રીઝલ્ટ મળે છે. ત્યારે હોમિયોપેથીક વર્ષો જૂનું વિજ્ઞાન હોવાથી આવી ગાઢ અને સંવેદનશીલ બીમારીઓમાં કારણને અનુલક્ષીને દવાઓ હોય છે. દવામાં કેલકેરીયા કારબ, સિલીસીયા, કેલકેરીયા ફોસ – ને આ સિવાય ઘણી અન્ય દવાઓ હોય છે.

- **ઓટીઝમ**

ઓટીઝમ, એ બાળકોમાં સામાન્ય રીતે જોવા મળતી જ્ઞાનતંતુના વિકાસના ઉણપની બીમારી છે. તેમાં બાળક પોતાની જ દુનિયામાં રહે, બીજાની સાથે વાતચીત ના કરે, સામે ના જુએ અને એકની એક વસ્તુ વારંવાર કરવાની તકલીફ

હોય છે. વાત્સલ્ય હોમિયોપથીમાં જ્યારે બાળકો આવે છે ત્યારે ઘણા બાળકો ગોળ ગોળ ફરતા હોય છે. તાલી પાડતા હોય, પોતાની જ આંગળીઓથી રમતા હોય, કારણ વગર હસતા અથવા રડતા હોય – આવા અજુગતા લક્ષણો જોવા મળતા હોય છે.

**કારણો :** વારસાગત (heredity) તકલીફ હોવી, પ્રેગનન્સી વખતે કોઈ હાનિકારક પદાર્થનું સેવન કરવું, ડિલીવરી વખતે ઈન્ફેક્શન થવું, કોમ્પ્લીકેટેડ પ્રેગનન્સી, જન્મ પછી તરત જ બાળકનું રડવું નહીં, ખેંચ આવવી અથવા ભારે અકસ્માત અથવા કોઈપણ ઘટના પછી ઓટીઝમ થવાની સંભાવના હોય છે.

**લક્ષણો :** આંખો મેળવીને વાત નહીં કરવી અથવા જવાબ ના આરપવો, નામનો રીસ્પોન્સ ન કરવો, હાથ કે પગ હલાવ્યા કરવા, કૂદકા મારવા, જીદ્દી અને ચીડિયાપણું, બોલવામાં તકલીફ પડવી અથવા વારંવાર એક ને એક વસ્તુ બોલવી, ભીડમાં મોટા અવાજથી અસામાન્ય વર્તન કરવું, લાઈનમાં વસ્તુ ગોઠવવી – આવા ઘણા બધા લક્ષણો જોવા મળતા હોય છે.

અત્યારના વાલીઓ બાળકને શાંત રાખવા દવાઓ કરતા હોય છે અને થેરાપીનો સહારો લેતા હોય છે. જેથી બાળક રોજબરોજની સામાન્ય વસ્તુ શીખી શકે. જો ઓટીઝમ જ્ઞાનતંતુના વિકાસની ઉણપને લગતી બીમારી હોય તો આપને મગજના વિકાસને લગતી દવાઓ ખૂબ જ અસર કરતી હોય છે. હોમિયોપથી દરેક બાળકના સ્વભાવને ધ્યાનમાં લઈ કરવામાં આવે તો બાળકના વિકાસનું આપણે ધારેલું પરિણામ મેળવી શકીએ છીએ. તેની આડઅસર પણ નથી. દિવસે ને દિવસે જાગૃતતા વધતા વિદેશી લોકો પણ તેને અપનાવવા લાગ્યા છે અને લાભ મેળવી રહ્યા છે.

- **બેધ્યાનપણું અને અતિ ચંચળતા (ADHD – Attention Deficient Hyperactive Disorder)**

બાળકોમાં મગજના વિકાસને અટકાવતી લાંબાગાળાની બીમારી છે. આવા બાળકોમાં વધારે પડતી ચંચળતા, આક્રમક અને એકાગ્રતાની કમી જોવા મળે છે.

**કારણો :** બાળકનું નિર્ધારીત સમય પહેલા જન્મવું, પ્રેગ્નન્સીમાં પાણી ઘટવું, મગજમાં ઉત્પન્ન થતાં રસાયણો વધારે કે ઓછા ઉત્પન્ન થવા, માતાનું હાનિકારક પદાર્થનું સેવન કરવું, વારસાગત જેમકે માતા-પિતા અથવા ભાઈ-બહેનને મગજની બીમારી હોવી.

**લક્ષણો :** ભણવામાં એકાગ્રતાની કમી, ભણતા ભણતા ઊભું થવું કે રમવામાં નિયમ ના અનુસરવા, દૈનિક ક્રિયામાં તકલીફ પડવી, બીજાની સાથે વાતચીત કે બોલવામાં ઉતાવળું બોલવું, બેધ્યાન હોવાથી યાદશક્તિ ઓછી હોવી, જીદ કરવી, દોડાદોડી કરવી, અસ્થિરતા અને આકર્ષવા, બીજાને હેરાન કરવા.

**મોડર્ન ટ્રીટમેન્ટ :** આમાં મગજના હોર્મોન્સને સંતુલનમાં રાખે એવી દવા આપવામાં આવે છે. જેના લીધે ચંચળતા ઓછી થાય અને ધ્યાન વધે છે. આ સિવાય માતા-પિતાનું બાળક સાથે વલણ, બિહેવિયર થેરાપી, સ્પીચ થેરાપી આપવામાં આવે છે. જો બાળકની અંદરનો ઉત્પાત અને ચંચળતા કુદરતી રીતે સંતુલિત કરવામાં આવે તો બાળક જલ્દી એકાગ્રતા મેળવે છે અને ADHD માંથી બહાર આવે છે. આ માટે હોમિયોપેથીક દવા સંપૂર્ણ સ્વાસ્થ્ય આપતી હોવાથી ઘણા બધા બાળકો સામાન્ય જીવન જીવી રહ્યા છે. હોમિયોપેથીક દવા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેથી બાળકો વારંવાર બીમાર પડતા નથી. દવામાં જેવી કે સ્ટ્રેમોનિયમ, ટેરન્ટુલા, શીના, કેમોમિલા જેવી બીજી ઘણી છે. જે હોમિયોપેથીક નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ લેવામાં આવે તો ખૂબ સારા પરિણામ મેળવી શકાય છે. આમ, વધતા જતા મોબાઈલના ઉપયોગો, જંકફુડ, અનિયમિત જીવનશૈલી પણ અનેક બીમારીઓનું કારણ બને છે ત્યારે હોમિયોપેથીક સારવાર સંપૂર્ણ સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવતી હોવાથી આવા ઘણા બધા માનસિક રોગો અને તેના લક્ષણોને દૂર કરે છે.

હજી બીજી બીમારી જેવી કે મગજનો લકવો, આનુવંશિક વિકૃતિ, નવું શીખવાની અક્ષમતા વિશે આવતા અંકમાં સમજીશું.

*મો. ૭૯૮૪૩ ૫૫૩૮૦*

શુભેચ્છા સહ...

# પૃથ્વી શાહ – ગાંધીનગર

**મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪૪

### શ્રી કર્ણાવતી તીર્થ (અમદાવાદ)
### (શ્રી ધર્મનાથ ભગવાન)



અમદાવાદ શહેરમાં દિલ્હી દરવાજાની બહાર શેઠ હઠીસિંહની વાડીમાં આ તીર્થ આવેલું છે. શેઠ હઠીસિંહ જિનાલય ગુજરાતનાં સ્થાપત્યોમાં વિશિષ્ટ ગૌરવ ધરાવે છે. આ અનુપમ વિશાળ બાવન જિનાલય મંદિરની શોભા અનેરી છે. એની નિર્માણકલા અજોડ છે અને એની શિલ્પકલા આબુ-દેલવાડાનું સ્મરણ કરાવે છે. ફર્ગ્યુસન, જેમ્સ સેમ્યુલસન, આનંદકુમાર સ્વામી અને રત્નમણિરાવ જોટે આદિએ અહીંની શિલ્પકલાની મુક્તકંઠે પ્રશંસા કરી છે. આ જિનાલયમાં એક માળવાળો સુંદર મંડપ છે. વચલા મંડપ અને ગભારાની કોતરણી ઉત્તમ પ્રકારની છે. ઉપર માળ અને નીચે ભોંયરૂં છે. દેવવિમાનનું કામ પણ કલાત્મક છે. મંદિરની બહારની દેવકુલિકાઓની આકૃતિઓ સુંદર અને લાવણ્યમયી છે. ઠસ્સાદાર અલંકારો, સૌષ્ઠવપૂર્ણ આકારો, મનમોહક સૌંદર્ય અને વૈવિધ્યભરી ભાતોની વિપુલતા અહીં પ્રગટ થાય છે. જુદા જુદા પ્રકારની જાળીઓ પણ પુષ્કળ પ્રમાણમાં દેખાય છે. ઉચ્ચ સંસ્કાર અને સુરૂચિભરી કોતરણીનો તો અહીં પાર નથી. શેઠ હઠીસિંહના અવસાન પછી એમનાં ધર્મપત્ની હરકુંવર શેઠાણીએ લાખો રૂપિયા ખર્ચીને ૨૧ દિવસના વિરાટ મહોત્સવ સાથે વિ.સં. ૧૯૦૩ની મહા વદ ૧૧ના શુભ દિને આ.શ્રી શાંતિસાગરસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી.

એક સમય આ નગર જૈન ધર્મનું કેન્દ્ર હતું. ૧૦મી સદીમાં પાર્શ્વનાથ ભગવાનનું એક વિશાળ મંદિર અહીં હતું. ઉદયન મંત્રીએ ઉદયનવિહાર નામથી એક વિશાળ જૈન મંદિરનું અહીં નિર્માણ કર્યું હતું. **અહીં સેંકડોની સંખ્યામાં જૈન મંદિરો હતા. આજે પણ આશરે ૨૨૫થી વધારે જિનાલય છે. આ બધા જ મંદિરોમાં ઝવેરીવાડમાં આવેલું શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર શહેરનું સૌથી પ્રાચીન જૈનમંદિર ગણાય છે.**

## તીર્થ દર્શન-૪૫

### શ્રી માતર તીર્થ
### (સાચા દેવ શ્રી સુમતિનાથ ભગવાન)



માતર ગામની મધ્યમાં મુખ્ય માર્ગ પર આ તીર્થ આવેલું છે. મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. અત્યંત ચમત્કારીક ગણાતી સાચા દેવ શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિમાનો રસપ્રદ ઇતિહાસ છે. **ખેડા જિલ્લાના મહુધા ગામની પાસે આવેલા સિહુંજ ગામની જમીનમાંથી આ પ્રતિમા પ્રગટી હતી. એના ઉપર વિ.સં. ૧૫૨૩ વૈશાખ સુદ સાતમને રવિવારના દિવસે શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના હાથે પ્રાણપ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે.** આ ચમત્કારિક પ્રતિમાને માતર લાવવામાં આવી. અહીં ભવ્ય મંદિર બંધાવીને વિ.સં. ૧૮૫૪ જેઠ સુદ ત્રીજ ગુરૂવારના દિવસે ફરીથી તેની પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિમાને રથમાં બેસાડીને સહુંજ ગામથી માતર લાવવામાં આવતી હતી ત્યારે વાત્રક અને શેઢી નદીના સંગમ પાસે મૂશળધાર વરસાદને કારણે પૂર આવ્યું, પણ રથ ચલાવનારને પાણીને બદલે રેતી દેખાતી હતી અને તેની પાછળ ચાલ્યા આવતા બધા જ ભક્તો નિર્વિઘ્ને નદી પાર કરી ગયા. આથી જ સૌ ભાવિકજનોએ જયજયકાર કરીને કહ્યું કે, 'આ સાચા દેવ છે' અને તે દિવસથી પ્રભુ સાચા દેવ સુમતિનાથ તરીકે સર્વત્ર જાણીતા થયા. એ પછી પણ અહીં અનેક ચમત્કારોની કથા મળે છે. વિ.સં. ૧૯૭૭માં શાસનસમ્રાટ આ.મ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.ના શુભ હસ્તે બાવન જિનાલયોનો પુનઃ જીર્ણોધ્ધાર, પ્રતિષ્ઠા અને અંજનશલાકા થયા. આમાં શ્રી જમનાભાઈ ભગુભાઈએ મોટો લાભ લીધો. વિ.સં. ૨૦૦૭ના વૈશાખ સુદી પાંચમના રોજ આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.ના હાથે આ મૂળનાયકના મંદિરની પુનઃ પ્રતિષ્ઠા થઈ. મૂળ નાયકજીની સામે ગભારામાં પાંચમા સુમતિનાથ ભગવાનની પ્રતિમાજી છે. આ મંદિરમાં બારમા-તેરમા સૈકાની એક દેવીની પ્રાચીન મૂર્તિ પણ મળે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## લઘુકથા : સ્વપ્ન

દરવાજો ખખડવાનો અવાજ આવતા ધીમે ધીમે ડગ ભરતા મનહરલાલે દરવાજો ખોલ્યો. તો સામે હાથમાં બેગ લઈને દિપક ઉભો હતો અને તેની પાછળ પુત્રવધૂ, પૌત્ર અને પૌત્રી ઉભા હતા.

આખા પરિવારને નજર સામે ઉભેલો જોઈને મનહરલાલ ભાવવિભોર થઈ ગયા. એમનું દિલ ભરાઈ આવ્યું ને દિપકને બાથમાં લઈને ડૂસકા ભરવા લાગ્યા. પુત્રવધૂ અને સંતાનો પણ આ દૃશ્ય જોઈને રડવા લાગ્યા.

બેટા, તમારું વેકેશન તો બહુ લાંબું ચાલ્યું. અત્યાર સુધી ક્યાં ગયા હતા? તારી રજા પણ પૂરી થઈ ગઈ છે. છોકરાઓની નિશાળ પણ ખૂલી ગઈ છે. એટલું બધું મોડું કેમ થઇ ગયું? હું અને તારી બા કાગડોળે તમારી રાહ જોઈ રહ્યા છીએ.

બાપુજીની ચિંતા જોઈ દિપકે કહ્યું, બાપુજી! થોડું મોડું થઈ ગયું પણ ચિંતા જેવું નથી, ને હવે તો અમે તમને મૂકીને ક્યાંય નહીં જઈએ.

મનહરલાલ દિપકના વાંસામાં હાથ પસારતા હતા ને... સ્વપ્ન ઉડી ગયું. મનહરલાલે આંખો ખોલીને જોયું તો બાજુના પલંગ પર સૂતેલી પત્ની સવિતા સિવાય આખા રૂમમાં સુનકાર હતો.

માત્ર વીસ દિવસ પહેલા મનહરલાલનો એકનો એક પુત્ર-પુત્રવધૂ અને તેના બંને સંતાનો અમદાવાદ - વડોદરા હાઈવે ઉપર રોડ એક્સિડન્ટમાં કાળનો કોળિયો થઈ ગયા હતા ને...

આજ એનું મિલનનું સ્વપ્ન આવતા થયેલી ખુશી સ્વપ્ન ઉડતા ક્ષણભરમાં છિન્નભિન્ન થઈ ગઈ. મનહરલાલથી ડુસકું ભરાઈ ગયું. ડુસકાનો અવાજ સાંભળી સવિતાબેન પણ ઉંઘમાંથી ઊભા થઈ ગયા અને પતિની પાસે જઈને બેઠા. સવિતાને એની પાસે બેઠેલી જોઈને મનહરલાલ બોલ્યા, માફ કરજે સવિતા, મેં તારી નિંદર બગાડી. પણ શું કરું? મને સ્વપ્નમાં દિપકનો આખો પરિવાર આવ્યો હતો. હું ભાવવિભોર થઈને દિપકને ભેટી પડ્યો ને ડુસકા ભરતો ભરતો એના વાંસામાં હાથ પસવારતો હતો ત્યાં જ ઉંઘ ઉડી ગઈ ને નરી વાસ્તવિક્તા નજર સમક્ષ આવતા મારાથી ડૂસકું ભરાઈ ગયું ને તારી ઉંઘ ઉડી ગઈ. હવે કોચવાયા વગર જા, તું આરામ કર. પણ સવિતાબેનની નીંદર તો બહુ દૂર દૂર ચાલી ગઈ હતી.

એ આખી રાત પતિ-પત્નીએ અશ્રુસભર આંખોએ જાગતા જાગતા વિતાવી.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ, પોરબંદર*

## મારું અને તારું

અનુભવોની એરણ તો મારી,
પણ ઘણના ઘાવ તો તારા જ...

વન ઉપવનની વનરાજી તો મારી,
પણ મહેંકતા પુષ્પો તો તારા જ...

ધસમસતી જળરાશિ તો મારી,
પણ વ્હાલના તરંગો તો તારા જ...

હૈયે ઉછળતી લાગણીઓ તો મારી,
પણ સંબંધના ઊંડાણ તો તારા જ...

નામ વિનાના સંબંધોની પોટલી તો મારી,
પણ એમાં શ્વાસોચ્છવાસ તો તારા જ...
ઐ દોસ્ત....

*રમીલા પી. મહેતા - ભુજ*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

***સવારની ચાય અને વડીલની રાય નિયમિત લેવી,***
***પણ ગરીબની હાય અને નવરાની રાય ક્યારેય પણ ન લેવી.***

**Relitrade Stock Broking Pvt. Ltd.**

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Retail Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

## બારણે ટકોરા મારશે કાળ

યુવાનીએ ક્રોધમાં કંઈકને ખખડાવ્યા
સત્તાના મદે અન્યને લડાવ્યા, રડાવ્યા
હવે ક્યારેક નાની વ્યક્તિ પણ આપી જાય ગાળ,
ત્યારે ચેતી જજો, છોડી દેજો સઘળી જંજાળ.

નાસ્તિકતાનું ગીત સદાયે ગાતા રહ્યા
નિજ સ્વાર્થ માટે બધાને છેતરતા રહ્યા
તો હવે પ્રભુને પ્રાર્થી, જલદી મેળવી લેજો ભાળ,
ને ચેતી જજો, છોડી દેજો સઘળી જંજાળ.

બાળકોને પ્રેમથી ખૂબ લાડ લડાવ્યા
જાતે ભૂખ્યા રહીને પણ ભણાવ્યા
છતાં સામું બોલતા થઈ જાય જો એ બાળ,
ત્યારે ચેતી જજો, છોડી દેજો સઘળી જંજાળ.

તન-મન ઢીલા થયાની થાય જાણ
તે આયખુ પૂરા થયાના છે એંધાણ
અચાનક બારણે ટકોરા મારશે ત્યારે કાળ
ને ચેતી જજો, છોડી દેજો સઘળી જંજાળ.

*ભૂપેન્દ્ર ત્રિવેદી - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*

## શા ને?

તય કરી જ છે મંઝીલ પોતા માટે
સમસ્ત જગતને શા ને કહેવું?

માર્ગમાં કાંકરા પથ્થર આવશે જ,
ચાલતાં રહેવું, શા ને અટકવું?

સિદ્ધિનાં પગથિયા ચડતાં જ રહેવું,
પાછળ વળીને શા ને જોવું?

નિરખવું છે ટોચની સુંદરતાને,
મુશ્કેલીની ખાઈથી શા ને ડરવું?

લમના હથિયારે શિખર સર કરવું,
નકામી વાતોને શા ને વાગોળવું?

અંતર અભિલાષ પૂરી કરવા,
અન્યના અભિગમને શા ને સાંભળવું?

'મહેનત રંગ લાવે જ', રાખ ભરોસો
'મન' સફળતા માણ અશ્રુ શા ને વહાવવું?

*મનીષા અજય વીરા 'મન'*

## ચાલ હવે

સતત સમયાંતરે આવી રહ્યા છે સાદ, ચાલ હવે
ભરી લે શ્વાસમાં ગમતું સ્મરણ એકાદ, ચાલ હવે
પડ્યું પાનું ગણીને લાખનું, રમતો રહું બાજી
નથી કરવી, કદી ક્યાંયે કશી ફરિયાદ, ચાલ હવે
હજી પણ પાટલેથી ખાટલે સચવાઉં છું, તોયે
સતાવે છે મને તરપંખડાની યાદ, ચાલ હવે
બધાંયે શુષ્ક સંબંધોને અલવિદા કરી દઈએ
નયન સંભાળ, ના ટપકી પડે વરસાદ, ચાલ હવે
કરેલાં કર્મ સૌ વટવૃક્ષ થઈને વિસ્તરી જાશે
સમયને પાકવા દે, કર નહીં ઉન્માદ, ચાલ હવે
વસીને એક છત નીચેય પરસ્પરના થવાયું ના
રહ્યું જે શેષ એમાં સાધીએ સંવાદ, ચાલ હવે
જીવનસંગીત બેસૂરું રહ્યાનો રંજ છોડી દે
શરણ જેના જવું, એ છે બડો ઉસ્તાદ, ચાલ હવે

*અલ્પ ત્રિવેદી - મહુવા (જિ. ભાવનગર)*
*મો. ૯૯૭૮૯ ૦૯૨૯૦*

## ધોરાડો

રોમાંચ નેર્યો રણ મથે ધોરાડે મચે ધમાલ
ધોરે રણમેં રણોત્સવ ને ડીજે મીટજી ગાલ
ભાગ ખૂલ્યા કચ્છજા આય વડાપ્રધાન કે વ્હાલ
સલામતીમેં સિક્યુરીટી ક્લસ્ટર ડિસો કમાલ
સુરક્ષા વડો સવાલ
કચ્છ ચમકે વિશ્વમેં...

કચ્છ ચમકે વિશ્વમેં ધોરડો ડિસેમ્બર
પ્રવાસી અચેં પરડેસથી ભૂંગેજા એંઇ ઘર
હટ ડિસો હસ્તકલાજા ભારતભરમેં સર
કલાકારજી કલા ડીસો કેમલ સવારી કર
તંભુનગર બહેતર
ટુરીઝમમેં ધોરડો...

ટુરીઝમમેં ધોરડો મિયાં હુસેન કે માન
સ્વાગત થીયે શાલસેં ભારતજા વડાપ્રધાન
ગેટવે ડીસો ગજાવર ને તોરણ રીસોર્ટ જી શાન
સાયકલ મજા સૂરીલી ધોરડે રણ મેધાન
એંઇ કચ્છડે જા અરમાન
'પ્રભુ' ગર્વ આય ગુજરાતજો...

*પ્રભુલાલ સિદ્ધપુરા - ગાંધીધામ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રીમતી કોકિલા જયંત ગડા 'કોકી'ને પારીતોષિક

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહા અને મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવના વરદ્ હસ્તે તા. ૯ તથા તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સ્મૃતિ વન, ભુજ ખાતે આયોજિત "કચ્છ સાહિત્ય ઉત્સવ" દરમિયાન કવયિત્રી કોકિલા જયંત ગડા 'કોકી'ને કચ્છી હાઈકુ સંગ્રહ 'ગડખી'ને વર્ષ ૨૦૨૧ના કચ્છી સાહિત્ય કવિતા વિભાગમાં તૃતીય શ્રેષ્ઠ પુસ્તકનો પારીતોષિક અર્પણ કરાયો હતો.

કવયિત્રી કોકી જયંત ગડા 'કોકી'ને આ ભવ્ય સિદ્ધિ બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન.

કચ્છી ભાષામાં બહુ ઓછા પ્રમાણમાં ખેડાયેલા સાહિત્ય પ્રકાર 'હાઈકુ'ને કચ્છના પરિવેશના રંગે રંગી, આ સંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આંગળીના વેઢે ગણી શકાય એટલા કચ્છી હાઈકુ સંગ્રહ પૈકી મુંબઈના કચ્છી સર્જકો તરફથી આ પ્રથમ હાઈકુ સંગ્રહ પ્રકાશિત કરવામાં આવેલ છે. સવિશેષપણે આ સંગ્રહમાં દરેક જમણા પાના પર કોઈ એક વિષયનું શિર્ષક આપી, તેને અનુરૂપ પાંચ હાઈકુ રચવાનો નવતર પ્રયોગ કરવામાં આવેલ છે. ધાર્મિક, સામાજિક, પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક વિષયો પર ૪૪ શિર્ષકો આવરીને એકંદરે ૪૪૪ હાઈકુ લખવામાં આવ્યા છે. પ્રેમ, વિરહ, કરુણા, વ્યંગ જેવા માનવીય સ્પંદનો આ ૧૭ અક્ષરના ટચુકડા સાહિત્ય પ્રકારને ઊંચાઈ બક્ષે છે. દરેક હાઈકુ નવો આયામ, નવું ભાવ જગત ઊભું કરે છે.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આજથી થોડા સમય અગાઉ કચ્છની જે છ કવયિત્રીઓનું સંમેલન યોજવામાં આવેલ હતું તેને યાદ કરવામાં આવી રહેલ છે.

## શ્રી ક.વી.ઓ. સમાજ - ભુજ : મહાજનનું મામેરૂ

અનશન વ્રતધારી, સમાજરત્ન માન. શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના અધ્યક્ષ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલિત "મહાજનનું મામેરૂ" યોજના અંતર્ગત ૨૬૭મા લગ્ન પ્રસંગે દીકરીને મહાજન દ્વારા મામેરૂ અંતર્ગત રૂા. ૧૧,૦૦૦/-ના બોન્ડ તેમજ અલગ અલગ દાતાશ્રી દ્વારા આપવામાં આવેલ વિવિધ ભેટ અર્પણ કરવા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ છેડા, સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડ, ટ્રસ્ટી શ્રી કેશવજીભાઈ હરિયા, શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી હિરાલાલભાઈ સૈયા, શ્રી ભુજ ક.વી.ઓ.જૈન સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ સાવલા, સંઘના ટ્રસ્ટી અને બી.સી.સી.બી. બેંકના ડાયરેક્ટર શ્રી ધીરેનભાઈ પાસડ, સખીવૃંદના શ્રીમતી નિર્મળાબેન સાવલા, શ્રીમતી પ્રીતિબેન ગાલા, દાતાશ્રી અને રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શિક્ષક શ્રી મગનભાઈ જી. ઠક્કર ઉપસ્થિત રહેલ હતા.

## શ્રી માધાપર જખબૌંત્તેરા સંઘ - માધાપર

ભુજ શહેરની સમીપે આવેલ માધાપર ગામ મધ્યે જખદાદા મંદિરના પટાંગણ મધ્યે લોકોને શુદ્ધ અને સાત્ત્વિક ભોજન વ્યાજબી ભાવે મળે તે માટે શ્રી માધાપર જખબૌંત્તેરા સંઘ - માધાપર દ્વારા સંચાલિત મુખ્ય દાતા શ્રીમતી રસીલાબેન અશોકભાઈ કુંવરજી શાહ (વિ-ટ્રાન્સ)ના આર્થિક સહકારથી નવનિર્મિત થયેલ "કે. કે. શાહ ભોજનાલય"નું ઉદ્‌ઘાટન દાતા પરિવાર શ્રી અશોકભાઈ શાહ અને તેમના પરિવારજનો શ્રી જગશીભાઈ કે. શાહ (જે.કે. શાહ), સામાજિક આગેવાન શ્રી દીપકભાઈ ધારશી ભેદાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દેવજીભાઈ વીરચંદ, પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, સામાજિક આગેવાન શ્રી હિતેશભાઈ ખંડોલ, શ્રી માધાપર જખબૌંત્તેરા સંઘ - માધાપરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નરેશભાઈ શાહ, શ્રી પ્રવીણભાઈ નંદુ, શ્રી ચીમનભાઈ ગમારા અને અન્ય રાજકીય તથા સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

## માનવજ્યોત સંસ્થા – ભુજ

### મધ્ય પ્રદેશની ગૂમ મહિલાનું ૩ વર્ષ પછી પરિવાર સાથે થયું મિલન

મધ્યપ્રદેશના મંદસોર વિસ્તારમાં ઉમરિયા ગામની મહિલા દેવુબેન ચમાર (ઉં.વ. ૨૩) ગૂમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. તે રખડતી - ભટકતી બાયડનાં જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવાશ્રમ મધ્યે પહોંચી હતી. માનવ જ્યોત સંસ્થા દ્વારા તેને ભુજ લાવવામાં આવેલ. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ

મધ્યપ્રદેશ પોલીસની મદદથી તેનું ઘર શોધી કાઢતાં તેના પરિવારનાં તેની માતા મીનાબાઈ ચમાર ભુજ આવી પહોંચ્યા હતા. ૩ વર્ષ પછી માતા-દીકરીનું મિલન થતાં બંને એકબીજાને ભેટી પડ્યા હતા. સૌની આંખો અશ્રુભીની બની હતી. તેના માતાના જણાવ્યા મુજબ લગ્ન પછી પતિએ તેનો સાથ છોડી દેતાં તેણે માનસિક સમતુલા ગુમાવી હતી અને ઘર છોડ્યું હતું. તે ગૂમ થયાની ફરિયાદ પણ પરિવારજનોએ દર્જ કરાવી હતી. આખરે તે ઘર સુધી પહોંચતા પરિવારમાં ખુશી છવાઈ છે. માતાની કરૂણતાનો અંત આવ્યો હતો.

આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દીપેશ શાહ, રફીક બાવા, પંકજ કુરૂવા, દિલીપ લોડાયા સહભાગી બન્યા હતા.

## પતિ-પત્નીનું બે દાયકા પછી થયું મિલન હવે પછીની જિંદગી સાથે જીવવાનું નક્કી કર્યું

મધ્યપ્રદેશના અલીરાજપુર વિસ્તારનાં કેવડી ગામની મહિલા ચંપા (ઉં.વ. ૨૮) ગૂમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. વિવિધ રાજ્યોનાં શહેરો-ગામડાંઓમાં તે સતત રખડતી-ભટકતી રહી હતી. આખરે તે ગુજરાતના બાયડ શહેરનાં જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવાશ્રમમાં પહોંચી હતી. ત્યાંના સંચાલકો અશોક જૈન, વિશાલ પટેલ, વિજય પટેલે તેની ખૂબ જ સારી સારવાર કરાવી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં સિનિયર પેરાલીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા બાયડ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ મહિલાને સાથે ભુજ લઈ આવ્યા. મધ્યપ્રદેશ પોલીસનો સંપર્ક કરી મહિલા ચંપાનું ઘર શોધી કઢાયું. સમાચાર મળતાં જ પરિવારમાં અનહદ ખુશી છવાઈ. પરિવારજનોએ વિડીયો કોલ દ્વારા ચંપા અંગે ખાત્રી મેળવી.

વાહન દ્વારા તેનો પતિ ગુજલા બારીયા, બે દીકરા, બે દીકરી, ભાઈ ભીમસીંગ તેને તેડવા ભુજ આવી પહોંચ્યા હતા. વીસ-વીસ વર્ષના વાયરા વિતી ગયા હોવા છતાં ચંપાએ પરિવારજનોને નામજોગ ઓળખી કાઢ્યા. સૌ ચંપાને ભેટી પડતાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. સૌની આંખો અશ્રુભીની બની. વીસ-વીસ વર્ષની મુશ્કેલીનો અંત આવ્યો.

પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-દીકરીનું બે દાયકા પછી મિલન થતાં પરિવારજનો ખુશખુશાલ જોવા મળ્યા હતા. પતિ-પત્નીએ એકબીજાને હાર પહેરાવીને હવે પછીની જિંદગી સાથે જીવવાનું નક્કી કર્યું હતું. ગરીબ પરિવારમાં અનહદ ખુશી છવાઈ હતી. ચંપા અત્યારે ૪૮ વર્ષની થઈ ચૂકી છે. ગુજરાત - મધ્યપ્રદેશ બોર્ડર વિસ્તારમાં રહેતો પરિવાર વર્ષો પછી એક થયો હતો.

આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, પંકજ કુરૂવા, દિલીપ લોડાયા, ઉમરશી ધુલ્લા વિ. સહભાગી બન્યા હતા.

## વેસ્ટ બેંગાલનો ગૂમ યુવાન ૪ વર્ષ પછી ઘરે પહોંચતા પરિવારમાં ખુશી છવાઈ

વેસ્ટ બેંગાલના મેહજાપુર વિસ્તારનો યુવાન શેખ અમીરૂલઅલી (ઉં.વ. ૨૭) ગૂમ થતાં પરિવારજનોએ તેને સોધવા રાત-દિવસ એક કર્યા હતા. આખરે તે રખડતો-ભટકતો સોમનાથના 'નિરાધારનો આધાર...' આશ્રમમાં પહોંચ્યો હતો. ત્યાંના સંચાલકોએ તેની ખૂબ જ સરભરા સાથે સેવાઓ કરી.

માનવ જ્યોત સંસ્થા - ભુજના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા સોમનાથ આશ્રમેથી તેને ભુજ શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા, કચ્છ મધ્યે લઈ આવ્યા. વેસ્ટબેંગાલ પોલીસ ખૂબ જ મદદરૂપ બનતાં તેનું ઘર અને પરિવાર શોધવામાં સફળતા મળી. તેના પિતા મૃત્યુ પામ્યા હોવાથી તેનાં ભાઈ તેને તેડવા ભુજ આવી પહોંચ્યા હતા. ચાર વર્ષ પછી પરિવારની ગૂમ વ્યક્તિ મળી આવતાં પરિવારજનોએ ખુશી વ્યક્ત કરી હતી.

આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રફીક બાવા, દીપેશ સોની વિ. સહભાગી બન્યા હતા.

## રાજસ્થાનનો વિખુટો પડી ગયેલો પરિવાર ફરી પાછો એક થયો

રાજસ્થાનનાં અજમેર જિલ્લાનો યુવાન બલવીર પુંજ ભમરૂ (ઉં.વ. ૨૧) ગૂમ થતાં પરિવારજનો રડી રડી દિવસો પસાર કરી રહ્યા હતા. તેને શોધવા પરિવારનાં દરેક સભ્યો જ્યાં સમાચાર પ્રાપ્ત થાય ત્યાં પહોંચી જઈ તેની શોધ ચલાવતા. બે વર્ષ આમ જ વિત્યા. પરિવાર વેરવિખેર થઈ ગયો.

બે વર્ષ પછી તે રખડતો-ભટકતો સોમનાથનાં 'નિરાધારનો આધાર' આશ્રમે પહોંચ્યો હતો. ત્યાંના સંચાલકોએ તેની સારી સારવાર કરાવી હતી. માનવ જ્યોતના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા સોમનાથ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે તેને સાથે તેડી આવ્યા. માનવજ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા, કચ્છ મધ્યે આશ્રય આપ્યો.

રાજસ્થાન પોલીસની મદદ લઈ તેનું ઘર શોધવામાં સફળતા મળી. તેના માતા-પિતા અને ભાઈ ત્રણે ભુજ આવી પહોંચ્યા. બે વર્ષ પછી બલવીરનું પરિવારજનો સાથે મિલન થતાં ભાવુક દૃશ્યો સર્જાયા. વેરવિખેર થયેલો પરિવાર ફરી એક થયો. પરિવારમાં ખુશી છવાઈ ગઈ.

આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રફીક બાવા, પંકજ કુરૂવા, દિલીપ લોડાયા વિ. સહભાગી બન્યા હતા.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૯

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. પ્રથમ નંબરનો શ્રેષ્ઠ પશુપાલક – રાજ્યકક્ષાનો ઍવોર્ડ શ્રી ________ ને પ્રાપ્ત થયો હતો.
(પુરુષોત્તમ રૂપાલા, પરેશભાઈ દેઢિયા, રાઘવજીભાઈ પટેલ)

૨. શ્રી સરખેજ તીર્થમાં મૂળનાયક તરીકે ________ ભગવાન છે. (વાસુપૂજ્ય સ્વામી, પાર્શ્વનાથ, આદિનાથ)

૩. પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ડેન્ટલ વિભાગમાં OPG મશીનનું ઉદ્‌ઘાટન તા. ____________ ના રોજ કરવામાં આવેલ.
(૨૫-૧૨, ૨૪-૧૧, ૨૫-૧૧)

૪. પાલડીના મેડિકલ સેન્ટરમાં પૂ. સાધુ-સાધ્વીજીના વૈયાવચ્ચ (સારવાર) માટે શ્રી પૃથ્વીભાઈ શાહ તરફથી રૂા. ____________ નું દાન પ્રાપ્ત થયું છે. (૫૧,૦૦૦/-, ૧ લાખ, ૨૫,૦૦૦/-)

૫. અમેરિકામાં મેડિકલનો અભ્યાસ પૂર્ણ કરતાં ____________ વર્ષ લાગે છે. જેમાં ____________ વર્ષ સ્નાતક થવામાં અને ____________ વર્ષ મેડિસીનમાં લાગે છે. (૧૦, ૮, ૫, ૫, ૪, ૪)

૬. રાવ સાહેબનો હોદ્દો ધરાવનાર પ્રથમ કચ્છી ____________ હતા. (શ્રી લખમશી નપુ, શ્રી તેજુ કાયા, શ્રી કલ્યાણજી - આણંદજી)

૭. હિંદી - ગુજરાતી ચલચિત્રોમાં અદા કરનાર કચ્છી શ્રી ચાંપશીભાઈ નાગડા કચ્છ ____________ ગામના વતની હતા. તેમનું અવસાન ઈ.સ. ____________ માં થયું હતું. (સાંધવ, રાપર ગઢવારી, કોઠારા / ૨૦૦૨, ૨૦૦૯, ૨૦૦૭)

૮. 'મંગલ મંદિર'માં દેશ વિદેશની કોલમ (સમાચાર) આપનારનું કામ કોણ કરે છે? ____________
(ચૌલા કુરૂવા, અશોકભાઈ મહેતા, પ્રતાપભાઈ દંડ)

૯. ઓક્ટોબર માસમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતામંદિર મેડિકલ સેન્ટરમાં ____________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૯૬, ૮૬, ૧૦૨)

૧૦. વર્ષ ૧૯૮૯, ૯૦, ૯૧ના વર્ષમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કોણ હતા? ____________
(શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુભાઈ શાહ)

## • મણકા—૮ ના સવાલોના સાચા જવાબો •

૧. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કેન્સર નિદાન રજિસ્ટ્રેશન કેમ્પ ***તા. ૧-૧૦-૨૦૨૩*** દિવસે યોજાયો હતો.

૨. અંગદાન સમિતિ દ્વારા યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ***૭૪*** યુવક-યુવતીઓએ બ્લડ ડોનેટ કરેલ હતું.

૩. યુવા વિકાસ સમિતિ દ્વારા નવરાત્રિની ઉજવણી ***પ્રથમ*** નોરતે રાખવામાં આવેલ હતી.

૪. સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે સમાજને મેસેજ આપતું નાટક ***"સરનામું"*** રાખવામાં આવેલ હતું.

૫. સંસ્થાના ટ્રસ્ટ મંડળના કુલ ***૨૬*** ટ્રસ્ટીઓ છે તથા કારોબારી સમિતિના કુલ ***૨૮*** સભ્યો છે

૬. વયસ્ક સમિતિ દ્વારા કેટલા દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો? ***૨*** દિવસનો.

૭. સંસ્થાનો વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ ***તા. ૧-૧૦-૨૦૨૩*** ના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં ***૧૪૫૦*** સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

૮. શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટર ઉપર સપ્ટેમ્બર માસમાં કુલ ***૪૭૭*** વ્યક્તિઓએ લાભ લીધો હતો.

૯. સંસ્થાના વાર્ષિક સ્નેહ મિલનમાં સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી ***શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે*** સૌને સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી.

૧૦. સમાજના વાર્ષિકોત્સવના દિવસે સમાજની ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા ***રતનવીર*** ગૃહ ઉદ્યોગ હેઠળ દીપોત્સવી પર્વમાં ઉપયોગી ફરસાણ, મીઠાઈ વગેરે બુકિંગ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

***મણકા-૮ (મંગલ મંદિર ડિસેમ્બર-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. નવનીત ટી. પટેલ — બોપલ, અમદાવાદ
૨. કુસુમ ડી. ગોહેલ તથા કાજલ કે. વાઘેલા - મોરૈયા, ચાંગોદર પાસે, અમદાવાદ
૩. કલ્પનાબેન એચ. શાહ - અમદાવાદ
૪. રોનકબેન આઈ. શેખ - અમદાવાદ
૫. જ્યોતિ એલ. શાહ - મણિનગર, અમદાવાદ
૬. ફાલ્ગુની ડી. શાહ - આદિપુર, કચ્છ
૭. મીનાક્ષી પારેખ - અમદાવાદ
૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૯. કિંજલ દિવ્યેશ શેઠ - સુભાષબ્રિજ, અમદાવાદ
૧૦. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૧૧. હેમાબેન જગતકુમાર શાહ - પાલડી, અમદાવાદ
૧૨. મહેશ એ. મૈશેરી - બહેરામપુરા, અમદાવાદ
૧૩. હિરલ હાર્દિક મહેતા - વાસણા, અમદાવાદ
૧૪. છાયા રીતેશ કોઠારી — વાસણા, અમદાવાદ

***ઉપરોક્ત ૧૪ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

**૧. નવનીત ડી. પટેલ - બોપલ, અમદાવાદ**
**૨. રોનકબેન આઈ. શેખ - અમદાવાદ**
**૩. જ્યોતિ એલ. શાહ - મણિનગર, અમદાવાદ**
**૪. ફાલ્ગુની ડી. શાહ - આદિપુર, કચ્છ**
**૫. હેમાબેન જગતકુમાર શાહ - પાલડી, અમદાવાદ**

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## NanoNine® શબ્દ રમત-૨૦૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ |
| | ■ | ૧૩ | | | | ■ | | ■ | ૧૪ | | |
| ૧૫ | | | ■ | | ■ | ૧૬ | | ૧૭ | | ■ | |
| | ■ | ૧૮ | ૧૮A | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ■ |
| ૨૨ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | ૨૭ | |
| ■ | | ■ | | ■ | ૨૮ | ૨૯ | ૩૦ | ■ | ૩૧ | | ■ |
| ૩૨ | | ૩૩ | | ■ | ■ | ૩૪ | | ■ | | ■ | ૩૫ |
| | ■ | | ■ | ૩૬ | ૩૭ | ■ | ૩૮ | ૩૯ | ■ | ■ | ■ |
| ૪૦ | | ૪૧ | ૪૨ | ■ | ૪૩ | ૪૪ | ■ | ૪૫ | ૪૬ | | ૪૭ |
| | ■ | ૪૮ | | ૪૯ | ■ | ૫૦ | | ૫૧ | | ■ | |
| ■ | ૫૨ | ■ | ૫૩ | | ■ | ૫૪ | ■ | | ■ | ૫૫ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. બાળકને ઝુલાવતા ગવાતું ગીત (૪)
૪. મુઠ્ઠીમાં આવે તેટલું પોટલું (૩)
૬. બખોલ, ગુફા (૨)
૮. ઘા (૩)
૯. ન્યાયાધીશ (ઈ) (૨)
૧૦. દુકાનનો આગલો ભાગ (૨)
૧૧. શોક, દુઃખ, ખામોશી, ગુંદર (૨)
૧૩. શાકભાજી, ભાજીપાલો (૪)
૧૪. સ્વર્ગનું વિરૂધ્ધ (૩)
૧૫. મોટો ખાટલો, ઢોળિયો (૩)
૧૬. ભાષાંતર, અનુવાદ (૪)
૧૮. દિલ, અંતઃકરણ, ઈચ્છા, મરજી (૨)
૧૯. સુંદર સ્ત્રી, લક્ષ્મી, વિષ્ણુ પત્ની (૨)
૨૨. કાર્ય, કૌશલ, બાજીગરી (૪)
૨૪. પાણી, નીર (૨)
૨૫. સૂર્યનો વાર, દિતવાર, આતવાર (૪)
૨૮. પેદાશ, ઉપજ, ઉત્પન્ન (૩)
૩૧. એક કઠોળ, ત્રણ રતિ જેટલો ભાગ (૨)
૩૨. પિત્રાઈ (૪)
૩૪. ત્રણનો આંકડો, તગડો (૨)
૩૬. મનુષ્ય, પુરુષ (૨)
૩૮. શિક્ષા, દંડ, નસિયત (૨)
૪૦. લાય, બળવીતે, બળતરા થવી તે (૪)
૪૩. _____ દોરો (૨)
૪૫. જૈનોના ચોવીસમા તીર્થંકર (૪)
૪૮. ટાંચ, જપ્તી (૩)
૫૦. વટેમાર્ગુ, પથિક (૪)
૫૨. ત્રણ, _____ મંદિર (૧)
૫૩. પાંડવોની માતા (૨)
૫૪. નકાર, નિષેધ (૧)
૫૫. જંગલી, જંગલવાસી _____ પશુ (૨)

### ઊભી ચાવીઓ

૧. હાજરી નોંધવાનું પત્રક (૬)
૨. લાખ, લક્ષ, _____ ચોરાસીના ફેરા (૨)
૩. જુદી જુદી જાતની રમતો, ખેલ, ક્રિડા (૬)
૪. એક અનાજ, _____ના રોટલા ખવાય (૩)
૫. ધાણાની ભાજી (૪)
૭. વાટ, રાહ, ઘરેડ, ચીલો (૩)
૯. નાકાવેરો, દાણ, ખેરાત (૩)
૧૨. મગરમચ્છ, મગર, દશમી રાશિ (૩)
૧૪. નમઃ, નમન હો (૨)
૧૫. યાદીના કાગળોની નોટ, રજિસ્ટર (૩)
૧૬. તમાલ વૃક્ષનું પાંદડું (૫)
૧૭. જુગટું, દ્યુત (૩)
૧૮. બુદ્ધિ, મતિ, અભિપ્રાય, વોટ (૨)
૧૮-એ. અશક્તિ, કમજોરી (૪)
૧૯. રાત્રી, નિશા (૩)
૨૦. લીંપવા માટે બનાવેલો ગારો, ઘણું ઠંડું (૨)
૨૧. પ્રશ્ન (૩)
૨૩. રક્ષાયેલું (૩)
૨૬. વેવિશાળ, સગાઈ, લગ્ન (૩)
૨૭. એક કઠોળ (૨)
૩૦. વસ્તુ, ચીજ, ઘરેણું (૩)
૩૨. છબી, તસવીર, ફિલ્મ (૪)
૩૩. રામચંદ્રજીનું રાજ્ય (૪)
૩૫. બે (૧)
૩૭. જાડું દોરડું (૨)
૩૯. જમરૂખ (૪)
૪૧. રાજ્ય (૨)
૪૨. નાનું ગોળ બિંદુ (૩)
૪૪. ગંગા _____ સરસ્વતી (૩)
૪૬. પરાજ્ય, ગળામાં પહેરવાનું ઘરેણું (૨)
૪૭. રાત્રિ, નિશા (૩)
૪૯. ચકલી, પંખી (૨)
૫૧. પરિણામ, ફાયદો (૨)

### ચાડિયો

ખેતરમાં
ઉગેલા પાકને
પક્ષીઓને ચણતા જોઈને
ચાડિયાએ
મીંચી આંખો.
ખેડૂત કહે :
ચાડિયાનું પક્ષીઓ
સાથે સેટીંગ છે!
પક્ષી બોલ્યા :
ચાડિયો દયાવાન માણસ છે!

**દીપક જગતાપ - રાજપીપળા (જિ. નર્મદા)**
**મો. ૯૯૯૮૭ ૯૬૫૨૭**

## NanoNine® શબ્દ રમત-૨૦૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ડ | મિ | ન્ટ | ન | | વિ | લા | ય | ત | | અં |
| રો | ઝ | | | હિ | મા | લ | ય | | | જા | ત |
| મી | ન | | સા | ત | મ | | ક | | આ | મ | |
| ટ | | ક | વ | ર | લ | | | મ | ગ | ફ | ળી |
| ર | | | ર | | ત | ક | સા | ધુ | | ળ | |
| | ઓ | ઢ | ણી | | દા | સ | | ર | | | હ |
| અ | ડ | ગ | | અ | ર | ર | ર | | આ | | સ્તી |
| જ | | લા | | ગ | | | | દો | હ | રો | |
| ગ | ઠ | બં | ધ | ન | | દ | રા | જ | | જ | |
| ર | | ધ | | | ન | ખ | શી | ખ | | ની | ક |
| | મ | | શ | | વા | | | | મ | શી | ન |
| | હા | તિ | મ | તા | ઇ | | ભ | જ | ન | | |

*નવેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. યેશા મહેતા – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. દમયંતી દંડ – અમદાવાદ
૬. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૯. મીતા ખરીદીયા – અમદાવાદ
૧૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૨. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૩. કંચનબેન મોરબીયા – ભુજ
૧૪. હસમુખ દેઢિયા – અડાલજ
૧૫. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

(૧) પ્રભા શેઠિયા – વલસાડ
(૨) કંચનબેન મોરબીયા – ભુજ
(૩) મીનાબેન ખરીદીયા – અમદાવાદ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ષષ્ઠી પૂર્તિ વરસ દરમિયાન સૌથી વધારે વખત જે લોકોએ ભાગ લીધો હતો તેવી વ્યક્તિઓની નામાવલી.*

*પ્રતિયોગીતામાં સફળ નીવડેલ વાચકોએ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ધ્વજ વંદનના કાર્યક્રમ દરમિયાન સવારે ૧૦.૦૦ વાગે મુખ્ય મહેમાનના વરદ્ હસ્તે ઈનામો મેળવી લેવાના રહેશે.*

*દરેકે સમયસર પધારવા ખાસ વિનંતી છે.*

## ● શબ્દ રમતના વિજેતાઓ ●

*૧. સરલા શાહ*
*૨. તૃપ્તિ સાવલા*
*૩. અરવિંદ ભટ્ટ*
*૪. યેશા મહેતા*
*૫. લક્ષ્મી ખત્રી*
*૬. કામિની શેઠ*
*૭. સ્મિતા શાહ*
*૮. ચંદ્રા શાહ*
*૯. દમયંતી દંડ*
*૧૦. જ્યોતિ શાહ*
*૧૧. ઈન્દુબેન પટેલ*
*૧૨. હસમુખ દેઢિયા*
*૧૩. પ્રભા શેઠિયા*
*૧૪. કંચનબેન મોરબીયા*
*૧૫. મીના ખરીદીયા*

## ● 'સુડોકુ'ના વિજેતાઓ ●

*૧. અવંતી દંડ*
*૨. હેમલતા દેઢિયા*
*૩. મિતેશ દેઢિયા*
*૪. અરવિંદ ભટ્ટ*
*૫. યેશા મહેતા*
*૬. કામિની શેઠ*
*૭. સ્મિતા શાહ*
*૮. ચંદ્રા શાહ*
*૯. ઈન્દુબેન પટેલ*
*૧૦. નયના કારાણી*
*૧૧. પ્રભા શેઠિયા*

## રણોત્સવ પછી રણ સરોવર

**(અનુસંધાન : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

મધ્યભાગે વિકસતું મીઠા પાણીનું સરોવર કાંઠા વિસ્તારની ખેતી માટે નવી આશા અને વિકાસનું આહવાન કરનાર બનશે.

મનુષ્ય અને વન્ય જીવન માટે અનિવાર્ય વરસાદી પાણી કચ્છના નાના રણમાં સહજ રીતે એકઠું થાય છે ત્યારે ઈશ્વરના આશીર્વાદના પ્રતીક સમા ૯ લાખ કરોડ લીટર પાણીનો પ્રવાસન ઉદ્યોગ સાથે રચનાત્મક ઉપયોગ, સમજદારી અને સમયની માંગ બને છે. પાઈના ખર્ચમાં પર્વતનો લાભ મળે છે ત્યારે ગુજરાતની રાજકીય ઈચ્છાશક્તિ દ્વારા સરદાર સરોવર પછી એક નવા વિકાસ આયામ – રણ સરોવરની સંભાવનાઓ તપાસવી રહી.

***મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯***

## NanoNine® Sudoku

**નવેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. વિશાલ શાહ – અમદાવાદ
૨. નયના કારણી – અમદાવાદ
૩. યેશા મહેતા – અમદાવાદ
૪. ખુશી વોરા – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૮. મીના ખરીદીયા – અમદાવાદ
૯. ભૂપેન્દ્ર બાબરીયા – અમદાવાદ
૧૦. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૧. ફાલ્ગુની હિરેન – અમદાવાદ
૧૨. બીનોય ગોગરી – અમદાવાદ
૧૩. નયના ગોગરી – અમદાવાદ
૧૪. નયના મહેતા – અમદાવાદ
૧૫. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૬. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૭. હેમલતા દેઢિયા – અડાલજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. મહેન્દ્ર પુજ - અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | | | 5 | | 6 | | |
| | 5 | | 6 | | 2 | | | |
| | | 6 | | 1 | | | 5 | 7 |
| | | | 2 | | 1 | 7 | | 9 |
| 4 | 1 | | | | | | 3 | 6 |
| 9 | | 8 | 5 | | 6 | | | |
| 1 | 8 | | | 2 | | 4 | | |
| | | | 1 | | 8 | | 2 | |
| | | 5 | | 9 | | | 7 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | 1 | 2 | 8 | | | |
| | 1 | | | | 3 | 2 | | 9 |
| 7 | 5 | | | | | 3 | | |
| | | 5 | | | 1 | | 6 | 4 |
| | | 8 | | 6 | | 9 | | |
| 3 | 6 | | 5 | | | 1 | | |
| | | 1 | | | | | 3 | 2 |
| 5 | | 7 | 3 | | | | 1 | |
| | | | 2 | 1 | 4 | | 9 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | 7 | 2 | | |
| | | 7 | | 8 | | 5 | | 1 |
| 8 | | | | | 4 | | 9 | |
| | 2 | | 8 | | | | 4 | 9 |
| 1 | | | | 4 | | | | 2 |
| 3 | 9 | | | | 2 | | 1 | |
| | 7 | | 3 | | | | | 8 |
| 6 | | 1 | | 2 | | 9 | | |
| | | 2 | 5 | | 1 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 6 | | 9 | | | 4 |
| | | 6 | | 8 | | | | 2 |
| 1 | | 8 | 2 | | | | 6 | |
| | | 1 | 5 | | | 9 | 4 | |
| | | | | 4 | | | | |
| | 4 | 5 | | | 2 | 1 | | |
| | 3 | | | | 6 | 4 | | 8 |
| 8 | | | | 2 | | 7 | | |
| 9 | | | 4 | | 8 | | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 5 | 6 | 7 | 3 | 9 | 1 | 4 |
| 7 | 9 | 6 | 4 | 1 | 8 | 5 | 3 | 2 |
| 1 | 4 | 3 | 9 | 5 | 2 | 7 | 8 | 6 |
| 5 | 3 | 8 | 7 | 4 | 6 | 1 | 2 | 9 |
| 6 | 2 | 1 | 5 | 8 | 9 | 3 | 4 | 7 |
| 9 | 7 | 4 | 2 | 3 | 1 | 6 | 5 | 8 |
| 4 | 5 | 2 | 1 | 9 | 7 | 8 | 6 | 3 |
| 8 | 1 | 9 | 3 | 6 | 4 | 2 | 7 | 5 |
| 3 | 6 | 7 | 8 | 2 | 5 | 4 | 9 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 6 | 5 | 8 | 3 | 2 | 9 | 7 |
| 8 | 7 | 2 | 1 | 6 | 9 | 4 | 3 | 5 |
| 5 | 3 | 9 | 7 | 4 | 2 | 8 | 1 | 6 |
| 4 | 9 | 8 | 2 | 3 | 6 | 7 | 5 | 1 |
| 7 | 2 | 1 | 9 | 5 | 4 | 6 | 8 | 3 |
| 3 | 6 | 5 | 8 | 7 | 1 | 9 | 4 | 2 |
| 2 | 8 | 3 | 4 | 1 | 7 | 5 | 6 | 9 |
| 9 | 1 | 4 | 6 | 2 | 5 | 3 | 7 | 8 |
| 6 | 5 | 7 | 3 | 9 | 8 | 1 | 2 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 9 | 4 | 6 | 3 | 5 | 1 | 2 |
| 1 | 5 | 2 | 8 | 9 | 7 | 4 | 3 | 6 |
| 4 | 6 | 3 | 2 | 5 | 1 | 9 | 7 | 8 |
| 6 | 3 | 4 | 9 | 1 | 8 | 2 | 5 | 7 |
| 2 | 8 | 5 | 7 | 3 | 4 | 1 | 6 | 9 |
| 7 | 9 | 1 | 6 | 2 | 5 | 8 | 4 | 3 |
| 9 | 4 | 7 | 1 | 8 | 6 | 3 | 2 | 5 |
| 3 | 2 | 6 | 5 | 4 | 9 | 7 | 8 | 1 |
| 5 | 1 | 8 | 3 | 7 | 2 | 6 | 9 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 1 | 6 | 7 | 9 | 3 | 2 | 4 |
| 9 | 6 | 4 | 1 | 2 | 3 | 7 | 5 | 8 |
| 2 | 3 | 7 | 5 | 4 | 8 | 6 | 1 | 9 |
| 5 | 8 | 3 | 4 | 6 | 1 | 9 | 7 | 2 |
| 7 | 2 | 6 | 9 | 3 | 5 | 8 | 4 | 1 |
| 1 | 4 | 9 | 2 | 8 | 7 | 5 | 3 | 6 |
| 6 | 1 | 8 | 3 | 5 | 2 | 4 | 9 | 7 |
| 4 | 9 | 5 | 7 | 1 | 6 | 2 | 8 | 3 |
| 3 | 7 | 2 | 8 | 9 | 4 | 1 | 6 | 5 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

આપશ્રીનો નવેમ્બર-૨૦૨૩નો 'શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન'નો અંક મળ્યો.

મજકુર અંક સાત્ત્વિક, પ્રેરણાદાયી અને સકારાત્મકતાથી ભરપૂર વાંચન સામગ્રી સાથેનું એક આદર્શ સામાયિક છે.

સતત ૪૮ વરસથી પ્રગટ કરી સાત્ત્વિક વાંચનભર્યા અંકોનો ઢગલો ખડકી દીધો છે!

સમાજને અત્યંત સાહિત્યિક ભાષા ભર્યા લેખો ખરેખર વાચકવર્ગને નવી પ્રેરણા આપતા રહે છે. સમાજ કલ્યાણના કાર્યોને વેગવાન બનાવવા નવી દિશા સૂચવતા રહે છે.

તંત્રીશ્રી અને ટ્રસ્ટી મહાશયોને આવા અવ્વલ નંબરની સાહિત્યિક સામગ્રી સમાજને પીરસવા બદલ હાર્દિક અભિનંદન.

*કુલીનકાંત ચાંપશી લુઠિયા - મુંબઈ*
*સામાજિક કાર્યકર, ટ્રસ્ટી - માનવ જ્યોત*
*મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત**
**નવનીત મેડિકલ સેન્ટર - બોપલ**

હું, શ્રીમતી ટીનાબેન પટેલ. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે મેં મારી જમણી આંખનું મોતિયાનું ઑપરેશન તા. ૯-૧૨-૨૦૨૩ના રોજ ડૉ. મિત પટેલ પાસે કરાવ્યું હતું અને મને ખૂબ સંતોષ છે. ડૉ. મિત પટેલ સાહેબે ઑપરેશનની પૂરી માહિતી વિગતવાર આપેલ છે અને ખૂબ જ સારી રીતે ઑપરેશન કરેલ છે. હું ડૉ. રીદ્ધિબેનનો ખાસ આભાર માનું છું કે જેમની સલાહથી અમો ડૉ. મિતને મળ્યા. અને ખૂબ ખૂબ આભાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો અને મેડિકલ સેન્ટરના દરેક સ્ટાફનો ખૂબ સારો સપોર્ટ મળેલ છે.

*ટીનાબેન પટેલ*
*મો. ૯૮૨૫૨ ૭૦૭૩૭*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત**
**નવનીત મેડિકલ સેન્ટર - બોપલ**

સવિનય જણાવવાનું કે મારા વાઈફ — ભારતીબેન ભટ્ટના બધા જ રીપોર્ટ (હેલ્થ ચેક-અપ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે કરાવેલ છે. અહીંના સ્ટાફ ખૂબ જ વિનમ્રતાથી સેવાભાવથી કામ કરે છે. તેમને પણ ખૂબ જ અભિનંદન. અમને જુદા જુદા વિભાગોના ડૉક્ટરોની સેવા પણ ખૂબ જ સારી મળેલ છે. એક જ સ્થળે બધા ડૉક્ટરો અને વિવિધ વિભાગ હોવાથી દર્દીને ખૂબ સરળતા રહે છે. આ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય અને આવા જ જરૂરિયાતમંદ દર્દીઓની સેવા પ્રાપ્ત થાય અને તેમનું આરોગ્ય સારું રહે એ જ પ્રાર્થના. ટ્રસ્ટીઓને તથા ડૉક્ટરશ્રીઓને, સ્ટાફને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

*નરેન્દ્રભાઈ ભટ્ટ - બોપલ*
*મો. ૬૩૫૨૧ ૭૦૮૩૪*

**ભુજ સિટી બસનું ચલકચલાણું**

ભુજમાં સિટી બસ પુનઃ શરૂ થવાના એંધાણ મળ્યા ત્યારે નગરજનો ખુશ થાય એ સ્વાભાવિક છે. પણ એ બાબતનો અમલ થતો નથી. તેથી નગરજનો સિટી બસનો અસાંગળો વેઠી રહ્યા છે. ભુજ નગરપાલિકાની દરખાસ્ત અન્વયે ૯.૦૩ કરોડનું અનુદાન ફાળવવામાં આવતાં, ૨૨ સી.એન.જી. / ઈલેક્ટ્રીક બસ ૬ રૂટ પર દોડાવવાનું આયોજન ગોઠવાયું હતું. ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આ કાર્ય પાર પાડવા ઝડપ લાવવી જોઈએ.

શહેરીજનો માટે સિટી બસ સેવા ખૂબ આશિર્વાદરૂપ સાબિત થઈ હતી એ ૧૦૦% સાચું. પણ છેલ્લા પાંચ વર્ષથી એના પૈડા થંભી ગયા હતા. એ બસો ફરી દોડતી થાય એવી લોકલાગણી અને માંગણી હતી. પેટ્રોલ ડીઝલના ભાવ વધતાં રીક્ષા ભાડું વધી ગયું છે તેમ એના પર કોઈ નિયંત્રણ નથી. એ દૃષ્ટિએ પણ સિટી બસ જરૂરી સેવા છે.

*ભુજ સિટી બસ પ્રેરણા લે ખરી?*

ભુજમાં પુનઃ સિટી બસ ચાલુ કરવાના એંધાણ વર્તાય છે ત્યારે એસ.ટી.નો મારો સુખદ અનુભવ જણાવું. મને એસ.ટી.ની મુસાફરી વધુ ગમે. મેં જોયું કે બસમાં કંડક્ટરની ફરજ ડ્રાઈવર બજાવતા હતા. હું સાક્ષી છું કે એમનો ટિકિટ વ્યવહાર પારદર્શી હતો એ જોઈ આનંદ થયો.

ભુજ સિટી બસ વરિષ્ઠોને રાહત પાસ આપે છે. એમાં આવકની કોઈ મર્યાદા ન હતી. ફક્ત વરિષ્ઠ વય એકમાત્ર શરત હોવા છતાં દર વર્ષે પાસ રીન્યુ કરાવવાનો નિયમ હાસ્યાસ્પદ હતો. વરિષ્ઠ તો વરિષ્ઠ જ રહેવાનો છે અને આવકની કોઈ મર્યાદા નથી તો પાસ રીન્યુ શા માટે કરાવવો પડતો?! હવે આ ભૂલનું પુનરાવર્તન ન થવું જોઈએ. વિશેષમાં, માસિક પાસ ઉપરાંત એક દિવસીય 'ગમે ત્યાં ફરો' પ્રવાસી પાસ જેવી રાહત યોજનાઓ આપે તો છેવટે સિટી બસ તરફ આકર્ષણ વધે. રેકોર્ડબ્રેક મોંઘવારીએ જનતાની કમર ભાંગી નાખી છે. વધેલું રીક્ષા ભાડું 'પડ્યા પર પાટું' છે.

રૂટ બાબતે પણ નવેસરથી વિચારણા થવી જોઈએ. દૂરના વિસ્તારોને વિશેષ સુવિધા મળવી જોઈએ. ભુજની 'ધોરીનસ' પુનઃ કાર્યરત થાય એ લોકમાંગણી છે. હવે પ્રવાસન ઉદ્યોગ વિકસ્યો છે અને મોટી સંખ્યામાં પ્રવાસીઓ કચ્છ જોવા આવે છે ત્યારે ભુજ આવતા પ્રવાસીઓને ભુજમાં આવેલાં દર્શનીય સ્થળો બતાવવા માટે 'ભુજ દર્શન' રૂટ ચાલુ કરવા જોઈએ.

એ પહેલાં રખડતાં ઢોરોને ડબ્બે પૂરવા જોઈએ. નહિંતર વધુ મુશ્કેલી સર્જાશે.

*— જગદીશચંદ્ર છાયા*

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### ઝવેરીલાલ મહેતાનું અવસાન

ગુજરાતના ખ્યાતનામ ફોટો જર્નાલિસ્ટ, પદ્મશ્રી ઝવેરીલાલ મહેતાનું ૯૭ વર્ષની ઉંમરે સોમવારે અમદાવાદમાં નિધન થયું છે. વય સંબંધિત બીમારીને કારણે છેલ્લા બે સપ્તાહથી તેઓ બીમાર હતા અને આ કારણે જ તેમનું અવસાન થયું છે. તેમના અવસાનથી પત્રકાર જગતની જાણીતી હસ્તીઓ અને તેમના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. ઝવેરીલાલ મહેતાએ તેમની પુત્રી કાનન જોશીના ઘરે છેલ્લા શ્વાસ લીધા હતા.

*(તા. ૨૭-૧૧-૨૦૨૩)*

### વારાણસીનો શણગાર

આજે વારાણસી એટલે કે કાશીમાં ૨૧ લાખ દીવા પ્રગટાવીને દેવ દિવાળીની ઉજવણી કરવામાં આવશે. તેને જોવા માટે ૧૨ લાખથી વધુ પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ કાશી પહોંચી રહ્યા છે. સીએમ યોગીની સાથે ૭૦ દેશના ડેલિગેટ્સ અને ૧૫૦થી વધુ વિદેશી પ્રતિનિધિઓ પણ હાજર રહેશે. તેઓ ગંગાનો ભવ્ય શણગાર પણ જોશે.

*(તા. ૨૭-૧૧-૨૦૨૩)*

### મામેરું અનોખું...

હરિયાણાના રેવાડી શહેરમાં એક વ્યક્તિએ પોતાની ભાણીના લગ્નમાં હિંદુ રીત-રિવાજ મુજબ ભાત (મામેરું) આપીને એવો દાખલો બેસાડ્યો છે કે તેની માત્ર પાડોશમાં જ નહીં પરંતુ દેશભરમાં ચર્ચા થઈ રહી છે. ભાઈએ તેની વિધવા બહેનના ઘરે ચલણી નોટોનો ઢગલો કરી દીધો. તેણે ૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૦૧ રૂપિયા રોકડા આપ્યા. એટલું જ નહીં, તેણે કરોડો રૂપિયાની જ્વેલરી પણ આપી. આ મામેરામાં આપેલા કેશનો વીડિયો ખૂબ ચર્ચામાં છે.

*(તા. ૨૯-૧૧-૨૦૨૩)*

### જોવા જેવું છે ગુજરાતનું આ ગોલ્ડન ગામ...

માત્ર એકાદ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં અંદાજે ૨૦૦ જેટલા ખોરડા જ છે. તેમ છતાં આ ગામની દરેક ગલીઓમાં પાકા રોડ-રસ્તા બનાવવામાં આવેલા છે. આખાય ગામને આધુનિક ડ્રેનેજ સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યું છે. ગામમાં સુંદર ગાર્ડન છે, સુંદર તળાવ છે, સુંદર પાઠશાળા છે. ગામમાં સુંદર મંદિરો પણ આવેલાં છે. સુરક્ષાની દૃષ્ટિએ પણ આ ગામ ખાસ છે. આખાય ગામને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યું છે. દરેક બહારથી આવતી જતી વ્યક્તિઓ પર અને ગામમાં થતી નાનામાં નાની હિલચાલ ઉપર સીસીટીવી કેમેરાની બાજ નજર રહે છે.

ગામનો ઘેટ, ગામનો ઘુમ્મટ, ગામની પંચાયત, ગામની બજારો, ગામના મકાનો ત્યાં સુધી કે ગામની દીવાલો – અહીં બધું જ સોનેરી છે. દુનિયાનું અનોખું ગામ છે આ.

આ વાત છે ગુજરાતના અમરેલી જિલ્લામાં આવેલાં બગસરાથી માત્ર ૧૨ કિ.મી.ના અંતરે આવેલાં ગોલ્ડન ગામ તરીકે ઓળખાતા રફાળા ગામની. આ ગામમાં જાપાન જેવી ટેકનોલોજીનો ઉપયોગ પણ તમને જોવા મળશે.

ગામની અંદર કોઈપણ કાર્યક્રમ હોય અથવા કોઈપણ જાહેરાત કરવાની હોય તે માટે એનાઉન્સમેન્ટ સિસ્ટમ પણ ગોઠવવામાં આવી છે. આ ગામનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત પૂજ્ય મોરારિબાપુની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સૌથી ધ્યાન ખેંચનારી બાબત એ હતી કે આખા ગામની તમામ બજારો, ગલીઓમાં તમામ ઘરની દીવાલોને ગોલ્ડન કલરથી રંગી દેવામાં આવી છે. બે ઘડી જોનારને તો એવું જ લાગે કે આ ગામમાં બધી દીવાલો સોનાની હશે.

હાલ આ ગામને નિહાળવા અને અહીંની સુવિધાઓની જાણકારી મેળવવા બહારથી પ્રવાસીઓ પણ આવે છે. આ ગામના રચયિતા છે સવજીભાઈ ધોળકિયા.

આધુનિક સુવિધાસભર રફાળા ગ્રામ પંચાયતને સંસદ ભવનનું નામ અપાયું છે. ગામના તમામ રસ્તાઓ હંમેશાં ચોખ્ખા ચણાક રહે છે. *(તા. ૦૨-૧૨-૨૦૨૩)*

## સુરતની ડમ્પિંગ સાઈટ

સુરત ડાયમંડ બુર્સનું ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે ત્યારે સૌથી મોટો પડકાર ડમ્પિંગ સાઈટનો છે. ડાયમંડ બુર્સની બરોબર માત્ર ૨૦૦૦ મીટર દૂર આવેલી આ ડમ્પિંગ સાઈટ ઉપર ૩૨ લાખ મેટ્રીક ટન તેમજ અન્ય ૧૫ લાખ મેટ્રીક ટન જેટલો કચરો ઠાલવવામાં આવ્યો હતો.

*(તા. ૦૯-૧૨-૨૦૨૩)*

## સિવિલ સેવામાં ૧૮ વર્ષથી ઉત્તર પ્રદેશવાળા અવ્વલ..

હ્યુમેનિટી વિષયના વિદ્યાર્થી સૌથી વધુ પાસ થાય છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસ પરીક્ષામાં બી.ટેક. અને બી.ઈ. કરનારા વિદ્યાર્થીઓનો દબદબો કાયમ છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પસંદ કરાયેલા ઉમેદવારોમાંથી ૬૦થી ૬૬% એન્જિનિયરીંગ બેકગ્રાઉન્ડના છે. બીજી તરફ આઈ.એ.એસ. અધિકારી બનવાની દૃષ્ટિએ રાજ્યોનું પ્રતિનિધિત્વ જોઈએ તો ૧૮ વર્ષથી ઉત્તર પ્રદેશના ઉમેદવારો અવ્વલ રહ્યા છે.

*(તા. ૦૯-૧૨-૨૦૨૩)*

## કાશ્મીર... સુપ્રીમ કોર્ટનો નિર્ણય...

૧૧ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ની માન્યતા પર ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. દેશની સૌથી મોટી કોર્ટમાં ૫ જજોની સામે ૨૬ વકીલો વચ્ચે આ મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ. ૧૬ દિવસ સુધી ચાલેલી સુનાવણી બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. આજે તેનો ચુકાદો આવી ગયો છે અને સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ હટાવવાના સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે.

*(તા. ૧૧-૧૨-૨૦૨૩)*

## મહિલાની પોસ્ટીંગ

સિયાચીન ગ્લેશિયરમાં સેનાની ઑપરેશનલ પોસ્ટ પર પ્રથમ વખત મહિલા મેડિકલ ઓફિસરને તહેનાત કરવામાં આવી છે. આ જવાબદારી કેપ્ટન ફાતિમા વસીમને સોંપવામાં આવી છે. તેમની પોસ્ટીંગ ૧૫ હજાર ૨૦૦ ફૂટની ઊંચાઈ પર કરવામાં આવી છે.

*(તા. ૧૦-૧૨-૨૦૨૩)*

## સાંસદનું કાળું નાણું

ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુના આવાસ પર આવકવેરાના દરોડાનો અંત આવ્યો. ૬ ડિસેમ્બરથી દરોડા પાડવામાં આવી રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, અત્યાર સુધી કુલ ૩૫૪ કરોડ રૂપિયા મળ્યા છે. જોકે ઘણી જગ્યાએ આ આંકડો ૫૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે.

*(તા. ૧૧-૧૨-૨૦૨૩)*

## દ્વારકામાં રાસ રચશે રેકોર્ડ...

ભગવાન શ્રીકૃષ્ણનું ગોપીઓ સંગ વ્રજ રાસ જગવિખ્યાત છે. તેમજ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના પુત્રવધૂ અને બાણાસુરની પુત્રી ઉષા રાસ રમ્યા હતા અને ગુજરાતમાં ગરબાની શરૂઆત થઈ. આ ઉપરાંત લોકવાયકા પ્રમાણે અંદાજે ૫૫૦ વર્ષ પહેલાં કચ્છના વ્રજવાણીમાં આહિરાણીઓ સાથે શ્રીકૃષ્ણ રાસ રમવા ઢોલીરૂપે આવ્યા હતા. તેની સ્મૃતિરૂપે શ્રીકૃષ્ણ યાદવ કુળની ૩૭ હજાર આહિરાણીઓ દ્વારા આગામી ડિસેમ્બર માસની ૨૩ તથા ૨૪મી તારીખે ગરબો રચીને રાસ સ્વરૂપે ભગવાન દ્વારકાધીશનાં ચરણોમાં અર્પણ કરશે. આટલી વિશાળ સંખ્યામાં આહિરાણીઓ રાસ રમીને વિશ્વ રેકોર્ડ બનાવશે.

*(તા. ૧૨-૧૨-૨૦૨૩)*

## મથુરા ઇદગાહ સર્વેનો આદેશ યથાવત રખાયો

અલાહાબાદ હાઈકોર્ટે ગુરૂવારે વિવાદાસ્પદ સ્થળના કમિશનરને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. શાહી ઈદગાહ મસ્જિદ અને સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડે આ આદેશને વર્ચ્યુઅલ રીતે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જેમાં કમિશનર સર્વે અને હાઈકોર્ટની કાર્યવાહી અટકાવવા માંગ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આનો ઈન્કાર કર્યો અને કહ્યું હતું કે કાર્યવાહી આગળ ચાલવા દો.

હાઈકોર્ટના નિર્ણય બાદ હવે કોર્ટ કમિશનર શ્રીકૃષ્ણ જન્મભૂમિ - શાહી ઈદગાહની ૧૩.૩૭ એકર વિવાદાસ્પદ જમીનનો સર્વે કરશે.

૧૬૭૦માં મંદિરને તોડીને મસ્જિદ બનાવવામાં આવી હતી.

*(તા. ૧૪-૧૨-૨૦૨૩)*

## જજનું શોષણ

મહિલા જજનો લેટર ગુરૂવારે વાઈરલ થયો હતો. CJI ને સંબોધીને લખેલા આ લેટરમાં તેણે પોતાની જાતીય સતામણીનો ઉલ્લેખ કર્યો હતો અને ઈચ્છામૃત્યુની માંગણી કરી હતી. આ પત્રમાં તેણે લખ્યું હતું કે કોર્ટમાં મારું શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું. હું બીજાને ન્યાય આપું છું, પણ હું પોતે

અન્યાયનો શિકાર બની છું.

*(તા. ૧૫-૧૨-૨૦૨૩)*

## દેશમાં મોંઘવારી...

દેશમાં નવેમ્બર દરમિયાન ખાદ્ય પદાર્થોની કિંમતોમાં ખાસ કરીને ડુંગળી અને શાકભાજીની કિંમતોમાં વધારાને કારણે જથ્થાબંધ ફુગાવો આઠ મહિનાના સર્વોચ્ચ સ્તરે ૦.૨૬% નોંધાયો છે. એપ્રિલથી WPI ફુગાવો નેગેટીવ ઝોનમાં હતો અને ઓક્ટોબરમાં તે –૦.૫૨% હતો. અગાઉ માર્ચ દરમિયાન WPI ફુગાવો ૧.૪૧% નોંધાયો હતો.

*(તા. ૧૬-૧૨-૨૦૨૩)*

## ઇન્ફોસીસના વડા

આઈ.ટી. કંપની ઈન્ફોસીસના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર (CFO) નીલાંજન રોયે રાજીનામું આપી દીધું છે. કંપનીમાંથી તેમની એક્ઝીટ ૩૧ માર્ચ, ૨૦૨૪થી લાગુ થશે. કંપનીએ ૧ એપ્રિલ, ૨૦૨૪થી નીલાંજન રોયના સ્થાને જયેશ સંગરાજકાને નવા CFO તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે.

*(તા. ૧૭-૧૨-૨૦૨૩)*

## પેન્ટાગોનથી પણ મોટું સુરતનું ડાયમંડ બુર્સ

**૧૫ માળ, ૯ ટાવર્સ. આ સૌથી મોટી ઇન્ટરકનેક્ટેડ બિલ્ડિંગ. ૪૭૦૦થી વધુ ઓફિસ.**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ ડિસેમ્બરે ગુજરાતમાં બનેલ **સુરત ડાયમંડ બુર્સ (SDB) બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કરશે.** આ સૌથી મોટી ઈન્ટર કનેક્ટેડ બિલ્ડિંગ છે અને યુ.એસ. ડિફેન્સ હેડક્વાર્ટર પેન્ટાગોન કરતાં પણ મોટી છે. **તેમાં ૪૭૦૦થી વધુ ઓફિસો છે.** આ કાર્યક્રમ માટે દેશ અને દુનિયામાંથી ૭૦,૦૦૦થી વધુ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

**તેનો ખર્ચ ૩૫૦૦ કરોડ રૂપિયા છે.** બિલ્ડિંગનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૧૫માં શરૂ થયું હતું. તેનું કામ એપ્રિલ ૨૦૨૨માં પૂર્ણ થયું. SDB ની સ્થાપના સુરતના હીરા ઉદ્યોગ દ્વારા ઉત્પાદન અને વેપાર બંને માટે વન-સ્ટોપ હબ તરીકે કરવામાં આવી છે. સુરત વિશ્વના ૯૨% નેચરલ ડાયમંડનું ઉત્પાદન કરે છે. આ ઇમારતનું નામ આ વર્ષે ઓગસ્ટમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. **આ ઇમારત ૩૫.૫૪ એકરમાં ફેલાયેલી છે. તેનો બિલ્ટ અપ એરીયા ૬૭ લાખ ચોરસ ફૂટ છે.**

સુરતમાં બનેલા આ મેગા સ્ટ્રક્ચરમાંથી ૯ ગ્રાઉન્ડ ટાવર અને ૧૫ માળ છે. નવ લંબચોરસ ટાવર્સ સેન્ટ્રલ સ્પાઈન સાથે જોડાયેલાં છે. તેની પાસે ૩૦૦ ચોરસ ફૂટથી ૧ લાખ ચોરસ ફૂટ સુધીની ૪૫૦૦ ઓફિસ સ્પેસ છે. ઈમારતને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) તરફથી પ્લેટીનમ રેન્કિંગ મળ્યું છે. ઓફિસો ઉપરાંત ડાયમંડ બુર્સ કેમ્પસમાં સેફ ડિપોઝીટ વોલ્ટ, કોન્ફરન્સ હોલ, મલ્ટીપર્પઝ હોલ, રેસ્ટોરાં, બેંકો, કસ્ટમ ક્લિયરન્સ હાઉસ, કન્વેન્શન સેન્ટર, એક્ઝીબિશન સેન્ટર, તાલીમ કેન્દ્રો, મનોરંજન એરિયા અને ક્લબ જેવી સુવિધાઓ છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણી ડાયમંડ ટ્રેડિંગ કંપનીઓએ અહીં તેમની ઓફિસ શરૂ કરી છે.

*(તા. ૧૭-૧૨-૨૦૨૩)*

## અમદાવાદનું બ્યુટીફિકેશન

અમદાવાદ શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટને બ્યુટીફિકેશન કરવાની શરૂઆત મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. **શહેરના VVIP રોડ અને એન્ટ્રી પોઇન્ટ એવા ઇંદીરા બ્રિજથી એરપોર્ટ સર્કલ સુધીના ૧.૭ કિ.મી.ના રોડને આઇકોન રોડ બનાવવાનો નિર્ણય લીધો છે.** આગામી મહિને ગુજરાત વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે, ત્યારે દેશ-વિદેશના મહાનુભાવો ગુજરાતના મહેમાન બનવાના છે. જેથી આ રોડની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

*(તા. ૧૮-૧૨-૨૦૨૩)*

## સ્વ વેદ મંદિરનું ઉદ્‌ઘાટન... કાશી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાશી પ્રવાસના સોમવારે બીજો દિવસ છે. PM એ ઉમરાહ સ્થિત સ્વર્વેદ મહામંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. ૭ માળનું આ મંદિર ૨૦ વર્ષમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. PM મોદીએ મંદિરની દીવાલો પર અદ્‌ભુત કોતરણીઓ જોઈ હતી.

*(તા. ૧૮-૧૨-૨૦૨૩)*

## સુરતના વેપારીએ બનાવ્યો રામ મંદિર નેકલેસ...

સુરતના જ્વેલર્સ વેપારી દ્વારા અનોખો રામ મંદિરનો નેકલેસ તૈયાર કરવામાં આવ્યો છે. રામ દરબાર સાથેનો વેપારીએ આ નેકલેસ તૈયાર કર્યો છે. જેમાં ૪૦ જેટલા કારીગરો અને ૩૦ દિવસની મહેનત બાદ આ નેકલેસ સાથેનો રામ દરબાર તૈયાર થયો છે. જેમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે, આખા

હાર પર સમગ્ર રામાયણના અધ્યાયો કંડારવામાં આવ્યા છે. જેને સોના, ચાંદી અને ૫૦૦૦ અમેરિકન ડાયમંડથી તૈયાર કરાયો છે. નેકલેસ સાથેના આ રામ દરબારને રામ મંદિરના નિર્માણ સાથે તેને અર્પણ કરાશે.

*(તા. ૧૮-૧૨-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## ચીનની સ્કૂલોમાં રહસ્યમય બીમારી

ચીનના સ્થાનિક મીડિયા અનુસાર, રહસ્યમય બીમારીના કારણે ચીનની રાજધાની બેઇજિંગની અને ૮૦૦ માઇલ વિસ્તારમાં આવેલી તમામ હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ ગઈ છે. રોગને ફેલાતો અટકાવવા માટે સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. તેનાથી પીડિત બાળકોમાં છાતીમાં બળતરા, ભારે તાવ, ઉધરસ અને શરદી જેવાં લક્ષણો જોવા મળી રહ્યા છે.

WHO એ હજુ સુધી આ રહસ્યભરી બીમારી મહામારી છે કે કેમ તે અંગે કોઈ માહિતી આપી નથી. હાલમાં ચીનમાં ભારે ઠંડી પડી રહી છે.

WHOનું કહેવું છે કે ચીન પાસે ઘણા બધા ડેટા છે. જેનાથી કોરોના વાઇરસની ઉત્પત્તિ સમજી શકાય છે. જો કે ચીન આ વાતને શૅર કરી રહ્યું નથી.

*(તા. ૨૩-૧૧-૨૦૨૩)*

## જીડીપીમાં આગળ લક્ઝમબર્ગ

**ભારતની વ્યક્તિદીઠ ૬૦.૬૨ લાખ રૂપિયા જીડીપી, લક્ઝમબર્ગમાં ૧.૧૯ કરોડ. ● ટોપ-૧૦ દેશોમાં આયર્લેન્ડ બીજા, સીંગાપુર ત્રીજા તો ૯૪.૮૩ લાખની આવક સાથે કતાર ચોથા ક્રમે.**

યુરોપમાં સમૃદ્ધિના કેન્દ્ર બેલ્જિયમ, ફ્રાન્સ અને જર્મની વચ્ચે આવેલા લક્ઝમબર્ગ જીડીપી પ્રતિ વ્યક્તિ પ્રમાણે વિશ્વનો સૌથી ધનિક દેશ છે. કુલ ૨૦૦ દેશની યાદીમાં ભારત ૧૨૯ ક્રમે છે. લક્ઝમબર્ગનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વ્યક્તિદીઠ ૧.૧૯ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે. માત્ર ૨,૫૮૬.૪ વર્ગ કિ.મી.માં પથરાયેલા દેશનું ફાઇનાન્સિયલ સેક્ટર તેની જીડીપીમાં ૨૫% યોગદાન આપે છે. એક વિકસિત રાષ્ટ્ર તરીકે દેશનું કદ મજબૂત કરે છે.

*(તા. ૧૬-૧૨-૨૦૨૩)*

## થા ઉભો!

હોય એ તો હાલ્યા કરે, થા ઉભો
દુઃખ તો આવ્યા કરે, થા ઉભો!

તારા લલાટે તો વિફળતા હો ભલે,
બીજા ભલે ફાવ્યા કરે, થા ઉભો!

રાત માથેથી વહી ગઈ ક્યારનીય
તુ હજુ સપના જુએ છે? થા ઉભો!

કારમા ઘા આપનારે છો દીધા
ઘાવ પંપાળ્યા કરે છે? થા ઉભો!

ચહેરો તારો સાફ ચાડી ખાય છે,
આયનો શાને જુએ છે? થા ઉભો!

'મીર' હારણ થા નહીં જાલીમ ઝંઝાવાતથી,
કમર કસીને તું, થા ઉભો!

*યુસુફ મીર - અમદાવાદ*

## ટેક હોય છે

ધર્મમાં મત મતાંતર અનેક હોય છે
કર્મના વિજ્ઞાનનો સિદ્ધાંત એક હોય છે.

માનવતા, માદળીયા, શ્રદ્ધા કુંડળીમાં
અંધશ્રદ્ધાની માત્રા અતિરેક હોય છે.

સંસાર મહીં લુભાવે સ્વજનની પ્રીત
લોહીમાં ફરક તો પ્રત્યેક હોય છે.

સત્કર્મોની પ્રેરણા કરાવે આત્મસંતોષ
સદ્ભાવી દિલની પ્રાર્થના નેક હોય છે.

સઢમાં પૂરે પવન સજ્જનનો સંગાથ
'કેતુ', વડીલોની મજબૂત ટેક હોય છે.

*કેતના છેડા 'કેતુ' ● મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

## ગઝલ

પ્રેમમાં ભૂલા પડેલાને ખબર,
કેટલી કાંટા ભરેલી છે ડગર!

સ્મિત સામે સ્મિત કરનારા મળ્યા
આંસુઓ પર કેટલાની ગઈ નજર?

પ્રાર્થના, પૂજા, દુઆ દિલથી કરી,
ના થઈ ઓ ઈશ! તારા પર અસર.

જ્યાં જુઓ ત્યાં ભીડ ને ઘોંઘાટ છે,
સાદ મારો સાંભળે ક્યાંથી નગર?

મોત 'જીનલ' એટલે તો બહુ ગમે,
હોય પાસે તારી ને મારી કબર.

*અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, મુંબઈ*

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

*જ્ઞાન-વિજ્ઞાનની શ્રેણીનો હેતુ 'મંગલ મંદિર'ના વાચકોને જ્ઞાન જગતની વિશેષતાનો સંક્ષિપ્તમાં પરિચય કરાવવાનો છે. આ વિભાગમાં યંત્ર, વિજ્ઞાન, જીવ-જગત, વનસ્પતિ જગત સહિત અનેક વિષયની વિવિધ જાણકારીઓ રજૂ કરાય છે. આજે જંતુ જગતની વાતો કરીશું.*

*– રસીક ખીમજી મહેતા*

## મેલેરિયા ફેલાવતો વિશિષ્ટ જંતુ : મચ્છર

★ વિશ્વમાં મચ્છરની ૩૦૦૦ જેટલી જાત છે.

★ મચ્છર માણસના શરીરની ગંધ, કાર્બન ડાયોક્સાઇડ, ઉષ્ણતામાન અને ભેજ ઓળખી શકે છે અને તે રીતે અનુકૂળ આવ-જા કરે છે.

★ મચ્છર કલાકના લગભગ દોઢ કિ.મી.ની ઝડપે ઉડે છે. તે પોતાની પાંખ એક સેકંડમાં ૩૦૦થી વધુ વખત ફફડાવીને ગણગણાટ કરતાં ઉડે છે.

★ લોહી એ મચ્છરનો ખોરાક નથી. માત્ર માદા મચ્છર ઇંડાના પોષણ માટે માણસનું લોહી ચૂસે છે. જયારે બીજા ડંખમાંથી નીકળતું પાણી લોહીને જામી જતું અટકાવે છે.

★ મચ્છર મનુષ્યની ગંધ ૭૦ ફૂટ દૂરથી મેળવી શકે છે.

★ મચ્છર ભેજ તથા ભૂરા રંગ તરફ વધુ આકર્ષાય છે.

★ મચ્છરને ૪૭ દાંત હોય છે.

## જંતુ જગતનું જાણવા જેવું

★ વિશ્વનો સૌથી મોટો કરોળીયો જાયન્ટ બર્ડ ઈટીંગ સ્પાઇડર છે. ૧૯૬૫માં આ કરોળીયાનો નમુનો સાચવવામાં આવેલો. તેના પગનો વ્યાપ ૧૧.૦૨ ઈંચ હતો. આ કરોળીયા આફ્રિકાના સૂરિનામ અને ગીયાનામાં જોવા મળે છે.

★ વિશ્વનો સૌથી નાનો કરોળીયો પૂર્ણ વિરામના ટપકાં જેવડો હોય છે. ૦.૦૦૧૭ ઈંચના કદના આ કરોળીયા આફ્રિકાના સામોયામાં જોવા મળે છે. તેને પાટુ મારપ્લેસી કહે છે.

★ વિશ્વનું સૌથી મોટું પતંગિયું ક્વિન એલેકઝાન્ડ્રા છે. તેની પાંખોનો ઘેરાવો ૧૧ ઈંચ હોય છે.

★ વંદા ગંધથી ખૂબ જ આકર્ષાય છે. તે ચામડાની ચીજોને પણ તોડી નાખે છે. તેનો પ્રિય ખોરાક ગુંદર છે.

★ તમરાનું ગીત વાતાવરણનું ઉષ્ણતામાન દર્શાવે છે. ૧૩ સેકંડમાં તે જેટલી વખત અવાજ કરે તેના આધારે તાપમાન જાણવાની પ્રથા છે.

★ આફ્રિકન ઉધઈ પાંચ ઈંચ સુધી લાંબી હોઈ શકે છે. તે દરરોજ ૩૦,૦૦૦ ઈંડા મૂકે છે.

★ સૌથી વજનદાર જીવડું ગોલીયાથ બીટલ ૪ ઈંચ લાંબું હોય છે અને લગભગ ૧૦૦ ગ્રામ વજન ધરાવે છે.

## ઇજીપ્તનો વિરાટ કરોળીયો કેમલ સ્પાઇડર

ઈજીપ્તની દંતકથાઓમાં ભયાનક હિંસક અને વિરાટ કદના વીંછી, કરોળીયા અને કીડી જેવા જંતુઓની ઘણી વાતો પ્રચલિત છે. આ વાતો અતિશયોક્તિ ભરેલી હોય છે. પરંતુ ઈજીપ્તમાં જોવા મળતા કેમલ સ્પાઈડર કરોળીયા ભલે નાના હોય પણ ભયાનક અને હિંસક તો હોય જ છે.

રણ પ્રદેશમાં થતા આ કરોળીયા ૨ ફૂટ લાંબા હોય છે. તેને આઠ પગ હોય છે. કેમલ સ્પાઇડરમાં પણ જુદી જુદી હજાર જાત જોવા મળે છે. આ કરોળીયાના માથામાં બે ડંખ હોય છે. તેને દાંત હોતા નથી પણ ડંખમાંથી નીકળતું તેજાબી ઝેરી પ્રવાહી શિકારની ચામડીને બાળી નાખે છે. આ કરોળીયા ઊંઘતા ઊંટનું પેટ ચીરીને ખાઈ જાય છે. કરોળીયાના આઠે પગમાં ઘણા સાંધા હોય છે. તે ઝડપથી દોડી શકે છે. તેના પાછલા પગમાં સૂક્ષ્મ વાળ હોય છે. તેના વડે નજીકમાં થતું હલનચલન પારખી શકે છે. તેની મોટી આંખ આકારોને ઓળખી શકે છે.

આ કરોળીયાનો દુશ્મન વીંછી છે. કરોળીયા અને વીંછીની લડાઈ જોવા જેવી હોય છે. ઈજીપ્તના આદિવાસીઓ કરોળીયા અને વીંછીને પકડીને તેને લડાવે છે અને તે જોવાનો આનંદ માણે છે.

## મધમાખી વિશે આ જાણો છો?

★ મધમાખી ૧ લાખ કિ.મી. જેટલો પ્રવાસ કરી લાખો ફૂલ

ઉપર જાય ત્યારે માંડ ૫૦૦ ગ્રામ મધ એકઠું થઈ શકે છે.

★ મધમાખીની પાંખ એક સેકન્ડમાં ૧૧,૦૦૦ વખત ફફડે છે અને તે કલાકના ૨૨ કિ.મી.ની ઝડપે ઉડે છે.

★ મધમાખીને છ પગ અને ચાર પાંખો હોય છે.

★ પૃથ્વી પર મધમાખી એક કરોડ વર્ષ પહેલાથી અસ્તિત્વ ધરાવે છે.

★ મધમાખી એક ટ્રીપમાં લગભગ ૧૦૦ ફૂલ ઉપરથી મધ લઈને મધપુડામાં મૂકવા આવે છે.

★ મધમાખી નૃત્ય દ્વારા સંકેત કરીને બીજી મધમાખીને ફૂલોની દિશા બતાવે છે.

★ માદા મજૂર મધમાખી હોય છે તે દરરોજ ૨૫૦૦ ઈંડા મૂકવા સિવાય કંઈ કામ કરતી નથી.

★ મધમાખીના ડંખ થોડા ઝેરી હોય છે. મધ તેમજ આ ઝેરનો સારવારમાં ઉપયોગ થાય છે. તેને એપીથેરાપી કહે છે.

★ મધમાખીનું મધ સ્વાદિષ્ટ આહાર અને ઔષધ તરીકે ઉપયોગી હોવાથી તેને પ્રાપ્ત કરવા અનેક દેશોમાં મધમાખી પાલન કેન્દ્ર બનાવાયા છે. જેમાંથી મધ એકઠું કરી તેનું વેચાણ કરાય છે.

## વિશ્વનું સૌથી મોટું ચામાચીડિયું : મેગા બેટ

ઉડી શકનારા સસ્તન પ્રાણીઓમાં ચામાચીડિયા સુપ્રસિદ્ધ છે. કાળા રંગના આ નિશાચર પ્રાણીઓ ભૂત-પ્રેતની વાતો સાથે સંકળાયેલા છે અને જોતાં જ આપણને ભયભીત કરે છે.

ચામાચીડિયાની અનેક જાત છે. તેમાં સૌથી મોટા ઓસ્ટ્રેલિયામાં દોઢ ફૂટ લાંબા જોવા મળે છે. દોઢ ફૂટ લાંબા આ ચામાચીડિયા મેગા બેટ તરીકે જાણીતા છે. તેનું મોં શિયાળ જેવું હોવાથી તેને ફોક્સ બેટ પણ કહે છે. ઓસ્ટ્રેલિયામાં મેગાબેટના ટોળેટોળા જોવા મળે છે. તે દોઢ ફૂટ લાંબા હોય છે. તેની પાંખોનો ઘેરાવો ૪થી ૫ ફૂટ હોય છે. શિયાળ જેવું મોટું મોં અને મોટી ગોળાકાર આંખો તેની વિશેષતા છે. મેગા બેટ જીવજંતુઓ અને વનસ્પતિ એમ બંને ખાઈને જીવે છે. તેની જીભ ઘણી લાંબી હોય છે. તે ફૂલમાં ખોસીને રસ ચૂસે છે. તેની જીભ દૂર સુધીની ગંધ પારખી શકે છે. મેગા બેટ ઘણા દેશોના જંગલોમાં જોવા મળે છે. તેની ૨૫થી વધુ જાતિ છે. ઘણા દેશોમાં તેને ફ્લાઈંગ ફોક્સ પણ કહે છે. ઘણા મેગા બેટના મોં વાનર જેવા હોય છે. ઘણા ગોળાકાર કાનવાળા હોય છે. આ બધા મેગા બેટ તેની રચના અને દેખાવ પ્રમાણેના નામથી જાણીતા છે.

ભારત, બાંગ્લાદેશ, માલદીવ્સ અને ચીનમાં પણ મેગા બેટ જોવા મળે છે. એશિયાના મેગા બેટને ઇન્ડિયન ફૂટ બેટ કહે છે. તે કેળા અને કેરીના પાકને વ્યાપક નુકસાન કરે છે.

## ઝેરી પતંગિયું : ક્વિન એલેકઝાન્ડ્રા બર્ડ વિંગ

ફૂલો ઉપર ઉડતાં રંગબેરંગી અને સુંદર પતંગિયા પણ ઝેરી હોય તે જાણીને નવાઈ લાગે. પપુઆ ન્યુગીનીના જંગલોમાં જોવા મળતાં ક્વિન એલેકઝાન્ડ્રા બટરફ્લાય ઝેરી હોય છે. વળી તે પતંગિયાની જાતના સૌથી મોટા કદના છે. પક્ષી જેવા મોટા એક ફૂટની પાંખ ધરાવતા આ પતંગિયા મોટા પક્ષી જેવા લાગે છે.

લીલા રંગની પાંખો પર કથ્થાઈ ટપકાંવાળા આ પતંગિયા ઝેરી વનસ્પતિના ફૂલોમાંથી રસ ચૂસે છે. ઈ.સ. ૧૮૪૪માં તેને બ્રિટનના મહારાણીના નામ ઉપરથી નામ મળેલું અને તે ક્વિન એલેકઝાન્ડ્રા બર્ડ વિંગ તરીકે ઓળખાયા.

બર્ડ વિંગ હમલે પક્ષી જેવા હોય પરંતુ તે અન્ય પતંગિયાની જેમ ઈંડામાંથી ઈયળ અને કોશેટો બન્યા પછી પતંગિયા તરીકે અવતરે છે. તેના કોશેટો આપણા અંગુઠા જેવા મોટા હોય છે. આ પતંગિયાની જીભ લાંબી ભૂંગળી જેવી હોય છે. નર પતંગિયા નાના કદના અને તેજસ્વી રંગના હોય છે.

## પૃથ્વી પરનું સુપરબગ : કીડી

હાથી, સિંહ, ડાઈનાસોર વગેરે શક્તિશાળી પ્રાણીઓ ગણાય છે. પરંતુ જાણીને નવાઈ લાગશે કે શરીરના કદની સરખામણીમાં પૃથ્વી પરનો સૌથી શક્તિશાળી જીવ કીડી છે. કીડી પોતાના શરીર કરતાં ૨૦ ગણું વજન ઊંચકીને ચાલી શકે છે. કોઈ પ્રાણીમાં આટલી તાકાત નથી. કીડી વિશે બીજી પણ વાતો રસપ્રદ છે. પૃથ્વી પર ૧૦,૦૦૦ કરતાં વધુ જાતની કીડી જોવા મળે છે. મોટાભાગની કીડી ૩થી ૪ મિ.મિ. કદની હોય છે. જંતુ જગતનો મોટો ભાગ કીડીઓ રોકે છે.

કીડીના શરીરની રચના જટીલ છે. તેના મુખ્ય ત્રણ અંગો માથું, પેટ અને પેડુ. માથામાં ચટકો ભરવા માટે તેના શરીરમાં ૧૦૦૦ સૂક્ષ્મ લેન્સ હોય છે. તે નજીકની વસ્તુ સારી રીતે જોઈ શકે છે. માથા પર એન્ટેના જેવા બે વાળ હોય છે. આ બધું માઈક્રોસ્કોપ વડે જ જોઈ શકાય તેટલું સૂક્ષ્મ હોય છે. કીડીના બંને પડખે ત્રણ-ત્રણ એમ છ પગ હોય છે. પગના છેડે પંજો પણ હોય છે. કીડી લાખોના સમૂહમાં રહે છે. સમૂહમાં એક રાણી કીડી હોય છે. ■

## ઉડતી નજરે.... માસ નવેમ્બર-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૫૭૦<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૨૫<br>● બોડી ચેક-અપ ........ ૨૨૬<br>● સોનોગ્રાફી ........ ૭૯૯<br>● ટી.એમ.ટી. ........ ૩૮<br>● ઑપરેશન ........ ૧<br>● અન્ય ........ ૬,૦૦૪ | ૭,૬૬૩ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૩૯૨<br>● સ્ત્રીઓ ........ ૨૪૯<br>● બાળકો ........ ૪૪<br>● કેન્ટીન ........ ૩,૭૩૦ | ૪,૪૧૫ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૧૨૧<br>● સ્ત્રીઓ ........ ૫૫<br>● બાળકો ........ ૧૦ | ૧૮૬ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૦૭ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૨,૩૨૯<br>● મ્યુઝીયમ ........ ૧,૫૦૦<br>● કેન્ટીન ........ ૩,૭૨૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૪૨૫<br>● ડિસ્પેન્સરી ........ ૮૯ | ૮,૦૬૩ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૪૬૭ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ........ ૧૩૬<br>● સોનોગ્રાફી ........ ૧૭૮<br>● અન્ય ........ ૪,૪૫૪ | ૪,૭૬૮ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૯૨ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ ૪૩<br>● સોનોગ્રાફી ........ ૨૬<br>● બોડી ચેક-અપ ........ ૧૯<br>● કેમ્પ ........ ૫૩<br>● અન્ય ........ ૨૬૧ | ૪૦૨ |
| | *માસ નવેમ્બર - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | ૨૬,૨૬૩ |

# અતીતના ઓવારેથી.... : મણકો-૯

*અતીતના ઓવારેથી મણકા નં.-૯માં આપણે વર્ષ ૧૯૯૩-૯૪થી વર્ષ ૧૯૯૮-૯૯ – એમ ૬ વર્ષની ટ્રસ્ટ મંડળની અને કારોબારી સમિતિના સભ્યોનું અવલોકન કરીશું.*

*આ ૬ વર્ષના ગાળા દરમિયાન ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખપદે રહ્યા કે જ્યારે શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા ટ્રસ્ટી અને માનદ્ મંત્રીના પદે રહ્યા.*

*નવા બંધારણ પ્રમાણે ટ્રસ્ટ મંડળમાં જે કાયમી ટ્રસ્ટી તરીકેની ૩ સીટ નક્કી કરવામાં આવી તેમાંની બે સીટ પર વર્ષ ૧૯૯૪-૯૫થી શ્રી કાંતિલાલ વેલજી સાવલા અને શ્રી જગશી જેઠાભાઈ છેડાની વરણી કરવામાં આવી અને ત્રીજી સીટ પર વર્ષ ૧૯૯૭-૯૮થી શ્રી બિપીનચંદ્ર કાનજી જૈનની વરણી કરવામાં આવી.*

*આ સમય દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે એક ખૂબ જ અગત્યની ઘટના બનવા પામી કે જે આ સમાજના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ચૂકેલ છે.*

*અમદાવાદના પાલડી વિસ્તારમાં અંદાજિત ૧૮૦૦ ચો.વારના પ્લોટ પર તા. ૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવનના નિર્માણ માટે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું અને તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ નિર્માણ પામેલ શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.*

*આજની તારીખમાં શ્રી કચ્છી જૈન ભવન સંસ્થાનું મુખ્ય કેન્દ્ર બની જવા પામેલ છે.*

*– તંત્રી મંડળ*

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૯૩-૯૪ | વર્ષ ૧૯૯૪-૯૫ | વર્ષ ૧૯૯૫-૯૬ |
|---|---|---|---|---|
| | | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ટ્રસ્ટી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી કાંતિલાલ વેલજી સાવલા (કાયમી ટ્રસ્ટી) | શ્રી કાંતિલાલ વેલજી સાવલા (કાયમી ટ્રસ્ટી) |
| ૩. | ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ રામજી શાહ | શ્રી જગશી જેઠાભાઈ છેડા (કાયમી ટ્રસ્ટી) | શ્રી જગશી જેઠાભાઈ છેડા (કાયમી ટ્રસ્ટી) |
| ૪. | ટ્રસ્ટી | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૫. | ટ્રસ્ટી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી કાંતિલાલ રામજી શાહ | શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા |
| ૬. | ટ્રસ્ટી | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા |
| ૭. | ટ્રસ્ટી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૮. | ટ્રસ્ટી | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૯. | ટ્રસ્ટી | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી બાબુભાઈ કેશવજી શાહ | શ્રી બંસીલાલ મગનલાલ ગડા |
| ૧૦. | ટ્રસ્ટી | શ્રી મુરજી નરશી શાહ | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા | શ્રી બાબુભાઈ કેશવજી શાહ |
| ૧૧. | ટ્રસ્ટી | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા |
| ૧૨. | ટ્રસ્ટી | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૩. | ટ્રસ્ટી | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૧૪. | ટ્રસ્ટી | — | શ્રી મુરજી નરશી શાહ | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૧૫. | ટ્રસ્ટી | — | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી મુરજી નરશી શાહ |
| ૧૬. | ટ્રસ્ટી | — | શ્રી હરખચંદ કુંવરજી સાવલા | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા |
| ૧૭. | ટ્રસ્ટી | — | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હરખચંદ કુંવરજી સાવલા |
| ૧૮. | ટ્રસ્ટી | — | — | શ્રી હીરજી પાસુભાઈ શાહ |

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૯૩-૯૪ | વર્ષ ૧૯૯૪-૯૫ | વર્ષ ૧૯૯૫-૯૬ |
|---|---|---|---|---|
| | | *કારોબારી સમિતિ* | *કારોબારી સમિતિ* | *કારોબારી સમિતિ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૩. | માનદ્ મંત્રી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૪. | સહમંત્રી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૫. | ખજાનચી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૬. | સભ્ય | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૭. | સભ્ય | શ્રી ઉમરશી જેઠાભાઈ ફુરૂવા | શ્રી ઉમરશી જેઠાભાઈ ફુરૂવા | શ્રી ઉમરશી જેઠાભાઈ ફુરૂવા |
| ૮. | સભ્ય | શ્રી કિશોર મુળજી લાલકા | શ્રી કિશોર મુળજી લાલકા | શ્રી કિશોર મુળજી લાલકા |
| ૯. | સભ્ય | શ્રી જયંતીલાલ વેલજી મોતા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ખુશેન્દ્ર ધનજી ધરમશી |
| ૧૦. | સભ્ય | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | શ્રી ખુશેન્દ્ર ધનજી ધરમશી | શ્રી દામજી હીરજી સંગોઈ |
| ૧૧. | સભ્ય | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| ૧૨. | સભ્ય | શ્રી નીતિન વેલજી પાલાણી | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૩. | સભ્ય | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી ભોગીલાલ કાનજી ત્રેવડિયા | શ્રી ભોગીલાલ કાનજી ત્રેવડિયા |
| ૧૪. | સભ્ય | શ્રી બાબુલાલ કેશવજી શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ |
| ૧૫. | સભ્ય | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી મણિલાલ નાનજી ગાલા | શ્રી મણિલાલ નાનજી ગાલા |
| ૧૬. | સભ્ય | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી વિજયસેન રવજી શાહ | શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા |
| ૧૭. | સભ્ય | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી હીરાલાલ સાકરચંદ દોશી |

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૯૬-૯૭ | વર્ષ ૧૯૯૭-૯૮ | વર્ષ ૧૯૯૮-૯૯ |
|---|---|---|---|---|
| | | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | કાયમી ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | શ્રી કાંતિલાલ વેલજી સાવલા |
| ૩. | કાયમી ટ્રસ્ટી | શ્રી જગશી જેઠાભાઈ છેડા | શ્રી જગશી જેઠાભાઈ છેડા | શ્રી જગશી જેઠાભાઈ છેડા |
| ૪. | કાયમી ટ્રસ્ટી | — | શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન | શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન |
| ૫. | ટ્રસ્ટી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા |
| ૬. | ટ્રસ્ટી | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૭. | ટ્રસ્ટી | શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી બાબુભાઈ કેશવજી શાહ |
| ૮. | ટ્રસ્ટી | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા |
| ૯. | ટ્રસ્ટી | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી બાબુભાઈ કેશવજી શાહ | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૧૦. | ટ્રસ્ટી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૧૧. | ટ્રસ્ટી | શ્રી બાબુભાઈ કેશવજી શાહ | શ્રી હરખચંદ કુંવરજી સાવલા | શ્રી હીરજી પાસુભાઈ શાહ |
| ૧૨. | ટ્રસ્ટી | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા | શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા | શ્રી હરખચંદ કુંવરજી સાવલા |
| ૧૩. | ટ્રસ્ટી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૧૪. | ટ્રસ્ટી | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા |

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૯૬-૯૭ | વર્ષ ૧૯૯૭-૯૮ | વર્ષ ૧૯૯૮-૯૯ |
|---|---|---|---|---|
| ૧૫. | ટ્રસ્ટી | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૬. | ટ્રસ્ટી | શ્રી મુરજી નરશી શાહ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ |
| ૧૭. | ટ્રસ્ટી | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૧૮. | ટ્રસ્ટી | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા |
| ૧૯. | ટ્રસ્ટી | શ્રી હરખચંદ કુંવરજી સાવલા | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૨૦. | ટ્રસ્ટી | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ |
| ૨૧. | ટ્રસ્ટી | શ્રી હીરજી પાસુભાઈ શાહ | — | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા |
| ૨૨. | કો-ઓપ્ટ ટ્રસ્ટી | — | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૨૩. | કો-ઓપ્ટ ટ્રસ્ટી | — | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| | | *કારોબારી સમિતિ* | *કારોબારી સમિતિ* | *કારોબારી સમિતિ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | શ્રી કાંતિલાલ વેલજી સાવલા |
| ૩. | માનદ્ મંત્રી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૪. | સહમંત્રી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ |
| ૫. | ખજાનચી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા | શ્રી હસમુખ બાબુભાઈ શાહ |
| ૬. | સભ્ય | શ્રી અશ્વિન હીરજી સાવલા | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૭. | સભ્ય | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૮. | સભ્ય | શ્રી કિશોર મુળજી લાલકા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા |
| ૯. | સભ્ય | શ્રી દામજી હીરજી સંગોઈ | શ્રી દામજી હીરજી સંગોઈ | શ્રી કાંતિલાલ અંબાલાલ પૂજ |
| ૧૦. | સભ્ય | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી કિશોર મુળજી લાલકા |
| ૧૧. | સભ્ય | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | શ્રી કિશોર મુળજી લાલકા | શ્રી ગિરીશ દામજી પોલડિયા |
| ૧૨. | સભ્ય | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી અશ્વિન હીરજી સાવલા | શ્રી દામજી પ્રેમજી નીસર |
| ૧૩. | સભ્ય | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી ગિરીશ દામજી પોલડિયા | શ્રી દિગંત ભાઈલાલ શાહ |
| ૧૪. | સભ્ય | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | શ્રી રસિકલાલ રાયચંદ ધરમશી | શ્રી દિલીપ શાંતિલાલ સંઘવી |
| ૧૫. | સભ્ય | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | શ્રી નીતિન ધનજી ગાલા |
| ૧૬. | સભ્ય | શ્રી રસિકલાલ રાયચંદ મહેતા | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૭. | સભ્ય | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ | શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા | શ્રી બિપીન હરિલાલ શાહ |
| ૧૮. | સભ્ય | — | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ |
| ૧૯. | સભ્ય | — | શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર |
| ૨૦. | સભ્ય | — | શ્રી હસમુખ બાબુભાઈ શાહ | શ્રી રસિકલાલ રાયચંદ મહેતા |
| ૨૧. | સભ્ય | — | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા |
| ૨૨. | સભ્ય | — | શ્રી નીતિન ધનજી ગાલા | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા |
| ૨૩. | સભ્ય | — | શ્રી નીતિન વેલજી પાલાણી | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ |

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૮)

## ડૉ. હિમાંશુ શાહ

**M.S., Mch (Urology)**



અશોક મહેતા

આજે આપણે એક એવા ડૉક્ટરની વાત કરીશું કે જેઓ ગુજરાતના, પ્રમાણમાં એક વેરાન પ્રદેશમાંથી આવેલ હોવા છતાં સદાયે હસમુખો ચહેરો ધરાવતા અને ખૂબ જ ગંભીર વાતોને પણ હળવાશથી રજૂ કરવાની આવડત ધરાવતા એક ડૉક્ટરની કે જેઓશ્રીએ પોતાના વતનમાં ૧૨ ધોરણ પાસ કરી, કોઈ પણ જાતની સધ્ધરતા ન હોવા છતાં અમદાવાદ પધારી, પ્રથમ MBBS ડૉક્ટર અને ત્યારબાદ યુરોલોજી (M.S. અને Mch)ના ક્ષેત્રે સર્જન બની, પોતાના સહયોગીઓ સાથે એકત્રિત થઈ અમદાવાદ જેવા શહેરમાં એક અદ્યતન હોસ્પિટલ સ્થાપિત કરી, અન્યોને પણ પ્રેરણા પ્રાપ્ત થાય તેવું જીવન સાર્થક કરનાર **ડૉ. હિમાંશુ શાહ**ની કે જેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાંથી છેલ્લા ૨૨ વર્ષથી અવિરતપણે પોતાની સેવા આપી રહ્યા છે.



**ડૉ. હિમાંશુ શાહ**
**M.S., Mch (Urology)**

ડૉ. હિમાંશુ શાહનો જન્મ કચ્છ જિલ્લાના દરિયા કિનારાના માંડવી શહેરમાં તા. ૧૫-૭-૧૯૬૯ના રોજ થયેલ હતો. તેઓશ્રીનો ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ માંડવીની શેઠ ખીમજી રામદાસ હાઈસ્કૂલમાં થયેલ હતો. ધોરણ ૧૦ની પરીક્ષામાં એક વખત નાપાસ થયેલ હોવા છતાં પણ ધોરણ ૧૨મા, શાળામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ, **ગોલ્ડ મેડલ** મેળવી, શાળાનો અભ્યાસ ૧૯૮૬માં પૂર્ણ કરેલ હતો.

તેઓશ્રીનું હળવાશભર્યું જીવન, અભ્યાસમાં નિપુણતા અને સંગીત, રમતગમત વગેરે ક્ષેત્રે નાનપણથી જ પારંગતતા મેળવેલ હોવાના કારણે શેઠ ખીમજી રામદાસ હાઈસ્કૂલને વર્ષ ૨૦૧૫માં ૬૦ વર્ષ પૂર્ણ થયા ત્યારે તેના ષષ્ઠીપૂર્તિ ઉત્સવના સમયે તેના ૬૦ વર્ષના વિદ્યાર્થીઓની કારકિર્દીમાંથી માત્ર ૪ વિદ્યાર્થીઓને પસંદ કરી, તેઓને બેસ્ટ સ્ટુડન્ટ ઍવૉર્ડ આપવામાં આવ્યા હતા કે જેમાં એક વિદ્યાર્થી હતા આપણા **ડૉ. હિમાંશુ શાહ.**

તેઓએ અમદાવાદ આવી બી.જે. મેડિકલ કૉલેજ (સિવિલ હોસ્પિટલ)માંથી વર્ષ ૧૯૯૨માં એમ.બી.બી.એસ.ની પદવી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ એન.એચ.એલ. મ્યુનિસિપલ કૉલેજ (વી. એસ. હોસ્પિટલ)માંથી વર્ષ ૧૯૯૬માં એમ.એસ. (જનરલ સર્જન)ની પદવી હાંસલ કરેલ હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૭માં એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાંથી કેન્સર ફેલોશિપ ક્ષેત્રે કાર્યરત રહી વર્ષ ૧૯૯૯માં બી.જે. મેડિકલ કૉલેજમાંથી M.Ch. (યુરોલોજી)ની પદવી મેળવેલ હતી. M.Ch. ની એન્ટ્રન્સ પરીક્ષા તથા ફાઈનલ પરીક્ષામાં **"ગોલ્ડ મેડલ"** પણ પ્રાપ્ત કરેલ હતા. તેઓશ્રી ત્યારબાદ વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૦૧ દરમિયાન IKDRC (ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર)માં આસિસ્ટન્ટ પ્રોફેસર ઑફ યુરોલોજી તરીકે કાર્યરત રહેલ હતા.

વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૧૪ દરમિયાન આશ્રમ રોડ પાસેની સુખમણિ હોસ્પિટલમાં યુરોલોજિસ્ટ કાર્યરત રહ્યા હતા. આ દરમિયાન તેઓ દર અઠવાડિયે કચ્છમાં ભુજ, અંજાર, માંડવી અને ગાંધીધામની હોસ્પિટલમાં નિયમિતપણે જઈ ત્યાંના કિડની પેશન્ટોની ચકાસણી કરી યોગ્ય સારવાર કરતા હતા. આ રીતે તેઓએ કચ્છ સાથે પોતાનો નાતો જાળવી રાખેલ હતો.

એ દરમિયાન ૪ યુરોલોજિસ્ટ ડૉક્ટર મિત્રોએ ભેગા થઈને વર્ષ ૨૦૧૨માં ફ્યુઝન કિડની કેર પ્રા.લિ. નામની કંપની સ્થાપિત કરી અને વર્ષ ૨૦૧૫થી ફ્યુઝન કિડની ઈન્સ્ટિટ્યૂટ (હોસ્પિટલ) અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં

શરૂ કરી કે જે અમદાવાદ તથા ગુજરાતના લોકોની કિડનીની દરેક પ્રકારની તકલીફોનું વધુમાં વધુ સારી રીતે નિવારણ કરવા કોશિશ કરતી આવેલ છે. ફ્યુઝન કિડની હોસ્પિટલ એ અમદાવાદની એકમાત્ર એવી હોસ્પિટલ છે કે જ્યાં એક સાથે ૪ યુરોલોજિસ્ટ ડૉક્ટર પોતાની સેવા આપી રહ્યા છે. એક સાથે એક જ સ્થળેથી ૪ યુરોલોજિસ્ટ ડૉક્ટરો કાર્યરત હોવાના કારણે દર્દીની કેટલીક અસાધ્ય તકલીફો અથવા ચાલુ ઑપરેશનને ઊભા થતા પ્રશ્નો બાબતે આ ડૉક્ટરો તરત જ એકબીજા સાથે ચર્ચા કરી, તે પ્રશ્નોના નિવારણ લાવી શકે છે કે જે જાહેર જનતા માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે.

અગત્યની વાત તો એ છે કે ડૉ. હિમાંશુ શાહે વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૨૩ સુધીના ૨૨ વર્ષના સમયગાળામાં કિડનીના રોગો જેવા કે સ્ટોન, પ્રોસ્ટેટ, કેન્સર વગેરેના ૨૫,૦૦૦થી પણ વધુ ઑપરેશન સફળતાપૂર્વક પાર પાડેલ છે અને ૧૦૦૦થી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરેલ છે. તેઓશ્રીએ કિડની ટ્રાન્સપ્લાન્ટના ઑપરેશનો અમદાવાદની અદ્યતન હોસ્પિટલો જેવી કે સિવિલ (ડૉ. એચ. એલ. ત્રિવેદી સાથે રહીને ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ), સિમ્સ, સાલ, સ્ટર્લિંગ જેવી હોસ્પિટલમાંથી કરેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ડૉ. હિમાંશુ શાહ વર્ષ ૨૦૦૨થી જોડાયા અને ત્યારથી અત્યાર સુધી દર ગુરૂવારે યુરોલોજીની તકલીફવાળા એવરેજ ૮થી ૧૦ દર્દીઓની ચકાસણી અને યોગ્ય સારવાર કરી પોતાની સેવા આપી રહ્યા છે. આ રીતે તેઓએ વર્ષમાં ૫૦૦ અને ૨૨ વર્ષમાં અંદાજિત ૧૧,૦૦૦ દર્દીઓને અહીંથી પોતાના જ્ઞાનનો લાભ આપેલ છે. અન્ય રીતે વાત કરીએ તો તેઓશ્રીએ પોતાની પ્રાઇવેટ હોસ્પિટલમાં દરરોજના એવરેજ ૧૫ દર્દીઓની ચકાસણી કરવાનું ચાલુ રાખેલ છે.

જ્યારે તેઓને પૂછવામાં આવ્યું કે મેડિકલ ક્ષેત્રે હજુ પણ આગળ વધુ પ્રોગ્રેસ કરવો હોય તો શ્રી કચ્છી જૈન સેવા સમાજે કઈ રીતે આગળ વધવું જોઈએ? ત્યારે તેમનો પ્રતિભાવ હતો કે ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલને લક્ષમાં રાખીને, તે પ્રકારના ધ્યેય સાથે આ સમાજે આગળ વધવું જોઈએ.

ડૉ. હિમાંશુ શાહ પોતાના મેડિકલ વિભાગ સિવાય અન્ય ક્ષેત્રે જેવા કે સંગીત, જિમ્નેશિયમ, માઉન્ટેનિયરીંગ, સાઇકલિંગ, મેરેથોન, સ્કુબા ડાઇવિંગ (દરિયાની અંદર ડાઇવિંગ કરવું) જેવા વિષયમાં પણ સારો એવો શોખ ધરાવે છે કે જેના વિશેની વિગતવાર માહિતી આ સાથેના લેખમાંથી પ્રાપ્ત થઈ શકશે કે જે લેખ પ્રોફેસર પીયુષભાઈએ લખેલ છે. પ્રોફેસર પીયુષભાઈ ગુજરાત કોલેજના માઇક્રોબાયોલોજી વિભાગના રીટાયર્ડ પ્રોફેસર છે કે જેના વરદ્ હસ્તે આ સાથેનો બીજો લેખ લખાયેલ છે.

ડૉ. હિમાંશુ શાહના પિતાશ્રીનું નામ રમેશભાઈ અને માતુશ્રીનું નામ વિમળાબેન છે. ડૉ. હિમાંશુ શાહના લગ્ન વર્ષ ૧૯૯૭માં સુરત સ્થિત બહેનશ્રી મીના સાથે થયેલ હતા કે જેઓ કોમર્સ ગ્રેજ્યુએટ છે અને ૪૫ વર્ષની ઉંમરે સ્વિમિંગમાં નેશનલ લેવલે ચેમ્પિયનશીપ મેળવેલ હતી. ડૉ. હિમાંશુ શાહની બહેન સીમા હોમ સાયન્સમાં અભ્યાસ કરી પોતાનું લગ્નજીવન ગાંધીનગરમાં વ્યતીત કરી રહેલ છે. ડૉ. હિમાંશુ શાહનો દીકરો મિત એન.એચ.એલ. મ્યુનિ. કૉલેજમાંથી MBBS ની પદવી પ્રાપ્ત કરી હાલે M.S.ના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલ છે. તે પણ બાસ્કેટબોલમાં નેશનલ લેવલે રમી ચૂકેલ છે.

આ પ્રકારની ભાતીગળ કારકિર્દી ધરાવતા ડૉ. હિમાંશુ શાહ હજુ પણ પોતાની જિંદગીમાં આગળ વધતા રહે અને શારીરિક સારવારના ક્ષેત્રે વધુને વધુ સેવા આપતા રહે તેવી અભ્યર્થના સાથે અહીં વિરમીએ.

***આ સાથે પ્રોફેસર પીયુષભાઈએ ડૉ. હિમાંશુ શાહ પર લખેલ લેખ સામેલ છે.***

## *A Traveller, Sportsman, Musician, Adventurist, Tourist Who also performs Surgery!*

***– Prof. Piyush***

## ડૉ. હિમાંશુ શાહ, M.S., M.Ch.

## એક પ્રવાસી, રમતવીર, સંગીતકાર, સાહસિક પ્રવાસી જે સર્જરી પણ કરે છે!

લગભગ સાડા ત્રણ વર્ષ પહેલાં તે પરિમલ ગાર્ડન અમદાવાદમાં થોડો મોડો પહોંચ્યો હતો. જ્યાં અમે દર રવિવારે સવારે અમારી માઉથ ઓર્ગન પ્રેક્ટીસ માટે મળીએ છીએ. આ તેમના માટે તદ્દન અસ્પષ્ટ હતું કારણકે સામાન્ય રીતે તેઓ સૌથી

વહેલા પહોંચનારા લોકોમાંના એક છે. જ્યારે મેં તેની તરફ જોયું ત્યારે તેનો ચહેરો લગભગ ગુલાબી થઈ ગયો હતો. મેં પૂછ્યું કે બધું બરાબર છે? ખુશખુશાલ સ્મિત સાથે તેણે જવાબ આપ્યો, 'બધું સારું છે. બસ, હું હાફ મેરેથોન દોડ્યા પછી પહોંચ્યું છું.' ૪૫ વર્ષથી વધુ ઉંમરનો માણસ ૨૧ કિ.મી. દોડ્યા પછી સીધો માઉથ ઓર્ગન વગાડવા માટે આવે એ બહુ સામાન્ય બાબત નથી! ત્યાં હાજર અમે બધા આશ્ચર્યચકિત થઈ ગયા. મારી જીજ્ઞાસાએ મને પૂછવા માટે પ્રોત્સાહિત કર્યું કે શું તેની ઉંમરે હાફ મેરેથોન દોડવી તે યોગ્ય છે? તેનો જવાબ એકદમ સીધો હતો. તે તેની ફિટનેસ વિકસાવી રહ્યો હતો કારણકે તે આવનારા થોડા મહિનામાં માઉન્ટેન કિલીમાંજારો પર માઉન્ટેનિયરીંગ માટે જવાનો હતો. હવે અમે આશ્ચર્ય કરતાં પણ વધુ આશ્ચર્યચકિત હતા કારણકે કિલીમાંજારોને માઉન્ટેનિયરીંગ માટેના સૌથી અઘરા પર્વતોમાંનું એક માનવામાં આવે છે અને ૪૫+ની ઉંમરે તે તૈયારી કરી રહ્યો હતો! તે સવારે અમે એક પછી એક આશ્ચર્યમાં હતા કારણકે તેણે અમને કહ્યું કે તે કૈલાસ માનસરોવરની યાત્રા કરી ચૂક્યો છે અને એવરેસ્ટ બેઝ કેમ્પ પણ જઈ ચૂક્યો છે! આ ઉપરાંત તેણે સ્કુબા ડાઈવિંગનો એડવાન્સ કોર્સ કર્યો હતો અને તેણે ગોવા, મોરેશિયસ, થાઈલેન્ડના મહાસાગરોમાં ડાઈવિંગ કર્યું હતું અને તે બધામાં ટોચ પર રહેવા માટે ઓસ્ટ્રેલિયાના ગ્રેટ બેરીયર રીફમાં પણ તેણે તે જ કર્યું હતું. જાણે કે આ બધું પૂરતું ન હોય તેમ આ સજ્જનને જેનો શ્રેય છે, તે ઓગસ્ટ ૨૦૧૭માં મનાલીથી લેહની સાઈકલ સફર માટેનો!

જો કોઈને લાગતું હોય કે હું દુર્ગંધ મારતા સમૃદ્ધ પરિવારના એક વંશજ વિશે વાત કરી રહ્યો છું, જેની પાસે તેના સાહસિક શોખને પોષવા સિવાય બીજું કંઈ જ નથી, તો મને સ્પષ્ટતા કરવા દો કે તે તેના વ્યવસાયમાં ઊંડો મગ્ન છે અને ત્યાં પણ સાવચેતીપૂર્વક કામ કરે છે. આ સાથી ડૉ. હિમાંશુ શાહ, MS, M.Ch. એક ખૂબ જ સફળ યુરો સર્જન – જે અમદાવાદ શહેરમાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ ધરાવે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તે આટલી બધી પ્રવૃત્તિઓ કેવી રીતે મેનેજ કરી શકે છે? ત્યારે તે સ્મિત સાથે જવાબ આપે છે કે, "બની જાય છે" એટલે કે 'તે માત્ર થઈ જાય છે.'

તે તેની જીવનશૈલીને સંપૂર્ણ શ્રેય આપે છે... સાદી ખાણીપીણીની આદતો, ઓછામાં ઓછા છ કલાકની ઊંઘ, વહેલા ઉઠવું, યોગ, પ્રાણાયામ, જોગીંગ અને ફિટનેસ માટે નિયમિત ધોરણે બેડમિન્ટન જેવી એક કે બે રમતો પર ધ્યાન રાખે છે. આ ઉપરાંત ધૂમ્રપાન ન કરવું, હાર્ડ ડ્રિંક્સ નહીં, મોડી રાત સુધી ન જાગવું (મેડિકલ ઈમરજન્સીમાં હાજરી આપવા સિવાય) પણ મદદ કરે છે. મેરેથોન / હાફ મેરેથોન / સાઈક્લોથોન / વોકેથોનમાં તૂટક તૂટક સહભાગીતા તેને કાર્યમાં રાખે છે. અને હા, સંગીત! વાદ્ય સંગીતના પ્રખર પ્રેમી. તે માઉથ ઓર્ગન અને ઈલેક્ટ્રોનિક કીબોર્ડ સિન્થેસાઈઝર વગાડે છે (અને વગાડવાની ફાઈનરી પણ શીખે છે). તે ગીટાર વગાડવાનું શીખવાનું પણ વિચારી રહ્યો છે. તે કહે છે, 'ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવું એ એક મહાન સ્ટ્રેસ બુસ્ટર અને શાંત છે.' જ્યારે મેં તેમને પૂછ્યું કે શું હું તેમના વૈવિધ્યસભર અનુભવો શેર કરી શકું છું? ત્યારે તેઓ અનિચ્છાએ એક શરતે સંમત થયા કે તેમની વ્યક્તિગત પ્રશંસા કરવામાં આવશે નહીં. હું તે માટે સંમત થયો અને પછી તે પણ સંમત થયા. આ રીતે જમીન અને સમુદ્રની નીચે તેમના અભિયાનોની આ વાર્તા વિકસિત થઈ છે.

★

હિમાંશુ શાહનો જન્મ ગુજરાતના કચ્છ જિલ્લાના નાના શહેર માંડવીમાં થયો હતો. અત્યંત તેજસ્વી વિદ્યાર્થી હોવા ઉપરાંત તે રમતગમત અને એથ્લેટીક્સમાં પણ સરેરાશ કરતા ઘણો વધારે હતો. માંડવી દરિયાકાંઠાનું શહેર હોવાને કારણે તરવું તેમના માટે ખૂબ જ સ્વાભાવિક હતું. તેણે ત્યાં અભ્યાસ કર્યો અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં તેજસ્વી સ્કોર સાથે ઈર્ષાભાવપૂર્વક તેજસ્વી શાળાકીય કારકિર્દી પૂર્ણ કરી. આનાથી તે સીધો અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં પહોંચ્યો. ત્યાંથી એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી તેમણે અમદાવાદની એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાંથી એમ.એસ.ની ડિગ્રી મેળવી અને પછી બી.જે. મેડિકલ કોલેજમાંથી યુરોલોજીમાં એમ.સી.એચ.ની સુપર સ્પેશિયાલિટી ડિગ્રી પ્રાપ્ત કરી. તેમણે ત્યાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે તેમની સેવાઓ પણ ઑફર કરી. તે જ સમયે તેની સાથે જોડાયેલ સિવિલ હોસ્પિટલમાં અથાક કામ કર્યું. આટલા વર્ષોથી તેને તેના બાળપણના શોખ વિશે વિચારવાનો અવકાશ ન હતો. શૈક્ષણિક પ્રયાસો બાદ, આગળનું લક્ષ્ય સફળ પ્રેક્ટીસ સ્થાપિત કરવાનું હતું. આ બધું સફળતાપૂર્વક સમજાયું અને તેણે પોતાની ઓળખ સ્પષ્ટ કરી ત્યાં સુધીમાં ડૉ. હિમાંશુ શાહ તેમના જીવનના ચાર દાયકા વટાવી ચૂક્યા હતા.

હવે સાહસિક પ્રવૃત્તિઓમાં સામેલ થવાના તેમના લાંબા પ્રિય સ્વપ્નને પૂર્ણ કરવાનો સમય હતો. તેમણે છેલ્લા આઠથી નવ વર્ષમાં કરેલા પાંચ જુદા જુદા સાહસિક અભિયાનોનો હિસાબ નીચે મુજબ છે. આ ઉપરાંત તેઓ શૈક્ષણિક રસ માટે અને તેમના પ્રિય શોખને પરિપૂર્ણ કરવા માટે – બંને રીતે

વ્યાપક પ્રવાસ કરે છે.

★

## ૧. કૈલાસ માનસરોવર

આ શરૂઆત હતી. ઓગસ્ટ ૨૦૧૧માં તે કલાપ્રેમી પરંતુ ઉત્સાહી ટ્રેકર્સના જુથમાં જોડાયો. આ એક ખાનગી ઓપરેટર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નેપાળગંજ થઈને સિમીકોટ ગયા. ત્યાંથી ટ્રેક શરૂ થયો. તેઓએ સાત દિવસમાં લગભગ ૧૨૦ કિ.મી.નું અંતર કાપ્યું. જેમણે આ ટ્રેક કર્યો છે તેઓ જાણે છે કે આ કેટલું મુશ્કેલ છે. પરંતુ ડૉ. હિમાંશુ અમને કહે છે કે તેમણે અત્યાર સુધી હાથ ધરેલા પાંચ અલગ અલગ અભિયાનોમાં આ સૌથી સરળ હતું. હા, કેટલીક અણધારી મુશ્કેલીઓ ક્યાંયથી આવી રહી હતી. પરંતુ તેમાંથી કોઈ પણ લાંબો સમય ચાલી નહીં. ડૉ. હિમાંશુ કહે છે, 'ટ્રેક અત્યંત મુશ્કેલ હોવા છતાં, મોટાભાગના દિવસોમાં હવામાન ખૂબ અનફ્રેન્ડલી રહ્યું હતું. આમ, તે અમારા માટે લગભગ આનંદદાયક સફર હતી.'

## ૨. એવરેસ્ટ બેઝ કેમ્પ

ડૉ. હિમાંશુ વર્ષ ૨૦૧૪ના સપ્ટેમ્બરમાં માઉન્ટ એવરેસ્ટની ઝુંબેશમાં કલાપ્રેમી પર્વતારોહકોના એક જુથમાં જોડાયા હતા. માર્ગમાં ચાર બેઝ કેમ્પ આવે છે. તેમાંથી આ ઉત્સાહીઓ ટોચ પર જવાના હતા. સરેરાશ સમુદ્ર સપાટીથી લગભગ ૧૮,૫૦૦ ફૂટની ઊંચાઈએ. તેણે અત્યાર સુધી હાથ ધરેલું આ સૌથી પડકારજનક કાર્ય હતું. તે બધાએ આવનારા પડકારોને પહોંચી વળવા માટે પોતાના મન અને શરીરને સારી રીતે તૈયાર કરી લીધા હતા. જ્યારે બધું લાઈનમાં આવી રહ્યું હતું ત્યારે ડૉ. હિમાંશુ સાથી પ્રવાસીઓ સાથે અંતિમ બિંદુ સુધી પહોંચી શક્યા નહીં. તે હજુ પણ રદ કરાયેલ અભિયાન વિશે વાત કરીને બહુ ખુશ નથી...

ડૉ. હિમાંશુએ વાતની શરૂઆત કરતા જણાવ્યું કે, 'અમે કાઠમંડુના લુક લા એરપોર્ટથી અમારું અભિયાન શરૂ કર્યું. આ એરપોર્ટ પર માત્ર ૧૯ સીટર મિની પ્લેનના ટેકઓફ અથવા લેન્ડિંગની સુવિધા છે. બે વિમાનોમાંથી, જે એક જુથના થોડા સભ્યો, ત્રણ માર્ગદર્શિકાઓ અને સૌથી અગત્યનું દવાઓ અને હજુ પણ વધુ મહત્ત્વની વાત એ છે કે ઓક્સિજનની બોટલો લેન્ડ થઈ શકી ન હતી અને તેણે પાછા ઉડવું પડ્યું હતું. આમ, અમે આવશ્યક ચીજવસ્તુઓ વિના ફસાયેલા હતા. બીજા દિવસે, અમારે અમારા સમયપત્રક મુજબ અમારી ઉપર તરફની સફર શરૂ કરવાની હતી. આમ, જેમ જેમ અમે શરૂઆત કરી, અમે કેટલીક આવશ્યક્તાઓ વિનાના હતા.

અમે બે ખોટા નિર્ણયો લીધા, જે મને મોંઘા પડ્યા. એક અમે અમારું અભિયાન થોડું વહેલું શરૂ કર્યું. સીઝન થોડી મૈત્રીપૂર્ણ બનવા માટે આપણે વધુ બે અઠવાડિયા રાહ જોવી જોઈતી હતી. અમે કરેલી બીજી ભૂલ એ ખૂબ જ અઘરો માર્ગ અપનાવવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ હતો. જે માઉન્ટ એવરેસ્ટ સર કરનારાઓમાંથી ભાગ્યે જ ૩-૫% લોકો લે છે. અમારું તર્ક સાદું હતું... આ માર્ગ લેવાનું બહુ ઓછા સાહસ હોવાથી, તે લગભગ કુંવારી જ રહી છે. કુદરતી સૌંદર્ય એ કોઈને સ્વર્ગમાં લઈ જવાના સ્વપ્નથી ઓછું નથી. જો ત્યાં ક્યારેય કોઈ અસ્તિત્વમાં હોય, ત્યાં એક આકર્ષક સુંદર સીમાચિહ્ન છે જે ગોકિયો તળાવ તરીકે ઓળખાય છે. તે સાત તળાવોની સાંકળમાંનું એક છે અને તેના નામ પરથી માર્ગનું નામ આપવામાં આવ્યું છે. રૂટની સુંદરતા વિશે આટલું બધું કહ્યા પછી, હું તમને કહી દઉં કે તે માર્ગ અઘરો છે, ખૂબ જ અઘરો છે અને સ્પષ્ટપણે મેં અત્યાર સુધીનો સૌથી અઘરો રસ્તો પસાર કર્યો છે.

અમે જેમ જેમ ઊંચાઈએ ચઢતા ગયા તેમ તેમ, ઊંચાઈને લીધે હવાનું પાતળું થવું અને વધુ પડતી થકવી નાખનારી વોકથ્રુએ મારા પર તેની અસર બતાવવાનું શરૂ કર્યું. હું માથાનો દુઃખાવો, શ્વાસની અછત અને ઉબકા જેવી ઉચ્ચ ઊંચાઈની બીમારીના ચિહ્નો અનુભવી શકું છું. હવામાં ઓક્સિજનનું પ્રમાણ ધીમે ધીમે ઘટી રહ્યું હતું. ભૂખ ન લાગવી ખૂબ સામાન્ય છે. ઉપરાંત, વ્યક્તિ તરસની ભાવના ગુમાવે છે. પણ પછી મેં આ બધું જાણ્યું હતું અને ધાર્યું હતું. વાસ્તવમાં, અમે બધાએ નાની સમસ્યાઓ અને ભયંકર કટોકટીઓનો સામનો કરવા માટે જોગવાઈ કરી હતી. બીજા દિવસે, હું માર્ગની સમાંતર વહેતી નદીના પવિત્ર પ્રવાહથી લલચાઈ ગયો. અનિચ્છનીય પરિણામોને સંપૂર્ણ રીતે જાણતા, મેં ઠંડા પાણીમાં ડૂબકી લગાવી અને પાંચ મિનિટથી વધુ સમય સુધી અંદર રહ્યો. તે કદાચ મારા જીવનની સૌથી મોંઘી પાંચ મિનિટ હતી. એકવાર પાણીમાંથી બહાર નીકળ્યા પછી, મને હાયપોથર્મિયા થયો. એક તબીબી સ્થિતિ જે ખૂબ ઇચ્છનીય નથી. મેં અસ્વસ્થતા છતા જવાનું ચાલુ રાખ્યું. જાણે અમને પૂરતી તકલીફ ન હોય તેમ વરસાદ શરૂ થયો. આનાથી અમારી અગવડતામાં વધારો જ થયો.

અમે નાઈટ હોલ્ટ માટે અમારા કેમ્પ સાઈટ પર પહોંચ્યા ત્યારે મને તાવ આવ્યો. થોડીવાર પછી મને ખરાબ રીતે ખાંસી આવવા લાગી. મારું ઓક્સિજનનું સ્તર ઘટીને ૬૬% થઈ ગયું હતું. હું જાણતો હતો કે આ ચિંતાનો વિષય છે. બીજો પ્લેન, કે જે લેન્ડ કરી શક્યું ન હતું તેમાં મોટાભાગના મેડિકલ બેક-

અપ હતા. તે પ્લેનમાં ઓક્સિજનની તમામ બોટલો પણ હતી. મને આરામદાયક બનાવવા માટે કોઈ કશું કરી શકે તેમ ન હતું. મને મારી જાતે વહન કરેલી થોડી દવા સાથે રાત પસાર કરવી પડી. મને થોડું સારૂં લાગ્યું અને તે રાતના થોડા કલાકો સુધી હું સૂઈ શક્યો. અમારી સાથે આવેલા એક માર્ગદર્શક મારી તબિયતને લઈને ખૂબ જ ચિંતિત હતા. હું એક અનુભવી તબીબ છું તે અંગેના મારા ખુલાસાથી તેમને દિલાસો મળ્યો ન હતો. મને વિશ્વાસમાં લીધા વિના તેમણે બચાવ હેલિકોપ્ટર મંગાવ્યું. મારા પ્રતિકારક પ્રયાસો અને દલીલો સામે મને કાઠમંડુ પરત એરલિફ્ટ કરવામાં આવ્યો. તેથી આ મને ખૂબ જ સુખદ સ્મૃતિ લાવતું નથી. મને એ હકીકતથી સંતોષ છે કે ગોકિયો સરોવર સુધીનો સફળ પ્રવાસ પોતે જ એક સાહસ હતું. ઉપરાંત હું 'ધેર ઈઝ ઓલવેઝ એ આવતીકાલ'માં માનું છું. કદાચ આગલી વખતે હું ત્યાં વધુ ફીટ અને સજ્જ થઈને જઈશ.

### ૩. કિલીમંજારો પર્વત

ડૉ. હિમાંશુ અને તેમના મિત્રોના જુથે વર્ષ ૨૦૧૬ના ફેબ્રુઆરીમાં વિશ્વનો સૌથી ઊંચો સીંગલ પહાડ (૧૯,૦૦૦ ફીટ) કિલીમંજારો સર કર્યો. તે આફ્રિકન ઉપખંડનો અને સમગ્ર વિષુવવૃત્ત પટ્ટાનો સૌથી ઊંચો બિંદુ છે. આ પર્વતની ટોચ (જ્વાળામુખી પર્વત હોવા છતાં) વર્ષના તમામ ૩૬૫ દિવસ બરફથી ભરેલી હોવા માટે જાણીતી છે.

*ડૉ. હિમાંશુ અમને તે પ્રવાસની વાર્તા કહે છે :*

“મેં હાથ ધરેલા તમામ સાહસિક અભિયાનોમાં, કૈલાસ માનસરોવર પ્રવાસ પછી આ બીજું સૌથી સરળ અભિયાન હતું. યાદ રાખો, જ્યારે હું 'સરળ' કહું છું ત્યારે મારો મતલબ એ છે કે, તે મારા જીવનના અઘરા અભિયાનોમાં સૌથી સરળ હતું. ટ્રેક ખૂબ જ સારી રીતે જાળવવામાં આવે છે. એક વ્યક્તિ મેદાનોથી ચઢાણ શરૂ કરે છે અને એક કે બે દિવસ માટે સવારે ૮થી બપોરે ૪ દરમિયાન ધીમે ધીમે ઊંચાઈ મેળવતો રહે છે. ટ્રેક પોતે ખૂબ જ સુંદર છે. જંગલ, નાળા, ગીચ વનસ્પતિઓમાંથી પસાર થવું પડે. આખરે વ્યક્તિ બારાફુ તરીકે ઓળખાતી કેમ્પ સાઈટ પર પહોંચે છે. ખરો પડકાર અહીંથી શરૂ થાય છે. તમારે રાત્રે ૧૧ વાગ્યા સુધીમાં શિખર સુધીની મુસાફરી શરૂ કરવી પડશે. જો બધું બરાબર થઈ જાય, તો વહેલી સવાર સુધીમાં વ્યક્તિ ટોચ પર પહોંચી જાય છે. પાછા ફરતા નીચેની મુસાફરીનું આયોજન એવી રીતે કરવું જોઈએ કે તમે બપોરે ૩.૩૦-૪.૦૦ પહેલા પાછા આવો. આ શીડ્યુલનું ચુસ્તપણે પાલન કરવાનું છે કારણકે લગભગ દરરોજ બપોર પછી ભારે વરસાદની સંભાવના છે.

આને ધ્યાનમાં રાખીને અમે બપોરના ૪ વાગે બારાફુ કેમ્પ પર પહોંચી ગયા. સાથેના સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલા ટાઈમ ટેબલનું પાલન કરીને, અમે રાત્રે ૧૧ વાગે અમારૂં ચઢાણ બરાબર શરૂ કર્યું. અમને કડકડતી ઠંડીથી પોતાને સારી રીતે બચાવવાની સલાહ આપવામાં આવી હતી. ઉપરાંત તોફાન અને વરસાદ... હું મારા શરીરના ઉપરના ભાગમાં પાંચ સ્તરના કાપડના આવરણથી સજ્જ હતો. જ્યારે નીચેનો અડધો ભાગ ત્રણ સ્તરના પોશાક સાથે સુરક્ષિત હતો. ત્રણ ઉચ્ચ ગુણવત્તાના ઊની ટોપીઓ મારા માથાનું રક્ષણ કરી રહી હતી. આ ચોક્કસપણે ચઢાણ દરમિયાન આરામદાયક નહોતું પરંતુ જેમ જેમ અમે ટોચ પર પહોંચ્યા, તેમ અમને આવા 'ભારે રક્ષણ'ની કિંમતનો અહેસાસ થયો. પવન લગભગ ૮૦ કિ.મી./કલાકની ઝડપે ફુંકાઈ રહ્યો હતો. આસપાસનું તાપમાન માઈનસ ૧૪ ડિગ્રી હતું. ટોચ પરથી દેખાતા દૃશ્યનું વર્ણન શબ્દોથી કરી શકાતું નથી. તેને અનુભવવા માટે વ્યક્તિએ ત્યાં રૂબરૂ હાજર રહેવું જોઈએ. આ શિખરના સફળ સ્કેલિંગ અને ટોચ પરથી અકલ્પનીય દૃશ્યો જોઈને અમે બધા એટલા ઉત્સાહિત થઈ ગયા કે અમે થાકને અને ઉંમરને સહેલાઈથી અવગણીને કૂદવાનું શરૂ કરી દીધું.

### ૪. મનાલીથી લેહ સાઇકલિંગ

વર્ષ ૨૦૧૭ના ઓગસ્ટમાં આ સદાય સાહસિક 'યંગ ફેલો' એ વધુ એક અભિયાન હાથ ધર્યું. તેણે મનાલી એક લોકપ્રિય પર્યટન સ્થળથી લેહ એક લોકપ્રિય પરંતુ ઓછા પડકારરૂપ પર્યટન સ્થળ સુધી જવાનું નક્કી કર્યું. આ સ્થળોએ જનારા ઘણા ઓછા છે. ખેર, પકડ એ છે કે તેણે લગભગ ૬૦૦૦ ફૂટની ઊંચાઈએ આવરી લેતા લગભગ ૫૦૦ કિ.મી.નું આ અંતર કાપવાનું હતું. થોડા મિત્રોની સાથે. દરેક મિત્ર એક એક સાઈકલ ચલાવતા હતા. ચાલો, થોડા સીમાચિહ્નો ધ્યાનમાં લઈને તે અંતરનું વિભાજન જાણીએ. જુથના સભ્યોએ મનાલીથી તેમની સાઈકલ સવારી શરૂ કરી અને ખારદુંગલા પાસ, લેહ સુધી ગયા.

| | |
|---|---|
| મનાલીથી રોહતાંગ પાસ (૧૩,૦૪૪ ફૂટ) | : ૫૪ કિ.મી. |
| મનાલીથી નકીલા પાસ (૧૪,૦૦૦ ફૂટ) | : ૭૫ કિ.મી. |
| મનાલીથી બારા લાચા (૧૬,૦૪૩ ફૂટ) | : ૧૮૯ કિ.મી. |
| મનાથી લા ચુંગલા પાસ (૧૬,૬૧૩ ફૂટ) | : ૨૭૬ કિ.મી. |
| મનાલીથી તાલ લેંગલા પાસ (૧૭,૫૮૨ ફૂટ) | : ૩૬૫ કિ.મી. |
| મનાલીથી ખારદુંગલા પાસ (૧૮,૦૦૦ ફૂટ) | : ૫૦૦ કિ.મી. |

આ અભિયાનમાં ઓછામાં ઓછા દસ દિવસનો સમય લાગે છે. પ્રતિકૂળ રીતે સાઈકલ ચલાવીને સરળ ચઢાણને અસર કરતાં બે મુખ્ય પરિબળો ઊંચા ઊંચાઈવાળા પર્વતીય પ્રદેશો પરનું વાતાવરણ અને તૂટક તૂટક પેચ પર રસ્તાઓની નબળી સ્થિતિ છે. પરંતુ ડૉ. હિમાંશુ અને તેમના મિત્રો આખી સફર દરમિયાન ઊભી થતી દરેક સંભવિત સમસ્યાનો સામનો કરવા માટે સારી જોગવાઈથી સજ્જ હતા. માર્ગદર્શક, રસોઈયા અને કુલીઓ સહિત સ્થાનિક સહાયક સ્ટાફે સાઈકલ સવારો સાથે જીપમાં મુસાફરી કરી હતી.

**૫. સ્કુબા ડાઇવિંગ**

તેમના વતન માંડવીના બાળપણના દિવસોમાં પાઈપલાઇન દ્વારા ઘરમાં પાણી પહોંચાડવાની કોઈ સુવિધા નહોતી. પાણીની સમગ્ર જરૂરિયાત દૂરથી લાવીને અથવા તેના માટે ચૂકવણી કરીને સંતોષવાની હતી. આમ, પરિવારના સૌ સભ્યો માટે દરિયા કિનારે નહાવા જવું એ એકદમ નિયમિત પ્રથા હતી. આનાથી તે બાળપણથી જ પાણીને અનુકૂળ બન્યો. તે દિવસોમાં, તે ઘણીવાર પૃથ્વીના અદૃશ્ય ભાગ વિશે આશ્ચર્ય પામતો હતો, જે પૃથ્વીના કુલ વિસ્તારના બે તૃતીયાંશ ભાગ પર કબજો કરી રહ્યો હતો. દરિયાની દરરોજની મુલાકાત દરમિયાન તેને જે જીવો મળ્યા તે તેનામાં ઊંડી જીજ્ઞાસા જગાવી કે જળચર જીવન શું છે? તે જાણતો હતો કે જે ઇચ્છે છે, તે શોધે તે પહેલાં તેણે રાહ જોવી પડશે. અને પછી આખરે એવો સમય આવ્યો જ્યારે તેણે આગળ વધવાનું મન બનાવી લીધું. તેણે સ્કુબા ડાઇવિંગ સાથે આગળ વધવાનું નક્કી કર્યું.

પ્રથમ, તેણે ગોવાના એક તાલીમ કેન્દ્રમાં શિખાઉ માણસનો ક્રેશ કોર્સ લીધો. સ્કુબા ડાઈવિંગ, એ ઊંડા પાણીમાં શ્વસન, પાણીની ઊંડાઈના સંદર્ભમાં શરીરની સ્થિતિ અને સ્કુબા ગિયર્સની મદદ દ્વારા વ્યવસ્થાપન દ્વારા વ્યક્તિની ઉછાળને સંતુલિત કરવાની એક કળા છે. પ્રાથમિક તાલીમ પછી, તેણે ગોવાના ઊંડા સમુદ્રના પાણી અને મુરૂડેશ્વરના ટાપુઓના પાણી તેમજ પોર્ટ બ્લેરમાં ડૂબકી લગાવી. અદ્ભુત અનુભવે ડૉ. હિમાંશુને એક અદ્યતન તાલીમ સત્ર લેવા માટે પ્રેરીત કર્યો. જેણે તેમને વધુ કાર્યક્ષમ બનાવ્યા અને તેમના પહેલાથી જ સરેરાશના ઉપરના આત્મવિશ્વાસમાં પણ વધારો કર્યો. જેમ જેમ તે સ્કુબા ડાઇવિંગમાં કુશળતાના આગલા સ્તરે પહોંચ્યો, તેણે મોરેશિયસ, બાલી, થાઈલેન્ડ અને ગ્રેટ બેરીયર રીફના સમુદ્રના પાણી હેઠળ અભિયાનો હાથ ધર્યા. ‘તે તદ્દન અલગ લાગણી છે.’ ડૉ. હિમાશું કહે છે, ‘વ્યક્તિ સમાધિની સ્થિતિમાં જાય છે. તમે તમારી કલ્પના બહારના જીવનના સ્વરૂપોને જોશો, તમને વિચિત્ર અવાજો સાંભળવા મળે છે. પરંતુ તે અવાજોની ઉત્પત્તિની દિશા શોધી શકતા નથી. ટૂંકમાં રોમાંચ, રોમાંચ અને રોમાંચ... બીજું કંઈ નહીં!’

★

જાણે કે આ બધી પ્રવૃત્તિઓ પૂરતી ન હોય, તેમ તેણે પહેલેથી જ સ્કીઇંગ માટે પોતાને તાલીમ આપી છે. તે સ્કીઇંગ માટે જવાની અને વધુ એક સાહસિક રમતમાં સામેલ થવાની તકની રાહ જોઈ રહ્યો છે. ‘ખૂબ જ જલ્દી, આશા છે!’ એમ તે કહે છે.

આ તમામ મનોરંજક, સાહસથી ભરપૂર પ્રવૃત્તિઓ સાથે તે સંગીત સાંભળીને અને વગાડીને આરામ કરે છે. તે અમારી ‘હાર્મોનિકા ક્લબ ઑફ ગુજરાત’ના સૌથી નિષ્ઠાવાન સભ્યોમાં સ્થાન ધરાવે છે અને અમારી સભાઓમાં એક કિશોરની ઈમાનદારી સાથે હાજરી આપે છે. તેની શીખવાની ઇચ્છા કિશોરવયની સાથે તુલનાત્મક છે. હાર્મોનિકા ઉપરાંત તેણે ઇલેક્ટ્રોનિક કીબોર્ડ સિન્થેસાઇઝર પર પણ પોતાનો હાથ વિકસાવ્યો છે.

મને તેમના દ્વારા ઔષધીય અને શસ્ત્રક્રિયાની કુશળતા વિશે બહુ વાત કરવાની મંજૂરી નથી. પરંતુ મારો દાવો કરવા માટે સ્વતંત્રતા લે છે કે તેમની પાસે એક બહુ પ્રતિભાશાળી વ્યક્તિનું માથું છે, હાથ અને આંગળીઓ સર્જનની તેમજ સંગીતકારની નાજુક કુશળતાથી સજ્જ છે અને ઉમદા તેમજ નમ્ર માનવીનું હૃદય.

આજે હું આ બ્લોગ પોસ્ટ પ્રકાશિત કરી રહ્યો છું (તા. ૧૫-૭-૨૦૧૯). એક સુખદ સંયોગથી ડૉ. હિમાંશુ તેમના જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે. ચાલો, આપણે બધા તેમને તેમના જીવનનો બીજો અડધો ભાગ વધુ સફળતા, વધુ સંગીત, વધુ આનંદ અને હા, વધુ અને વધુ સાહસિક અભિયાનોથી ભરેલી શુભેચ્છા પાઠવીએ. ■

શુભેચ્છા સહ...
કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**શુક્રવાર, તા. ૧૦-૧૧-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે નિર્માણ એન્જિનિયરીંગના શ્રી રવિ પંચાલની, આલ્ફા એન્જિનિયરીંગમાં શ્રી મુન્નાભાઈની, મહાલક્ષ્મી એન્જિનિયરીંગમાં શ્રી બકુલભાઈની અને યુફોરીયા પેકેજિંગ એલ.એલ.પી.માં શ્રી નરેન્દ્રભાઈની મુલાકાત લઈ પરમકૃપા મેડિકલ સેન્ટરની સેવા પ્રવૃત્તિઓ વિશેની માહિતી આપેલ હતી.

**શનિવાર, તા. ૧૮-૧૧-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતેના ડૉ. ફાલ્ગુન પરીખ, ડૉ. ગૌતમ સુખાની, ડૉ. પ્રદીપ માધવની તેમજ મોરૈયા ખાતે ડૉ. અલ્પેશ ઠક્કર, ડૉ. મેહુલ પટેલ, ડૉ. પરેશ મકવાણા, ડૉ. કોમલ ઠક્કર અને ડૉ. ચિરાગ અગ્રવાલની પરમકૃપા મેડિકલ સેન્ટર વતી શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

**સોમવાર, તા. ૨૦-૧૧-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે સિદ્ધિ વિનાયક વેજ ફુડ પ્રા.લિ.માં જઈને ત્યાંના ઓફિસર સાથે મેડિકલ ફિટનેસ અને વેક્સિનના સર્ટીફિકેટ અંગે ચર્ચા કરી. ત્યારબાદ રેસ્ટેક ફાર્માસ્યુટીકલમાં જઈને ત્યાંના ઓફિસર શ્રી દિવાંગભાઈને પરમકૃપા મેડિકલ સેન્ટરની સારવારની પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપેલ હતી.

**મંગળવાર, તા. ૨૧-૧૧-૨૦૨૩**

- આજરોજ ચાંગોદર મેડિકલ સેન્ટરના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે રાજરત્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં જઈને ત્યાંના એચ.આર. મેનેજર અતુલ શાહને મળીને ચાંગોદર મેડિકલ સેન્ટરના મેડિકલ કાર્ડ, પેમ્ફલેટ અને રેફરન્સ બુક આપેલ હતી. ત્યારબાદ તેઓએ શાનદાર ફ્લેક્સિબલ કંપનીમાં જઈને ત્યાં કમલભાઈ સુપરવાઈઝરને મળી મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ તેઓએ ઝીટા ઈલેક્ટ્રીકલ્સ એન્જિનિયરીંગ પ્રા.લિ.ની મુલાકાત લઈ ત્યાંના એચ.આર. મેનેજર નૈમેષ પટેલને મળ્યા અને તેઓના ૧૮૯ વર્કર્સનું ચાંગોદર મેડિકલ સેન્ટર સાથે ટાઈ-અપ કરાવવાનું ફાઈનલ કર્યું.
- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કિશોરભાઈ ઠક્કર ESIS ના D દવાખાનામાં જઈ ત્યાંના ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના શ્રી જયદીપભાઈને મળેલ હતા અને તેમની સાથે ચાંગોદર મેડિકલ સેન્ટરની એપ્રુવલ માટે ચર્ચા કરેલ હતી. તેઓશ્રીએ તે અંગે જરૂરી સાહિત્ય આપી ભવિષ્યમાં કરવાની પ્રોસીજર અંગે ચર્ચા કરેલ હતી.

**બુધવાર, તા. ૨૨-૧૧-૨૦૨૩**

- આજ રોજ ઈન્ડસ ટાવરના શ્રી હિતેશભાઈ ઠક્કર સાથે શ્રી રજનીકાંત પારેખે મુલાકાત કરેલ હતી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર ફિક્સ કરવામાં આવેલ ટાવરના આગામી ૧૦ વર્ષના રીન્યુઅલ માટે ચર્ચા તથા કાર્યવાહી કરેલ હતી.
- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કિશોરભાઈ ઠક્કર ESIC ની આશ્રમ રોડ ખાતે આવેલ ઓફિસે જઈ ત્યાં શ્રી રાવલ સાહેબ તથા શ્રી અંકિતભાઈને મળેલ હતા. તેમણે પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર માટે MOU કરવા અંગેનો ડ્રાફ્ટ આપીને આગળ વધવા માટેની પ્રોસીજર અંગે સમજ આપેલ હતી.
- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતેની ફોટોકીના કેમિકલ્સ પ્રા.લિ.ની મુલાકાત લઈને ત્યાંના H.R. શૈલેષ મકવાણાને મળેલ હતા અને ચર્ચા વિચારણાને અંતે તેઓના ૬૨ વર્કર્સનું લીસ્ટ મેળવેલ હતું કે જેના મેડિકલ કાર્ડ બનાવીને તેઓને મોકલી આપવાના છે. ત્યારબાદ તેઓએ મોરૈયા ખાતેની તારા પેઈન્ટ્સ પ્રા.લિ.ના H.R. શ્રી રાજન શાહને મળીને પરમકૃપા મેડિકલ સેન્ટર અંગેની વિસ્તૃત માહિતી આપેલ હતી.

**ગુરૂવાર, તા. ૨૩-૧૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે એમ.બી.આર. ફ્લેક્સિબલ્સ, દક્ષલ કોસ્મેટીક્સ પ્રા.લિ. તથા મહાદેવ પલ્પિસ પ્રા.લિ.માં જઈ ત્યાંના ઓફિસરો સાથે પરમકૃપા મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓની ચર્ચા કરી, તેઓને પૂરતા માહિતગાર કરેલ હતા.
- આજ રોજ ચાંગોદર ખાતે શ્રી રજનીકાંત પારેખ, શ્રી ગિરીશ પોલડિયા, ડૉ. અજયસિંહ વાઘેલા અને શ્રી પ્રતીકભાઈ વ્યાસે સર્જન ફ્લેટ પર જઈ ત્યાંના સેક્રેટરી શ્રી રાજુભાઈ શાહ અને શ્રી દેવેન્દ્રભાઈની મુલાકાત લીધેલ હતી અને મંગળવાર, તા. ૨૮-૧૧-૨૦૨૩ના રોજ ત્યાં યોજવામાં આવનાર મેડિકલ કેમ્પની કાર્યવાહી અંગે ચર્ચા કરેલ હતી.

**શુક્રવાર, તા. ૨૪-૧૧-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસ દ્વારા નીચે મુજબની

કાર્યવાહી કરવામાં આવેલ હતી : ★ ચાંગોદર ખાતેના સર્જન ફ્લેટની મુલાકાત લઈ કેમ્પનું આયોજન કરેલ હતું. ★ મમતા મશીનરીના H.R. કિશનભાઈને મળી તેમની પાસેથી પરમકૃપા મેડિકલ સેન્ટર સાથેનો ટાઈ-અપ લેટર મેળવી મેડિકલ સેન્ટરમાં જમા કરાવેલ. ★ ઓરીટેક સોલ્યુશન્સ અને એડગમ્સ પ્રા.લિ.ની ફરી મુલાકાત લીધેલ હતી.

**શુક્રવાર, તા. ૨૫-૧૧-૨૦૨૩**

- આજ રોજ પાલડી મેડિકલ સેન્ટર ખાતે OPG (Ortho Pantom Organ) મશીનનું ઉદ્‌ઘાટન, આ મશીનના દાતા શ્રીમતી બેલાબેન દીપકભાઈ શાહ (ભગત) અને શ્રીમતી ઉર્વિબેન મૌલીક શાહના વરદ્‌ હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, માનદ્‌ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા, પૂર્વ ખજાનચી અને ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી દિનેશ મહેતા, શ્રીમતા હાસ્યલતાબેન મહેતા, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી, શ્રી નિરંજન મૈશેરી, શ્રી જીતુભાઈ સંઘવી, ડૉ. દક્ષાબેન રામાવત, શ્રી પીન્ટુ પટેલ, ડેન્ટલ વિભાગના ડૉક્ટરો તથા અન્ય સ્ટાફ મેમ્બર્સ ઉપસ્થિત રહેલ હતા.
- ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસે શિવ ટેકનોલોજિસ્ટ કંપનીમાં જઈને ત્યાંના ડાયરેક્ટર શ્રી મૌલીકભાઈ પટેલને મળ્યા અને મેડિકલ સેન્ટર વિશેની સંપૂર્ણ માહિતી આપી ત્યાંના વર્કર્સ ઓ.પી.ડી. માટે મેડિકલ સેન્ટરમાં આવવાનું શરૂ કરશે તેવું નક્કી કરાવ્યું.
- સર્જન ફ્લેટમાં આયોજિત કેમ્પ માટે ૩૪૦ ફ્લેટમાં પેમ્ફલેટનું વિતરણ કરાવડાવ્યું, બેનરો બંધાવડાવ્યા અને જ્યાં કેમ્પ યોજવાનો છે તે જગ્યા સાફ કરાવડાવી.

**સોમવાર, તા. ૨૭-૧૧-૨૦૨૩**

- ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસે આજે ફોકસ લાઈટીંગમાં જઈ ત્યાંના H.R. શ્રી શંકરભાઈ રાઠોડને મળ્યા અને ત્યાંના વર્કર્સ ઓ.પી.ડી. પેશન્ટ તરીકે ચાલુ થાય તેવું આયોજન કરેલ હતું. તદુપરાંત મેડિકલ સેન્ટર સાથે ટાઈ-અપ કરવા અંગે પણ ચર્ચા થયેલ હતી.
- શ્રી પ્રતીક વ્યાસે ભગવતી ફુડ્સ (ગાય છાપ બેસન)ની પણ આજ રોજ મુલાકાત લીધેલ હતી.

**મંગળવાર, તા. ૨૮-૧૧-૨૦૨૩**

- ચાંગોદરના સર્જન ફ્લેટ ખાતે ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ યોજવામાં આવેલ હતો કે જેમાં આપણા તરફથી ફિઝીશિયન, ડેન્ટલ તથા ઓપ્થેલ્માના ડૉક્ટર્સશ્રીઓએ ઉપસ્થિત રહી આ કેમ્પનું કાર્ય પૂર્ણ કરેલ હતું.

**બુધવાર, તા. ૨૯-૧૧-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરના પ્રતીક વ્યાસની કાર્યવાહી આજ રોજ નીચે મુજબ રહી : ★ મોરૈયા ખાતેની હિલેક્સ હાઈડ્રોલિક્સ પ્રા.લિ., ડીવાઈન પોલીટેક ઈન્ડસ્ટ્રીઝ, બેન્ચમાર્ક લાઈનર્સ, એક્સેલ ફુડ એન્ડ બેવરેજીસની મુલાકાત લઈ પરમકૃપા મેડિકલ સેન્ટર વિશે વિવિધ માહિતીઓ આપેલ હતી. ★ મોરૈયા ખાતે ડૉ. સંગીતા ગુપ્તા, BHMS ની મુલાકાત લઈ તેઓને રેફરન્સ બુક તથા મેડિકલ સેન્ટરના પેમ્ફલેટ્સ આપવામાં આવ્યા. ★ કેબીજી બોઈલર્સ તથા રાઠી પેકેજિંગ પ્રા.લિ.ની પણ મુલાકાત લેવામાં આવી.

**ગુરૂવાર, તા. ૩૦-૧૧-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસે સુમિય કોમ્પોઝાઈટ્સ, કર્ણાવતી કાર એન્ડ કન્ડિશનર કંપની તથા મહર્ષિ ઉદ્યોગ કંપનીની મુલાકાત લઈ ત્યાંના જે-તે ઓફિસરો સાથે મેડિકલ સેન્ટરની કાર્યવાહી વિશે જરૂરી માહિતી આપી અને ત્યાંના વર્કર્સ સારવાર માટે પરમકૃપા મેડિકલ સેન્ટરમાં આવવાનું શરૂ કરે તેની વિગતો સમજાવી.
- આજ રોજ હર્ષા એન્જિનિયરીંગ કંપનીના શ્રી હાર્દિક જોશી તથા શ્રી જયંતભાઈ ત્રિવેદીએ પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ શ્રી ગિરીશ પોલડિયા તથા ડૉ. અજયસિંહ વાઘેલા પાસેથી આ સેન્ટરની વિગતવાર માહિતી મેળવેલ હતી.

**શુક્રવાર, તા. ૧-૧૨-૨૦૨૩**

- નવેમ્બર ૨૦૨૩ દરમિયાન બોપલ મેડિકલ સેન્ટર ખાતે ટોટલ ૪૭૬૮ દર્દીઓએ આ સેન્ટરની મેડિકલ સારવારનો લાભ લીધેલ હતો કે જેમાં ૧૯૨ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટરમાં ડાયાલિસિસ કરાવેલ હતું.
- ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસે આયુકેર ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ., લક્ષ્મી ફિલામેન્ટ્સ તથા નેક્સોન પેપર ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લઈ ત્યાંના ઓફિસરો સાથે પરમકૃપા મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી અને તે અંગેની સંપૂર્ણ માહિતી પણ આપેલ હતી.
- આજ રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ડૉ. નીતુ પરીખ, ડૉ. શિલ્પા તોશ્નીવાલ, ઓર્થોપેડિક ડૉક્ટર્સ તથા લેબોરેટરીના સર્વર માટે રૂા. ૯૦,૦૦૦/-ના ખર્ચે કોમ્પ્યુટરની ચાર સિસ્ટમ ખરીદવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૨-૧૨-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટરમાં નિયમિતપણે સારવારનો લાભ લેતા

શ્રી હર્ષિતભાઈ દફ્તરી અને તેમના ધર્મપત્ની શ્રીમતી કિંજલબેન દફ્તરીએ અહીંની કિફાયતી દરની સારવારથી ખુશ થઈને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને રૂા. ૧૦,૦૦૦/-ના ડોનેશનનો ચેક અહીંના મેડિકલ ઓફિસર ડૉ. રીદ્ધિબેનને અર્પણ કરેલ હતો.

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી શાંતિલાલભાઈ સાવલાએ બોપલ મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ અહીંના મેડિકલ ઓફિસર સાથે જરૂરી ચર્ચા કરેલ હતી.
- આજ રોજ ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસે ડૉ. અલ્પેશ ઠક્કર, ડૉ. મેહુલ પટેલ, ડૉ. પરેશ મકવાણા, ડૉ. કોમલ ઠક્કર, ડૉ. ચિરાગ અગ્રવાલ વગેરે ડોક્ટરોને મળીને પેથોલોજીકલ લેબોરેટરીના વિવિધ પ્રકારના રીપોર્ટ અંગે ચર્ચા કરેલ હતી.

**રવિવાર, તા. ૩-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમાજના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૧૪ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં મુખ્યત્વે ભવનના રી-ડેવલપમેન્ટ અંગેની અત્યાર સુધીની કાર્યવાહી પર તથા અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જે મેડિકલ સેન્ટર સ્થાપવાનું છે તેના સંભવિત સ્થળો બાપુનગર અને જશોદાનગર અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૪-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ તથા શ્રી લક્ષ્મીચંદ વીરાએ બાપુનગરની વ્હાઈટ હાઉસ બિલ્ડિંગની, આ વિસ્તારમાં મેડિકલ સેન્ટર સ્થાપવાની સંભવિત સાઈટના અનુસંધાને તેની મુલાકાત લીધેલ હતી.
- આજ રોજ સમાજની વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં (૧) ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને (૨) તા. ૬, ૭, ૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કચ્છના પ્રવાસ અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સ્ટાફના ટીમ લીડર્સની બર્થ ડે ઉજવણી કરવાની શરૂઆત H.R. ખુશ્બુ શાહ દ્વારા કરવામાં આવતા શ્રી કિશોરભાઈ ઠક્કર અને ડૉ. દક્ષાબેન રામાવતા પછી આજરોજ શ્રી પીન્ટુ પટેલની બર્થ ડે ઉજવણી કેક કાપીને કરવામાં આવેલ હતી અને આ પ્રસંગે તેમના કામને બિરદાવવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશ્વિન સાવલા, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી દેવેશ દંડ, શ્રી નરેન્દ્ર કોઠારી, ડૉ. ગાર્ગી વસાવડા, ડૉ. નીતુ પરીખ, ડૉ. રાગેશ ફડિયા, શ્રી નિગમ મહેતા, ડૉ. રીદ્ધિ જોષી, શ્રી કિશોરભાઈ ઠક્કર અને અન્ય સ્ટાફ મેમ્બર્સ પણ ઉપસ્થિત રહેલ હતા.
- ચાંગોદર ખાતે શ્રી પ્રતીક વ્યાસ આજ રોજ બિગબાસ્કેટ પ્રા.લિ.માં જઈને ત્યાંના અધિકારી શ્રી વિજયભાઈ ગોહિલને મળી ચાંગોદર મેડિકલ સેન્ટર વિશેની માહિતી તેઓશ્રીને આપેલ હતી.

**મંગળવાર, તા. ૫-૧૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતે (૧) મેક્સિમા બાયોટેક પ્રા.લિ., (૨) ઓશિયસન સ્ટીલ પ્રા.લિ., (૩) નીવા ફ્લેકિસ સ્ટીલ પ્રા.લિ. અને (૪) શ્રીજી એન્ટરપ્રાઈઝમાં જઈ ત્યાંના સંબંધિત ઓફિસર્સ સાથે ચાંગોદર મેડિકલ સેન્ટરના અનુસંધાને વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

**બુધવાર, તા. ૬-૧૨-૨૦૨૩**

- પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટર ખાતે તા. ૨૦-૧૧-૨૦૨૩થી તા. ૬-૧૨-૨૦૨૩ સુધીમાં ૮૦ની સંખ્યામાં O.P.G. એક્સ-રે પાડવામાં આવેલ હતા.
- આજ રોજ ચાંગોદર ખાતે સિદ્ધિ વિનાયક વેજ ફુડ પ્રા.લિ. કંપનીના ૬૪ કર્મચારીઓના મેડિકલ ફિટનેસના કાર્ય પૂર્ણ કરાવ્યા. ત્યારબાદ ફોકસ લાઈટીંગના શ્રી રાહુલભાઈ રાઠોડને મળી મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરી. તેઓને મેડિકલ સેન્ટરના જોઈતા ડોક્યુમેન્ટ્સ પણ મેઈલ કરવામાં આવ્યા.

**ગુરૂવાર, તા. ૭-૧૨-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતે એ.આઈ.એ. એન્જિનિયરીંગ કંપનીના અધિકારી શ્રી ઘનશ્યામભાઈ પંડ્યાની ફરી મુલાકાત લેવામાં આવી. ઈનસાઈટ કેર પોલિપ્લાસ્ટ કંપનીના શ્રી કિરણભાઈ પટેલને મળી ચાંગોદર મેડિકલ સેન્ટરની વિગતો તેમને આપવામાં આવી.

**શુક્રવાર, તા. ૮-૧૨-૨૦૨૩**

- આજ રોજ બોપલ ડાયાલિસિસ સેન્ટર ખાતે ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવેલ હતું. તેઓને જરૂરી ડોક્યુમેન્ટ્સ બતાવવામાં આવેલ હતા તેમજ પેશન્ટ સેફ્ટીનું મોનિટરીંગ પણ કરવામાં આવેલ હતું.
- આજ રોજ ચાંગોદર ખાતે ચાર્ટ ઓક્ટરીન કંપનીમાં શ્રી મનોજભાઈ સાથે, આયુકલા ફાર્મા પ્રા.લિ.માં શ્રી નિરંજનભાઈ સેવક સાથે તેમજ જયંતીલાલ એન્ડ કાું.માં શ્રી આલ્વીબેન શાહ સાથે પરમકૃપા મેડિકલ સેન્ટરની વિગતોની ચર્ચા

કરવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૯-૧૨-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતે જયશ્રી પ્રો.પેકના H.R. ઉત્પલભાઈ પારેખ સાથે મેડિકલ સેન્ટર વિશેની વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૧૧-૧૨-૨૦૨૩**

- પાલડી મેડિકલ સેન્ટરના સોનોગ્રાફી રૂમમાં જૂનું ફોટો પ્રિન્ટર બગડી ગયેલ હોવાથી EPSON કંપનીનું નવું પ્રિન્ટર મશીન રૂા. ૧૬,૦૦૦/-ના ખર્ચે વસાવવામાં આવેલ હતું.
- ચાંગોદર ખાતે સિધ્ધિ વિનાયક વેજ ફુડ પ્રા.લિ. કંપનીના ૬૪ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ રીપોર્ટ આપવામાં આવ્યા.
- ચાંગોદર ખાતે ફાર્મટિક પ્રોસેસ કંપનીના H.R. પ્રશાંતભાઈ દવેની મુલાકાત લેવામાં આવી.

**મંગળવાર, તા. ૧૨-૧૨-૨૦૨૩**

- પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં સુઝીનોવા કંપનીની બે ડેન્ટલ ચેર તથા બે કોમ્પ્રેસર આવ્યા કે જેનું આજ રોજ ઈન્સ્ટોલેશન પણ કરવામાં આવ્યું.
- ચાંગોદર ખાતે મહાદેવ પ્લેસીસ પ્રા.લિ. કંપનીના ૪૬ કર્મચારીઓના મેડિકલ કાર્ડ આપવામાં આવ્યા.

**બુધવાર, તા. ૧૩-૧૨-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરના પ્રતીક વ્યાસે નિશાન ઈમ્પેક્સ પ્રા.લિ., એ.વી. કન્ઝ્યુમેબલ્સ તથા કસ્તુરી એન્ટરપ્રાઈઝની મુલાકાત લીધેલ હતી.

**ગુરૂવાર તા. ૧૪-૧૨-૨૦૨૩થી સોમવાર તા. ૧૮-૧૨-૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરના P.R.O. પ્રતીક વ્યાસે નીચે મુજબની વિવિધ કંપનીઓની મુલાકાત લઈ તેઓ સાથે પરમકૃપા મેડિકલ સેન્ટરની કિફાયત દરની સેવાઓની ચર્ચા કરવામાં આવેલ હતી અને તેઓના કર્મચારીઓ આ સેન્ટરનો જરૂરિયાત અનુસાર લાભ લે તેવું તેઓને જણાવવામાં આવેલ હતું. (૧) યુનિસન ફાર્મા પ્રા.લિ., (૨) પ્રાર્થના એલ.એલ. કંપની, (૩) રોહિત એન્ડ કું., (૪) સુમિપ કોમ્પોસાઈટ, (૫) હર્ષા એન્જિનિયરીંગ, (૬) ભગુદેવ ફ્લોર મિલ્સ પ્રા.લિ., (૭) આર.આર. પટેલ ગેસીસ પ્રા.લિ., (૮) ડૉ. એચ.જે. ઠક્કર (BHMS), (૯) રોશન સ્ટીલ કંપની, (૧૦) મહાદેવ પલ્સ પ્રા.લિ. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### જાહેર આમંત્રણ



### શુક્રવાર, તા. ૨૬-૦૧-૨૦૨૪ : ધ્વજ વંદન કાર્યક્રમ

*રાષ્ટ્રના ૭૪મા પ્રજાસત્તાક દિન નિમિત્તે શુક્રવાર, તા. ૨૬-૦૧-૨૦૨૪ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં **શ્રી વિલાસ શંકરરાવ બાવીસ્કર**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.*

*ધ્વજવંદન બાદ 'શબ્દ રમત'ના સ્પર્ધકોને મુખ્ય મહેમાનના વરદ્ હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવશે.*

*સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
## પરમકૃપા મેડિકલ સેન્ટર દ્વારા યોજવામાં આવેલ મેડિકલ કેમ્પ

તા. ૨૮-૧૧-૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૧૦થી ૧૨ના સમયગાળા દરમિયાન 'સર્જન હાઉસિંગ સોસાયટી' - ચાંગોદરમાં મેડિકલ સેન્ટર દ્વારા એક કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ સોસાયટીમાં લગભગ ૩૮૦ કુટુંબોનો વસવાટ રહેવા પામેલ છે.

બરાબર સવારે ૧૦ના ટકોરે સોસાયટીના પ્રમુખ શ્રી કિરીટભાઈ, ખજાનચી શ્રી દેવેન્દ્રભાઈ, સમાજના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, સહમંત્રી શ્રી વિશાલ શાહ, મેડિકલ સેન્ટર - ચાંગોદરના એડમિન શ્રી ગિરીશ પોલડિયા, ડૉ. અજયસિંહ વાઘેલા, આઈ સ્પેશિયાલિસ્ટ ડૉ. ચાંદની મોદી, ડૉ. પ્રકૃતિ ખેતાન, ડેન્ટીસ્ટ ડૉ. શાહિલ રાઠોડની હાજરીમાં કેમ્પની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી પ્રમુખશ્રી કિરીટભાઈ અને ખજાનચી શ્રી દેવેન્દ્રભાઈનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.

૬૦ જેટલા સભ્યોએ આ કેમ્પનો લાભ લીધો હતો અને તેમને પરમકૃપા મેડિકલ સેન્ટર અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ હતી અને સુવિધાઓ અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

અંતે શ્રી જયેશભાઈ મજમુદારે કેમ્પની પુર્ણાહૂતિ કરાવેલ હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**



*મેડિકલ કેમ્પ માટે એનરોલમેન્ટ કરાવતા દર્દીઓ*



*પેશન્ટને તપાસતા ડૉ. અજયસિંહ વાઘેલા*



*શ્રી દેવેન્દ્રભાઈ અને શ્રી કિરીટભાઈનું બહુમાન.*
*(ડાબેથી) શ્રી રજનીકાંત પારેખ, શ્રી કિરીટભાઈ, શ્રી દેવેન્દ્રભાઈ અને શ્રી વિશાલ શાહ*

### દરિયો થયાંનો વ્હેમ

જ્યારથી ખોબામાં
દરિયાનું પાણી ભર્યું છે
ત્યારથી ખોબાને
દરિયો થયાંનો
વ્હેમ થઈ ગયો છે!

*દીપક જગતાપ - રાજપીપળા (જિ. નર્મદા)*
**મો. ૯૯૯૮૭ ૯૬૫૨૭**

# વયસ્ક સમિતિ



શ્રી હરપાલસિંહ ઝાલાનું બહુમાન કરતાં.
(ડાબેથી) શ્રી પ્રતાપભાઈ દંડ,
શ્રી હરપાલસિંહ ઝાલા અને શ્રી રજનીકાંત પારેખ



બર્થ ડે ની કેક કાપતા
શ્રીમતી કોકિલાબેન શાહ



બર્થ ડે ની કેક કાપતા
શ્રી દિનેશભાઈ શાહ



બર્થ ડેની કેક કાપતા શ્રી હરખચંદ પોલડિયા.



બર્થ ડેની કેક કાપતા શ્રી દિપક શાહ અને શ્રીમતી બેલાબેન શાહ

તા. ૧-૧૨-૨૦૨૩ને શુક્રવારના રોજ વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો. સૌપ્રથમ કન્વીનર શ્રી દિલીપભાઈ દંડે સૌ વડીલોને આવકાર્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી રજનીકાંત પારેખે જણાવ્યું હતું કે, આજના સમયમાં કુટુંબના તાણાવાણા છિન્નભિન્ન થઈ ગયેલ છે. આપણી પેઢીના લોકો દર વર્ષની જેમ દિવાળીની પૂર્વ તૈયારીઓ કરે છે અને તેના પરિપાકરૂપે ઘરમાં ઘૂઘરા, મઠિયા, મોહનથાળ, ફિણેલા લાડવા વગેરેની સુગંધો પ્રસરી જાય છે. પરંતુ માહોલ એવો બન્યો છે કે હવે કોઈ કોઈના ઘરે જતું નથી - આવતું નથી અને પ્રેમથી બનાવેલા ઘૂઘરા, મઠિયા, મોહનથાળ, ફીણેલા લાડવા વગેરે જેમના તેમ ડબ્બાઓમાં પૂરાઈ રહે છે. એકબીજાને મળવાની ભાવના લુપ્ત થતી જાય છે અને 'સમય નથી'નો સદાબહાર બહાનું અપાતું જાય છે. ત્યારે આપણા જેવા વડીલો માટે આ વયસ્ક સમિતિના સભ્યો જ એકબીજાના સગા અને વહાલા! આપણે જ એકબીજાને મળતા રહેવું પડશે અને જીવનનો આનંદ માણવો પડશે. ત્યારબાદ એક સરસ મજાનો જોક કરીને આજના કાર્યક્રમના મુખ્ય સૂત્રધાર શ્રી હરપાલસિંહ ઝાલાને હાસ્યના સમુદ્રમાં સ્નાન કરાવવા આમંત્રિત કરવામાં આવેલ હતા.

તેમની ઓળખાણ આપતા શ્રી રજનીકાંત પારેખે જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લાના નાના ગામડાંના દરબાર કુટુંબમાં જન્મેલા આ મહાનુભાવે, જૈનો વચ્ચે ઉછરીને જૈન ધર્મના સિદ્ધાંતોને આત્મસાત્ કરેલ છે. તેઓ દૂરદર્શન, ઝી સિનેમા, યુ-ટ્યુબ, જી.ટી.પી.એલ. વગેરે ચેનલો ઉપર તેમજ ઘણી

જગ્યાએ પોતાના કાર્યક્રમથી શ્રોતાઓને હાસ્યના હિલોળા લેતા કરેલ છે.

ત્યારબાદ શ્રી હરપાલસિંહ ઝાલાએ પોતાના આગવા અંદાજમાં હળવી વાતો સાથે સૌ શ્રોતાઓને બરાબર સવા કલાક સુધી જકડી રાખ્યા હતા. તેમના આ સુંદર કાર્યક્રમ બદલ તેઓશ્રીને સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડના હસ્તે પુરસ્કાર આપીને નવાજવામાં આવ્યા હતા.

આજરોજ (૧) શ્રી દીપકભાઈ અમૃતલાલ શાહ અને શ્રીમતી બેલાબેન દીપકભાઈ શાહ, (૨) શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ (કોરડિયા), (૩) શ્રી દિનેશ પ્રેમચંદ શાહ અને (૪) શ્રી હરખચંદ નાનજી શાહ (પોલડિયા)એ કેક કાપીને પોતાની વર્ષગાંઠની ઉજવણી કરેલ હતી અને સૌ વડીલોએ *'તુમ જીયો હજારો સાલ...'*ના ગીતથી વાતાવરણને જીવંત બનાવી દીધેલ હતું.

આ વડીલો તરફથી સ્પોન્સરશિપ તરીકે નીચે મુજબનું અનુદાન પ્રાપ્ત થતાં આ સર્વેનો વયસ્ક સમિતિ વતી શ્રી દિલીપભાઈ દંડે આભાર માન્યો હતો.

*૧. રૂા. ૧૧,૦૦૦/- શ્રી દીપકભાઈ અમૃતલાલ શાહ*
*૨. રૂા. ૫,૦૦૦/- શ્રી દિનેશ પ્રેમચંદ શાહ*
*૩. રૂા. ૫,૦૦૦/- શ્રી હરખચંદ નાનજી શાહ (પોલડિયા)*
*૪. રૂા. ૫,૦૦૦- શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ (કોરડિયા)*

ત્યારબાદ શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિલીપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ સૌની પ્રિય 'હાઉસી રમત' રમાડીને વડીલોને વિવિધ ઇનામોથી નવાજ્યા હતા.

અંતમાં ભાવતા ભોજન કરીને સૌ છૂટા પડ્યા હતા.

**દિલીપ દંડ – કન્વીનર, વયસ્ક સમિતિ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ મેરેજ બ્યુરો સમિતિ ચાલી રહેલ છે. અત્યાર સુધી કોઈપણ જાતના ચાર્જ વગર રજિસ્ટ્રેશન કરી દરેક ઉમેદવારોના બાયોડેટાની વિગત દર ૧૫ દિવસે મોબાઈલ દ્વારા બ્રોડકાસ્ટ કરવામાં આવતી હતી. હવે પછી ટૂંક સમયમાં અપડેટ થયા બાદ ઉમેદવારોની વિગત https://alljainshaadi.com/ વેબસાઈટ ઉપર જોવા મળશે. આપ સૌના સાથ સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

*વધુ વિગત માટે સંપર્ક :*

*ગિરીશ દેઢિયા : મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮*
*અલ્પા ગાલા : મો. ૭૫૬૭૧ ૦૮૯૬૯*

★

રવિવાર, તા. ૮-૧૦-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજના સાંસ્કૃતિક હોલમાં ફ્રેશર્સ "જીવનસાથી પસંદગી સંમેલન" ગોઠવ્યું હતું. જેમાં ૨૮ દીકરીઓએ અને ૮૫ દીકરાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

ટ્રસ્ટીશ્રીઓ, સમિતિના સભ્યો, ઉમેદવારોના વાલીઓ અને વોલન્ટીયર્સ – બધા મળીને ૨૪૦ જણાએ સંમેલનમાં ભાગ લીધો હતો. પ્રસંગની શરૂઆત નવકાર મંત્રથી કરી હતી. પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે સંમેલનને અનુરૂપ પ્રવચન આપીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના મંત્રી શ્રી રજનીકાંત પારેખે સંસ્થાનો પરિચય આપ્યો હતો.

આખા પ્રોગ્રામનું સંચાલન વંદના હિરેન ગડા અને અલ્પા ચિરાગ ગાલાએ કર્યું હતું. દરેક ઉમેદવારોની ટૂંકી માહિતી રસપ્રદ ભાષામાં વંદના ગડા અને અલ્પા ગાલાએ આપેલ હતી. ત્યારબાદ દીકરા દીકરીઓની મીટિંગ કરાવેલ હતી. જેમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. છેવટે ભોજન કરીને સૌ છૂટા પડ્યા હતા.

★

સહર્ષ જણાવવાનું કે મેરેજ બ્યુરો સમિતિના પ્રયાસોથી કચ્છ ગામ કોડાયના કર્ણિકા કમલેશ શામજી લાલનના સુપુત્ર ચિ. કાર્તિકની સગાઈ જખૌના ભાવના દીપક શામજી શાહની સુપુત્રી કુ. માનસી સાથે તા. ૨૬-૧૧-૨૦૨૩ના રોજ થયેલ છે. બંને પરિવારોને શ્રી કચ્છી જૈન સેવા સમાજ ખીર-વધાઈ, અભિનંદનની શુભેચ્છાઓ પાઠવે છે.




**ચેતન દામજી ધરોડ**
**કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૫૧,૦૦૦/- શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્ર શાહ - ગાંધીનગર

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી રેખાબેન રાજેન્દ્રપ્રસાદ - અમદાવાદ
રૂા. ૫,૦૦૧/- શ્રી સુરેન્દ્રભાઈ ઈશ્વરલાલ શાહ
રૂા. ૧,૦૦૦- શ્રી ધર્મેન્દ્ર મોમાયા - કોઈમ્બતુર

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૦૦/- શ્રી મહેન્દ્ર કે. શાહ અને શ્રી છગનલાલ શાહ - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૫૦૦/- શ્રી મહેન્દ્ર કે. શાહ અને શ્રી છગનલાલ શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## સમાજ દર્પણ

### અવસાન નોંધ

- **શુક્રવાર, તા. ૮-૧૨-૨૦૨૩**

આજ રોજ **શ્રીમતી સોનલબેન નિમિષભાઈ ચીમનલાલ વોરા** (ઉં.વ. ૫૪) (અંજાર - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

*પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેડિકલ કાર્ડ ન લઇ જનાર સભ્યોની યાદી

*સવિનય જણાવવાનું કે હજુ સુધી સમાજના કેટલાક સભ્યો, શ્રી કચ્છી જૈન ભવન પર આવીને પોતાના મેડિકલ કાર્ડ લઈ ગયેલ નથી. તેથી આ સાથેના લીસ્ટ મુજબના સભ્યોને જણાવવાનું કે તેઓ વહેલાસર ભવન પર આવીને પોતાના મેડિકલ કાર્ડ મેળવી લે કે જે તેમને તથા તેમના પરિવારને કોઈ પણ પ્રકારની બીમારીના સમયે અત્યંત ઉપયોગી થઈ શકશે.*

***મેડિકલ કાર્ડ ન લઈ ગયેલ સભ્યોનું લીસ્ટ નીચે મુજબ છે.***

| ક્રમ | સભ્યનું નામ | મોબાઈલ |
|---|---|---|
| ૧. | સુનિલભાઈ પ્રેમજી શાહ | ૯૯૮૭૫ ૪૫૬૪૦ |
| ૨. | નિખિલ જયંત શાહ | ૯૩૪૯૪ ૨૯૦૨૯ |
| ૩. | મનીષકુમાર અમૃતલાલ મોરબીયા | ૯૮૭૯૬ ૮૦૦૮૧ |
| ૪. | રૂપલબેન સનતભાઈ શાહ | ૯૩૭૭૦ ૩૦૧૯૨ |
| ૫. | શાલીભદ્ર પ્રભુદાસ સંઘવી | ૯૮૯૮૮ ૩૬૩૭૯ |
| ૬. | તેજસ હંસરાજ લોડાયા | ૯૯૨૫૦ ૧૯૩૩૬ |
| ૭. | આશિષ વાડીલાલ શેઠ | ૯૪૨૯૮ ૨૨૭૨૮ |
| ૮. | ચંદ્રેશ પ્રભુલાલ શાહ | ૯૪૨૭૫ ૨૨૨૩૪ |
| ૯. | ભવ્ય રાજેશ શેઠ | ૯૦૩૩૪ ૦૭૭૪૨ |
| ૧૦. | જયેન્દ્રભાઈ માણેકલાલ મહેતા | ૯૯૨૪૩ ૪૫૯૯૧ |
| ૧૧. | હીરલ મૂલચંદ રતાણી | ૯૭૧૪૭ ૯૮૧૭૭ |
| ૧૨. | દિનેશચંદ્ર હરજીવન મોરબીયા | ૯૯૯૮૯ ૮૦૨૯૧ |
| ૧૩. | હરેશ ધીરજલાલ ઝોટા | ૯૦૩૩૪ ૪૫૪૫૭ |
| ૧૪. | નિખિલ ભોગીલાલ મહેતા | ૯૯૨૪૭ ૧૪૮૯૯ |
| ૧૫. | દિપીકા શૈલેષ નાગડા | ૯૯૭૮૦ ૭૫૨૨૧ |
| ૧૬. | પરેશકુમાર નવીનચંદ્ર દોશી | ૯૮૨૪૪ ૩૯૫૫૫ |
| ૧૭. | પૂજા રાહુલ શાહ | ૯૮૧૯૪ ૬૨૯૭૩ |
| ૧૮. | મુકેશ ઝવેરીલાલ શાહ (શેઠ) | ૭૯૯૦૮ ૮૫૭૬૮ |
| ૧૯. | વિશાલ મહેન્દ્રભાઈ દોશી | ૯૪૨૭૧ ૨૯૭૭૫ |
| ૨૦. | પ્રકાશ જયંતીલાલ મહેતા | ૯૮૯૮૭ ૦૮૫૮૧ |
| ૨૧. | સુરેશભાઈ ચીમનલાલ સંઘવી | ૯૯૭૯૧ ૬૨૯૭૧ |
| ૨૨. | હિતેશ પ્રભુદાસ મહેતા | ૯૮૯૮૩ ૨૭૧૩૩ |
| ૨૩. | ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી | ૯૭૩૭૨ ૬૦૧૧૩ |
| ૨૪. | પ્રદીપભાઈ શાંતિલાલ શાહ | ૯૮૨૫૦ ૩૬૪૬૭ |
| ૨૫. | બિપીન રમણલાલ ગાલા | ૯૯૭૯૮ ૮૦૨૦૧ |
| ૨૬. | આશિષ કેશવલાલ દોશી | ૯૮૨૫૭ ૫૩૫૯૩ |
| ૨૭. | દેવેશ રજનીકાંત વોરા | ૯૦૧૬૭ ૬૬૯૯૧ |
| ૨૮. | અનિલ મધુકાંત શાહ | ૯૭૩૭૬ ૧૨૪૯૪ |
| ૨૯. | કુણાલ હરેશભાઈ વારૈયા | ૯૦૩૩૭ ૫૦૨૮૫ |
| ૩૦. | જયકુમાર સોમચંદ શાહ | ૯૭૨૪૨ ૦૧૮૧૯ |
| ૩૧. | જિતેન્દ્રભાઈ વાડીલાલ મહેતા | ૭૮૭૪૮ ૭૧૧૮૬ |
| ૩૨. | હાર્દિક રજનીકાંત શાહ | ૭૯૮૪૧ ૫૩૫૦૭ |
| ૩૩. | માલાબેન પ્રફુલભાઈ શાહ | ૯૩૭૪૦ ૧૯૭૮૭ |
| ૩૪. | મોનીકા વિનોદચંદ્ર શેઠ | ૯૮૨૫૫ ૪૮૮૧૨ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૦૯-૧૧-૨૦૨૩થી તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| | **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | મહેન્દ્ર મોતીલાલ લાપસીયા | મુંબઈ | ૨૦-૧૧-૨૩ |
| ૨. | હિંમતલાલ જે. વિઠલાણી | મુંબઈ | ૨૦-૧૧-૨૩ |
| ૩. | ચંદ્રા મહેન્દ્ર વિશનજી શાહ | અમદાવાદ | ૨૩-૧૧-૨૩ |
| ૪. | હીરાવંતી હરીશ કુરૂવા | ગાંધીનગર | ૦૯-૧૨-૨૩ |
| ૫. | પરેશગર એસ. ગુસાઈ | આદિપુર | ૧૦-૧૨-૨૩ |
| ૬. | હિમાશું શાંતિલાલ શાહ | સુરત | ૧૨-૧૨-૨૩ |
| | **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | રમણિકલાલ દામજી સાવલા | અમદાવાદ | ૨૩-૧૧-૨૩ |
| ૨. | રમેશચંદ્ર હેમચંદ મહેતા | અમદાવાદ | ૨૭-૧૧-૨૩ |
| ૩. | જગદીશ અજિત મહેતા | અમદાવાદ | ૨૭-૧૧-૨૩ |
| ૪. | હર્ષદભાઈ શાહ | કોલકાતા | ૦૪-૧૨-૨૩ |
| ૫. | જગદીશ ડી. ઠક્કર | મુંબઈ | ૦૬-૧૨-૨૩ |
| | **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ત્ર્યંબકલાલ કરશનજી શેઠ | ગાંધીધામ | ૦૯-૧૨-૨૩ |
| | **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ચિરાગ નવીનચંદ્ર ગાલા | અમદાવાદ | ૨૫-૧૧-૨૩ |
| ૨. | હરખચંદ કુંવરજી ગોસર | સુરેન્દ્રનગર | ૨૭-૧૧-૨૩ |
| ૩. | કિરણ બાબુલાલ વસા | ગાંધીનગર | ૦૧-૧૨-૨૩ |
| ૪. | મુકેશ તલકશી સાવલા | થાણા (વેસ્ટ) | ૦૧-૧૨-૨૩ |
| ૫. | ચંદ્રકાંત અમૃતલાલ શાહ | ગાંધીધામ | ૦૬-૧૨-૨૩ |
| ૬. | ભૂપેન્દ્ર યુ. શાહ | છત્તીસગઢ | ૧૧-૧૨-૨૩ |
| ૭. | પંકજ વલ્લભજી સાવલા | હૈદ્રાબાદ | ૧૧-૧૨-૨૩ |
| ૮. | મિતેશ રમણલાલ લોડાયા | અમદાવાદ | ૧૩-૧૨-૨૩ |
| ૯. | મહેન્દ્ર શાહ | ભુજપુર | ૧૩-૧૨-૨૩ |
| ૧૦. | નરેશ ચુનીલાલ ગડા | ગાંધીનગર | ૧૩-૧૨-૨૩ |
| | **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ભાવેશ રજનીકાંત પારેખ | અમદાવાદ | ૨૩-૧૧-૨૩ |
| ૨. | ચીમન નરપાર પટેલ | નાગપુર | ૨૫-૧૧-૨૩ |
| ૩. | કાંતિલાલ રતિલાલ દોશી | અમદાવાદ | ૨૭-૧૧-૨૩ |
| ૪. | રૂપેશ કાંતિલાલ વેલજી સાવલા | અમદાવાદ | ૨૭-૧૧-૨૩ |
| ૫. | કલ્પેશ મણિલાલ હરિયા | મુંબઈ | ૨૮-૧૧-૨૩ |
| ૬. | કીર્તિ મોરારજી વોરા | અમદાવાદ | ૨૯-૧૧-૨૩ |
| ૭. | પ્રકાશ કેશવલાલ ગાંધી | ભુજ | ૩૦-૧૧-૨૩ |
| ૮. | વિનોદકુમાર ખીમજી મોરબીયા | અમદાવાદ | ૦૪-૧૨-૨૩ |
| ૯. | પ્રેમચંદ મોતા | કોલકાતા | ૦૪-૧૨-૨૩ |
| ૧૦. | હસમુખ ઉગરચંદ ગઢેચા | અમદાવાદ | ૦૫-૧૨-૨૩ |
| ૧૧. | ઉષાબેન રોહિતભાઈ પરીખ | અમદાવાદ | ૦૫-૧૨-૨૩ |
| ૧૨. | હિંમતલાલ મણિલાલ ગરમાણિયા | અમદાવાદ | ૦૭-૧૨-૨૩ |
| ૧૩. | જિતેન્દ્ર તલકશી મહેતા | અમદાવાદ | ૦૮-૧૨-૨૩ |
| ૧૪. | કીર્તિ શાંતિલાલ શાહ | અમદાવાદ | ૧૧-૧૨-૨૩ |
| ૧૫. | સંજય આર. મહેતા | ગાંધીધામ | ૧૧-૧૨-૨૩ |
| ૧૬. | મહેન્દ્ર દામજી છેડા | અમદાવાદ | ૧૨-૧૨-૨૩ |
| ૧૭. | વિશનજી રતનશી સાવલા | મુંબઈ | ૧૫-૧૨-૨૩ |

*મોટા માણસો સાથે સંબંધ જરૂર રાખો, પણ નાના માણસોને ક્યારેય ન ભૂલો,*
*કેમ કે અંતિમ સમયમાં એ લોકો જ ચાલીને કાંધ આપે છે,*
*મોટા માણસો તો કારમાં સીધા સ્મશાન ઘાટ પર જ પહોંચે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વસ્તીપત્રક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અમદાવાદ સ્થિત કચ્છી જૈનોનું વસ્તીપત્રક છેલ્લે વર્ષ ૨૦૧૨માં બહાર પાડેલ હતું કે જેને આજે ૧૦ વર્ષથી પણ વધુ સમય પસાર થઈ ગયેલ છે. આ ૧૦ વર્ષના ગાળામાં અનેક નવા પરિવારો અમદાવાદમાં આવીને વસવાટ કરવા લાગ્યા છે કે જ્યારે કેટલાક પરિવારોએ પોતાના સંજોગોવશાત અમદાવાદ છોડીને અન્યત્ર વસવાટ શરૂ કરેલ છે. તદુપરાંત અનેક પરિવારોમાં પણ સારા એવા પ્રમાણમાં ફેરફાર થયેલ છે.

આ બધા સંજોગોને લક્ષમાં રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિએ અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોનું નવું વસ્તીપત્રક બનાવવાનું નક્કી કરેલ છે. હાલે અમદાવાદમાં લગભગ ૧૨૦૦ની આસપાસની સંખ્યામાં કચ્છી જૈન પરિવારો વસવાટ કરી રહેલ છે.

આ નવું વસ્તીપત્રક બનાવવા માટે તે અંગેના દરેક પરિવારના ફોર્મ ભરાવવાની શરૂઆત માર્ચ-૨૦૨૩થી કરી દેવામાં આવેલ છે. આ ફોર્મ ભરાવવાની સ્વૈચ્છિક જવાબદારી બહેનશ્રી લીલાબેન વીસરીયાએ એ સમયે સ્વિકારી, પરિવારોના ઘેર ઘેર પોતાની ટીમના સભ્યોને મોકલી, વધુને વધુ ફોર્મ એકત્રિત કરવા માટે અથાગ શ્રમ અને મહેનતના ફળ સ્વરૂપ આપણે અંદાજિત ૮૦૦ ફોર્મ મેળવી શકેલ છીએ. આ માટે આપણે બહેનશ્રી લીલાબેન વીસરીયા અને તેમની ટીમના સભ્યોના ખૂબ ખૂબ આભારી છીએ.

હજુ પણ અંદાજિત ૪૦૦ જેટલા ફોર્મ એકત્રિત કરવાના બાકી રહે છે કે જે માટે એક તરફ લીલાબેનની ટીમના સભ્યો ઘેર ઘેર ફરી રહ્યા છે અને બીજી તરફ સમાજની ઓફિસ પરથી જેમના ફોર્મ ભરાઈને નથી આવ્યા તે પરિવારોનો ફોન પર સંપર્ક સાધી તેઓના ફોર્મ મંગાવવામાં આવી રહ્યા છે.

'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૨૪ના અંકમાં આ ફોર્મ ફરીથી પ્રસારીત કરવામાં આવી રહેલ છે. જે સભ્યોએ અત્યાર સુધી પોતાના ફોર્મ ન ભર્યા હોય તેઓને આ ફોર્મ ભરી તાત્કાલિક શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

વસ્તીપત્રકમાં પ્રસારીત કરવાની જાહેરાતના દરો પણ આ ફોર્મની પાછળના ભાગે ફરીથી પ્રસારીત કરવામાં આવેલ છે. સમાજના વિવિધ વિભાગના વ્યવસાયકારો તથા વિવિધ પ્રકારના ઔદ્યોગિક એકમોના માલીકો માટે તેમના એકમની જાહેરાત કરવા માટે આ એક ઉત્તમ સાધન બની રહેલ હોવાથી તેઓ પણ આ તક ઝડપી લેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જાહેરાતો આપવા માટે સમાજના મંત્રી શ્રી રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર**
**વસ્તીપત્રક સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કહ્યા વગર જે બધું જ કહી જાય છે,*
*કસૂર વગર જે બધું જ સહન કરી લે છે,*
*દૂર રહીને પણ જે પોતાની ફરજ નિભાવે છે.*
*એ સંબંધો જ ખરેખર સાચા સંબંધો કહેવાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અમદાવાદ – ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોએ વસ્તીપત્રક-૨૦૨૪ માટે ભરવાનું ફોર્મ

પરિવારની મુખ્ય વ્યક્તિનું નામ : ____________________

(નામ) (પિતા/પતિનું નામ) (દાદાનું નામ) (અટક)

રહેઠાણનું સરનામું : ____________________

____________________

મુખ્ય વ્યક્તિના વ્યવસાયનું સરનામું : ____________________

____________________

જ્ઞાતિ : (જરૂરી સ્થળે ✓ ટીક માર્ક કરો) ☐ વીસા ઓસવાળ ☐ દશા ઓસવાળ ☐ વીસા ગુર્જર ☐ દશા ગુર્જર ☐ સાત ચોવીસી ☐ બે ચોવીસી

અમદાવાદમાં વસવાટ : વર્ષ __________ થી ■ કચ્છમાં ગામ : __________ તાલુકો : __________

**મુખ્ય વ્યક્તિ તથા પરિવારના અન્ય સભ્યોના નામ અને વિગત :**

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | જન્મ તારીખ | વૈવાહિક સ્થિતિ | અભ્યાસ | વ્યવસાય |
|---|---|---|---|---|---|---|---|
| | | | પોતે | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

પરિવારની અન્ય વ્યક્તિઓના વ્યવસાયની વિગત :

(૧) ____________________

(૨) ____________________

## જાહેરાતના દર

આ વસ્તીપત્રકમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતોના દર નીચે મુજબ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | જાહેરાતનું પાનું | વસ્તીપત્રક ભાગ-૧ પરની જાહેરાતના દર | વસ્તીપત્રક ભાગ-૨ પરની જાહેરાતના દર |
|---|---|---|---|
| | **મલ્ટીકલર જાહેરાત** | | |
| ૧. | કવર પેજ નં.-૪ | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- |
| ૨. | કવર પેજ નં.-૨ (આખુ પાનું) | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ૩. | કવર પેજ નં.-૨ (અડધું પાનું) | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| ૪. | કવર પેજ નં.-૩ (આખુ પાનું) | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ૫. | કવર પેજ નં.-૩ (અડધું પાનું) | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| ૬. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (આખું પાનું) | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| ૭. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (અડધું પાનું) | રૂા. ૮,૦૦૦/- | રૂા. ૮,૦૦૦/- |
| ૮. | અંદરનું આખું પાનું | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| ૯. | અંદરનું અડધું પાનું | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- |
| | **બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત** | | |
| ૧૦. | અંદરનું આખું પાનું | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૪,૦૦૦/- |
| ૧૧. | અંદરનું અડધું પાનું | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૨,૫૦૦/- |

આ વસ્તી પત્રકની અંદાજિત ૧૨૦૦ કોપી પ્રસારિત કરવામાં આવનાર છે અને તે આવતા અનેક વર્ષો સુધી સમાજના સભ્યો તથા અન્ય લોકોને કામ લાગી શકશે.

દરેક પરિવાર દીઠ આ વસ્તી પત્રકની બંને ભાગની એક-એક કોપી વિના મૂલ્યે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી આપવામાં આવશે. વધારાની દરેક કોપી દીઠ રૂા. ૧,૦૦૦/- (બંને ભાગના) અલગથી લેવામાં આવશે.

જ્યારે આ સમિતિના સભ્યો દ્વારા આપશ્રીનો જાહેરાત માટે સંપર્ક સાધવામાં આવે ત્યારે તેઓને યોગ્ય પ્રતિસાદ સાથે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર**
**વસ્તીપત્રક સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# ગૂર્જરનો તદ્દન નવો વૈવિધ્યપૂર્ણ ગ્રંથ-ઉપહાર

**ત્રીજો ભવ**

લે. ઊર્મિલા પાલેજા, કિં. 260

અન્ય પ્રદેશના પરિવેશની વાસ્તવિકતાના ચિત્રણ માટે જે-તે પ્રદેશનું ભૌગોલિક અને સાંસ્કૃતિક પર્યાવરણ અને તેની સમસ્યા અંગેનું સંશોધન જરૂરી છે. આ નવલકથાની પ્રવાહી શૈલી સરળ અને પ્રાસાદિક છે. આમતેમ ક્યાંય ન ખોડંગાતો વાર્તાપ્રવાહ વાચકને અંત સુધી લઈ જાય છે.

**ખોરડું**

લે. સુધીરભાઈ મહેતા, કિં. 175

સમાજમાં બદલાતા સમય સાથે નવા જમાનાનું ઘણું બધું આવ્યું છે. અડધી સદી પહેલાંના લોકજીવન અને આજના લોકજીવન વચ્ચે બહુ મોટો તફાવત છે. આ પુસ્તકની કુલ ૩૦ વાર્તાઓમાં પ્રેરણાત્મક, સકારાત્મક વિચાર અને અભિગમ જોવા મળે છે.

**ઠોઠિયો**

લે. પ્રયતકર કે. કાનડિયા, કિં. 150

પર્વત અને જંગલને પ્રેમ કરનારો એક ઠોઠ નિશાળિયો સખત ભટક્યા કરે છે. એના પિતાના અને પ્રેમિકાના શબ્દોએ એના જીવનમાં ભારે પરિવર્તન લાવી દીધું. એ 'ઠોઠિયો' સંઘર્ષમાંથી પસાર થઈને સમાજમાં એટલી હદે સ્વીકૃત બન્યો કે સૌ વિસ્મયમુગ્ધ થઈ ગયાં. વાંચવા અને માણવા જેવી રસપ્રદ લઘુનવલ.

**ગોડ બ્લેસ યૂ**

લે. મનીષા રાઠોડ, કિં. 220

સંઘર્ષ અને સંવેદના વચ્ચે ઝૂલતી 21 વાર્તાઓનો આ સંગ્રહ છે. આ પુસ્તકની તમામ વાર્તાઓ વિવિધ વાર્તાસ્પર્ધાઓમાં પુરસ્કૃત થયેલી છે. લેખિકા પાસે મજબૂત ભાષા અને અનોખું કથાવસ્તુ છે.

**યથા મે મતિ**

લે. વિજય શાસ્ત્રી, કિં. ૧૮૦

નવલિકા, નવલકથા, હાસ્યસાહિત્ય વગેરે સ્વરૂપનાં પુસ્તકોનું આસ્વાદલક્ષી વિવેચન ઉપરાંત વિદેશી સર્જકોના સર્જન વિશેનું વિવેચન આ પુસ્તકમાં છે.

**નાભિનાળ**

લે. ભગીરથ બ્રહ્મભટ્ટ, કિં.180

માણસ પોતાના વતનથી ગમે તેટલો દૂર રહેવા જાય, છતાં વતન સાથેનું અનુસંધાન ક્યારેય છૂટતું નથી. કારણ કે પોતાના મૂળ સાથેનું એમાં મનગમતું જોડાણ હોય છે. આ પુસ્તકમાં સર્જકતાથી તરબતર 35 લલિત નિબંધો રજૂ થયા છે.

**લોકસંસ્કૃતિ અને કલામાં પશુઓ**

લે. જોરાવરસિંહ જાદવ, કિં. 1100

ભારતીય લોકજીવન સાથે વિવિધ પશુઓનું અનુસંધાન કેવી કેવી રીતે જોડાયેલું છે અને એનો સાંસ્કૃતિક મહિમા વ્યક્ત કરતો સચિત્ર ગ્રંથ.

**ગુજરાતનાં ભીંતચિત્રો**

લે. જોરાવરસિંહ જાદવ, કિં. 800

આ ગ્રંથમાં મુખ્યત્વે ગુજરાતનાં અને સાથે-સાથે ભારતીય શૈલીની વિવિધ ભીંતચિત્ર-પરંપરાનો સર્વાંગી પરિચય આપવામાં આવ્યો છે.

**હિમાલયમાં તીર્થ-દર્શન**

લે. ભાણદેવ, કિં. 330

વૈવિધ્યસમૃદ્ધ હિમાલયનાં વિવિધ તીર્થોની યાત્રા કરાવતું આ પુસ્તક ચારધામની યાત્રાથી શરૂ થઈને દેવપ્રયાગ અને તારાદેવી સુધી પહોંચે છે.

**હિમાલયનાં વિરલ તીર્થો**

લે. ભાણદેવ, કિં. 400

આસ્થા અને અધ્યાત્મના અનોખા સંગમરૂપ આ ગ્રંથમાં હિમાલયનાં વિવિધ તીર્થોનો પરિચય-સ્પર્શ છે. ભારતીય હિમાલય ઉપરાંત નેપાળ અને તિબેટમાં આવેલા હિમાલયનાં કેટલાંક તીર્થોનો પણ એમાં પરિચય-સ્પર્શ છે.

**કામ, પ્રેમ અને સૌંદર્ય**

લે. ભાણદેવ, કિં. 130

કામ, પ્રેમ અને સૌંદર્ય : આ ત્રણે બાબતો માનવજીવન સાથે જડબેસલાક સંકળાયેલી છે. આ પુસ્તકમાં આ ત્રણેય વિષયોનું મનનીય અને છલોછલ ચિંતનપાથેય રજૂ થયું છે.

**યોગી અરવિંદ**

લે. રાજેન્દ્ર મોહન ભટનગર,

અનુ. કાશ્યપી મહા, કિં. 600

મહર્ષિ યોગી અરવિંદના જીવન-આધારિત નવલકથા લખીને એમણે વાચકોને ન્યાલ કર્યા. તમે શ્રી અરવિંદ વિશે ગમે તેટલું વાંચ્યું હશે છતાં, આ નવલકથા વાંચવાનો આનંદ અનોખો બની રહેશે.

**ભજવીએ બાળનાટકો**

લે. વિજય સેવક, કિં. 100

પાંચથી આઠ વર્ષનાં બાળકો ભજવી શકે એવાં બે બાળનાટકો આ પુસ્તકમાં છે. એમાં બાળકોને ગમે એવાં ગીતો અને પાત્રનિરૂપણ હોવાથી પરોક્ષ રીતે મનોરંજનની સાથેસાથે શિક્ષણ પણ મળતું રહે છે.

**આન, બાન ઓર શાન; ભારત કી સંતાન**

લે. વિજય સેવક, કિં. 60

8થી 15 વર્ષની ઉંમરના કિશોરો ભજવી શકે તેવું આ રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપતું અનોખું બાળનાટક છે.

**માનસ-દર્શન**

લે. મોરારિ બાપુ, કિં. 270

માનવજીવનને તાજગી આપતા સાંસ્કૃતિક ચિંતનના 50 લેખો આ પુસ્તકમાં છે.

**પ્રેરણા-પ્રકૃતિ 1**

લે. જિતુ 'તિરુપતિ', કિં. 130

હનુમાન ચાલીસાની જેમ, વિવિધ વૃક્ષોનો મહિમા કરીને, લગભગ 40 જેટલાં વૃક્ષોનો પરિચય આપતી પંક્તિઓ આ પુસ્તકની વિશેષતા છે.

**બાઈનોક્યુલર**

લે. કુમાર જૈમિનિ શાસ્ત્રી, કિં. 170

સાહિત્ય, સંસ્કૃતિ અને પ્રકૃતિને કેન્દ્રમાં રાખીને મુક્ત વિચારલીલા વ્યક્ત કરતા 29 લેખો છે. એમાં ઉપરાંત કેટલાક તહેવારોની તાજગી આપતા લેખો પણ છે.

**ઘનશ્યામ દેસાઈનો વાર્તાવૈભવ**

સંપા. શરીફા વીજળીવાળા, કિં. 160

પોતાના પૂર્વસૂરિઓ અને સમકાલીનોથી ચીલો ચાતરીને પોતીકી કેડી કંડારી સર્જન કરનાર, ઘનશ્યામ દેસાઈની 19 વાર્તાઓ.

**દિલની વાત, દિલથી !**

લે. વિનયગિરિ ગોસાઈ કિં. 200

આ પુસ્તકમાં હળવી શૈલીના 55 લેખો છે. બધા જ વિષયો જાણીતા હોવા છતાં એનું ચિંતન સાવ નોખું અને અનોખું છે.

## પુનઃ મુદ્રાણો

**કેલિડોસ્કોપ ભાગ ૧-૨**

લે. મોહમ્મદ માંકડ, કિં. 360

માનવજીવનનું અમૃતમંથન કરીને, અનમોલ માર્ગદર્શન આપતા લેખોનો સંગ્રહ.

**ઘડતર અને ચણતર**

લે નાનાભાઈ ભટ્ટ, કિં. 380

કેળવણીકાર નાનાભાઈ ભટ્ટની અનુભવ-કથાઓ સહિતની સુગંધિત સ્મરણયાત્રા.

**સુખોપનિષદ**

લે. ડૉ. સુધીર વી. શાહ, કિં. 200

વિજ્ઞાન, વ્યવહાર, નીતિ, સમાજ, ધર્મદર્શન અને અધ્યાત્મની દ્રષ્ટિએ સુખપ્રાપ્તિના માર્ગો વિશે ચિંતન રજૂ કરતા આ પુસ્તકની એક મહિનામાં જ બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે.


ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઈ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

With Best Compliments From
Sathwara Construction
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE





મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month





વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
**850** + શાખા
વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
**1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
ISO **9001 : 2015** એક્રેડિટેશન
**3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**